## પ્રકરણ : ત્રણ

# પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકો

આ પ્રકરણમાં 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકો'ની ચર્ચા કરી છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાંથી પ્રાપ્ત થતાં કથાઘટકો ભારતીય કથાસાહિત્યના વિવિધ કથાનકોમાં પ્રાપ્ત થાય છે. આ વિધવિધ કથાઘટકોની મૂલવણી, તારવણી અને સામ્યમૂલક અભ્યાસ કરવાનું મને અહીં અભિપ્રેત છે.

પ્રેમાનંદે ભારતીય કથાપરંપરામાંથી કથાનકો લઈને ઘણાં આખ્યાનોની રચના કરી છે. આ કથાનકોમાં તેમણે પોતાની અપૂર્વ પ્રતિભા વડે રસાત્મક કથાનિરૂપણ કર્યું છે, જેથી લોકોને એ સાંભળવામાં ખૂબ રસ આવતો હશે અને મઝા પડતી હશે. પ્રેમાનંદ કથાની માંડણી એ રીતે કરે છે કે જાણે એ કથાપ્રસંગો આપણી સામે ભજવાતા હોય એટલા જીવંત લાગે. આવું પ્રત્યક્ષીકરણ એ પ્રેમાનંદની આખ્યાનકળાનો મોટો ગુણ છે. પ્રેમાનંદ પોતાના આખ્યાનોમાં એક કરતા વધારે રસ જેવા કે કરુણરસ, હાસ્યરસ, શૃગાંરરસ દ્વારા શ્રોતાઓને રસતરબોળ કરી દેતા. જેની પ્રતીતિ તેમનાં

આખ્યાનોમાંથી પસાર થઈએ ત્યારે થાય છે. એથી જ પ્રેમાનંદ આખ્યાન શિરોમણિ ગણાય છે. પ્રેમાનંદ માટે કહેવાયું છે કે "આખ્યાન કવિતાનો આનંદ એટલે રસકવિ પ્રેમાનંદ[૧]." પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનું કથાસ્રોતની દ્દષ્ટિએ નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય છે.

- **શ્રીમદ્ ભાગવત પર આધારિત**

  ઓખાહરણ (ઇ.સ. ૧૬૬૭)

  સુદામાચરિત્ર (ઇ.સ. ૧૬૬૨)

  દશમસ્કંધ

- **મહાભારત પર આધારિત**

  ચંદ્રહાસ આખ્યાન (ઇ.સ. ૧૬૭૧)

  અભિમન્યુ આખ્યાન (ઇ.સ. ૧૬૭૨)

  સુધન્વા આખ્યાન (ઇ.સ. ૧૬૮૪)

  નળાખ્યાન (ઇ.સ. ૧૬૮૬)

- **નરસિંહ મહેતાના જીવન પર આધારિત**

  હૂંડી (ઇ.સ. ૧૬૭૭)

  મામેરું (ઇ.સ. ૧૬૮૩)

---

૧ પ્રેમાનંદને પગલે પગલે અંતર્ગત, એક એક-પે અદકાં-આખ્યાન-મોતી, એ લેખ., રાજેશ પંડ્યા, પૃ.૩, મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ સમિતિ, વડોદરા, ૨૦૧૫

- **માર્કણ્ડેય પુરાણ પર આધારિત**

મદાલસા આખ્યાન (ઇ.સ. ૧૬૭૨)

- **રામાયણ પર આધારિત**

રણયજ્ઞ (ઇ.સ. ૧૬૯૦)

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકોમાંથી પસંદગીનાં કથાઘટકો આગળનાં પ્રકરણમાં તપાસ્યાં. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાંય ઘણાં કથાઘટકો પ્રયોજાયાં છે. આ કથાઘટકો નીચે પ્રમાણે છે :

- **અગ્નિદિવ્ય**
- **અનુરાગબીજ અથવા અનુરાગનો ઉદ્ગમ**
- **આકાશવાણી**
- **આળ :- ચોરીનું આળ, ડાકણનું આળ, બળાત્કારનું આળ/વ્યભિચારિણીનું**
- **કસોટીઓ :- ચારિત્ર્યઅંગેની, બુદ્ધિચાતુર્યની, લગ્નઅંગેની, સતીત્વ-શીલની**
- **ગર્ભમાં સંવાદ**
- **છૂપું લગ્ન કે છૂપું મિલન(તેનાં અંગલક્ષણ-દેહચિહ્નો)**
- **દૂતકાર્ય-હંસદૂત**
- **દેશવટો કે ગૃહત્યાગ**
- **નજરકેદ**
- **નાયક કે નાયિકાનું અપહરણ**
- **પ્રિયજનના મેળાપની યુક્તિ**

- **પૂર્વભવની સ્મૃતિ**
- **પ્રભુની ભક્તને સહાય**
- **બુદ્ધિચાતુર્ય**
- **ભવિષ્યવાણી**
- **મહેણું**
- **મૃત-સંજીવન**
- **યુધ્ધે વિઘ્નમુક્તિ**
- **રાજકુમારનો અન્યત્ર ઉછેર**
- **રાજાજ્ઞા ભંગ થતાં સજા**
- **રૂપધારણ (વેશપલટો)**
- **રૂપપરિવર્તન**
- **વિશિષ્ટ પદાર્થ : શાલિગ્રામ**
- **વિશિષ્ટ શક્તિ ધરાવનાર**
- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓ**
- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવું**
- **શિકાર વખતે ઘોડાનું માર્ગ ભૂલવું**
- **સતીત્વની રક્ષા માટેનું સ્ત્રી ચાતુર્ય**
- **સહાયક થતું પ્રાણી**
- **સ્વપ્નમાં ભાવિ સંકેત**

હવે ઉપરોક્ત કથાઘટકો વિશે વિગતે વાત કરીએ.

- **અગ્નિદિવ્યનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદકૃત 'મામેરું' અને 'સુધન્વા આખ્યાન'માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. 'મામેરું' માં નરસિંહને સ્નાન કરવા ઉષ્ણોદક અપાય છે ત્યારે નરસિંહ સતના પ્રભાવે વરસાદ વરસાવે છે. 'સુધન્વા આખ્યાન'માં સુધન્વા ગરમ ગરમ ઉકળતા તેલમાં સતના પ્રભાવે બચે છે.

[મામેરુ, કડવું : ૯; સુધન્વા આખ્યાન, કડવું : ૧૨]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'અગ્નિદિવ્ય'નું કથાઘટક મોટેભાગે ભક્તની કસોટી, સત્યની કસોટી કે પછી પોતાના પર જે આરોપ લાગ્યો છે એ જુઠ્ઠો છે એ સાબિત કરવા પ્રયોજાય છે. આ કથાઘટકમાં અગ્નિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે ઊકળતુ તેલ, ઊકળતું પાણી, ગરમ લોહસ્તંભ વગેરે. આ કથાઘટકમાં ભક્ત કસોટીમાથી પાર ઉતરે છે, તો જેના પર આરોપ લાગ્યો છે એ જુઠ્ઠો છે એવું સાબિત થાય છે.

**૩. અન્ય કૃતિઓમાં અગ્નિદિવ્યનું કથાઘટક**

૩.૧. 'રોમસીતમાની વારતા'[૨]માં 'અગ્નિદિવ્ય'નું કથાઘટક આલેખાયું છે. કૈકયી વાસુકીને જણાવે છે કે તમારા મિત્રએ મારા પર બળાત્કાર કર્યો છે. દશરથ જાણે છે કે તેના પર જુઠ્ઠો આરોપ લાગ્યો છે. દશરથ રાજાના સતનાં પારખાં કરવાં પંચો ભરાય છે. પંચોએ નક્કી કર્યા મુજબ 'ધીઝ' થાય છે. દશરથ પંચો રૂબરૂ ધખધખતા સ્તંભને બાથમાં લઈ લે છે ને તેને ભેટે છે. આ જોઈ સૌ આશ્ચર્ય પામે છે. ધખધખતો સ્તંભ રાજાને દઝાડી પણ શકતો નથી. વાસુકિ રાજા આ 'ધીઝ'ને સ્વીકારતો નથી. આથી વાસુકિ એક ઢોલની ચારેબાજુ અને વચ્ચે આગની પ્રચંડ જ્વાળાઓ પ્રગટાવે છે. આવા અગ્નિ બની ગયેલાં ઢોલમાંથી દશરથ રાજાને નીકળવાનો આદેશ આપવામાં આવે છે. દશરથ રાજા એ અગ્નિમાંથી પણ પસાર થઈ જાય છે. એ પછી વાસુકિ પથ્થરનો ચુલો બનાવડાવે છે.

૨ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), સં. ડો. ભગવાનદાસ પટેલ, પૃ.૨૪

તેના પર એક મોટો ગોળો મૂકાવડાવે છે. દશરથ રાજાને એ ગોળાની અંદર બેસાડીને તેનું મુખ બંધ કરી દેવામાં આવે છે. ત્યારબાદ એ ગોળાને ખૂબ જ તપાવવામાં આવે છે. તપેલો ગોળો ફૂટે છે. રાજા તેમાં હેમખેમ હોય છે. જેથી વાસુકિને સાચી વાતનું ભાન થાય છે કે મારી રાણીએ દશરથ પર ખોટો આરોપ મૂક્યો છે.

૩.૨. 'પ્રહ્લાદ આખ્યાન'[૩]માં 'અગ્નિદિવ્ય'નું કથાઘટક પ્રયોજાયું છે. પ્રહ્લાદ વિષ્ણુભક્ત છે. તે હંમેશા હરિના નામનું રટણ કર્યા કરે છે. તેથી અસુર પિતા હિરણ્યકશ્યપ ક્રોધિત થાય છે. પ્રહ્લાદને મારવાનાં અનેક પ્રયત્નો કરે છે. પરંતુ, પ્રહ્લાદ એ ઘાતમાથી બચી જાય છે. પ્રહ્લાદ પિતાને પણ વિષ્ણુનું રટણ કરવાનું કહે છે. જેથી હિરણ્યકશ્યપ એક ધગધગતો થાંભલો તૈયાર કરાવે છે, ને પ્રહ્લાદને કહે છે કે જો આ ધગધગતા થાંભલામાં તારા ભગવાન હોય તો તું એને બાથ ભર. જ્યારે પ્રહ્લાદ ગરમ થાંભલાને બાથ ભરે છે ત્યારે થાંભલો ફાટે છે ને તેમાંથી ભગવાન નરસિંહ પ્રગટ થાય છે.  શ્રીમદ્ ભગવતના મૂળ કથાનકમાં આ કથાઘટક પ્રયોજાયું છે. આમ, અહીં 'અગ્નિદિવ્ય'નાં કથાઘટક વડે ભક્તની કસોટી આલેખાઈ છે.

૩.૩. 'ચનૈની'[૪]માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. એકવાર મંજરી દહીં વેચવા જાય છે. તે લોરિકને જ દહીં આપે છે. તેને માલૂમ નથી કે લોરિક ત્યાં જ છે. એક તંબુ પર તે લોરિકનાં ઢાલ-તલવાર જૂએ છે, જેથી તેને લાગે છે કે પોતાનાં પતિની હત્યા થઈ છે. આથી મંજરી ચક્કર ખાઇને પડે છે. જ્યારે અંદર રહેલો લોરિક તેને વાઇ આવી હતી એમ પૂછે છે ત્યારે તે ચક્કરનું કારણ જણાવે છે. મંજરી સૂર્યદેવને પ્રાર્થના કરતાં કહે છે : 'જો મારા શરીરમાં સત હોય તો મારી સાડીના પાલવમાંથી અગ્નિ પ્રગટ થાય'. એ જ સમયે મંજરીનાં પાલવમાંથી અગ્નિ પ્રગટ થાય છે. આ રીતે 'અગ્નિદિવ્ય' દ્વારા 'સતની કસોટી' આલેખાઈ છે.

---

૩ બૃહત્ કાવ્યદોહન કથામૂલક : ભાગ-૩, ખંડ-૨, પૃ.૧૧૯૯
૪ ચનૈની : કૃતિનિષ્ઠ અભ્યાસ, ડૉ.હસુ યાજ્ઞિક, પૃ.૨૧૩

- **અનુરાગબીજ અથવા અનુરાગના ઉદ્ગમનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

એક દિવસ નારદમુનિ નળની પાસે આવે છે. નારદ નળની સમક્ષ દમયંતીના સૌંદર્ય અને ગુણની પ્રશંસા કરે છે. જેથી નળને દમયંતીની માયા લાગે છે ને તે દમયંતીના પ્રેમમાં પડે છે. તો બીજી તરફ હંસ દમયંતી પાસે જાય છે ને તેની સામે નળ રાજાના સૌંદર્ય અને ગુણની પ્રશંસા કરે છે. આ રીતે 'નળાખ્યાન' માં સૌંદર્યશ્રવણે અને ગુણશ્રવણે નળને દમયંતી પ્રત્યે અને દમયંતીને નળ પ્રત્યે અનુરાગનો ઉદ્ગમ થાય છે.

[નળાખ્યાન, કડવું : ૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'અનુરાગબીજ'માં કેટલાંક નિમિત્તો મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય છે. જેમકે અભ્યાસ નિમિત્તે પ્રેમ, વેપારઅર્થે પ્રેમ, યાત્રાનિમિત્તે પ્રેમ, મૃગયાઅર્થે પ્રેમ, દેવદર્શન નિમિત્તે પ્રેમ, ચિત્રદર્શન નિમિત્તે પ્રેમ, સ્વપ્નદર્શન નિમિત્તે પ્રેમ, સૌંદર્ય, ગુણ કે સંગીતશ્રવણ નિમિત્તે પ્રેમ વગેરે. પ્રેમના નિર્માણમાં આ જુદાં-જુદાં નિમિત્તો મદદરૂપ થતાં હોય છે. જેમકે દુષ્યન્ત-શકુન્તલાના કથાનકમાં 'અનુરાગ બીજ'માં મૃગયા નિમિત્ત બને છે.

**૩. અન્ય કૃતિઓમાં અનુરાગબીજનું કથાઘટક**

૩.૧. 'રૂપસેન ચતુષ્પદિકા'[૫] માં સૌંદર્યદર્શન નિમિત્તે 'અનુરાગનો ઉદ્ભવ' થાય છે. એકવાર રૂપસેન ગૃહત્યાગ કરીને કણયાપુર નગરીમાં આવી પહોંચે છે. માલણને ત્યાં આવીને તેને કનકાવતીની માહિતી પ્રાપ્ત થાય છે. જેથી પવનપાવડીની મદદથી તે કનકાવતીના મહેલમાં જાય છે. કનકાવતી રૂપસેનના અપૂર્વ રૂપ જોઇને તેના પર મોહી પડે છે.

૫ શિવદાસકૃત રૂપસેન ચતુષ્પદિકા, કનુભાઇ શેઠ, ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, જુલાઇ-સપ્ટેમ્બર, ૧૯૬૮, પૃ.૨૪

૩.૨. 'રૂપાવતી'[૬] પદ્યવાર્તામાં રૂપાવતીને ભણાવવાં ગુરુ રાખવામાં આવે છે. રૂપાવતીને ગુરુની પોથીમાંથી કેટલીક સમસ્યાઓ લખેલી ચિઠ્ઠી મળી આવે છે. આ ચિઠ્ઠીઓ ગુરુપુત્ર શોભાસિંધુએ જ મૂકી હશે એવું રૂપાવતી વિચારે છે. અહીં ગુરુપુત્ર અને રૂપાવતી અભ્યાસ નિમિત્તે એકબીજાના પ્રેમમાં પડે છે.

૩.૩. 'હંસાવલીની કથા'[૭] માં 'અનુરાગબીજ' ચિત્રદર્શન અને ગાથા દ્વારા થાય છે. હંસાવલી કમલાકરનાં ચિત્રદર્શન નિમિત્તે પ્રેમમાં પડે છે. જ્યારે કમલાકર એક ગાથા સાંભળે છે : 'કમળોને પ્રાપ્ત કરીને જેનો ઉત્સવ થાય છે અને જેની આસપાસ ગુંજતાં પક્ષીઓનું સમૂહગાન થયાં કરે છે, તે કમલાકરને મેળવ્યા વિના હંસાવલી કેવી રીતે સુખી થઇ શકે ?' આવી ગાથા સાંભળીને કમલાકરના હૃદયમાં હંસાવલી પ્રવેશી જાય છે.

૩.૪. 'લાખો ફૂલાણી અને જસમા ઓડણ'[૮] લોકકથામાં 'અનુરાગનો ઉદ્દગમ' સંગીત શ્રવણે થાય છે. એકવાર લાખો ફૂલાણી ગજણસર ગામે આવી પહોંચે છે. અહીં ઓડ લોકો તળાવનું ખોદકામ કરી રહ્યા હોય છે. ત્યારે સૌ ઓડ લાખાને રાસડા નિહાળવા માટે આમંત્રણ આપે છે. એ સમયે જસમા ઓડણ સંગીતના તાલે નૃત્ય કરતી હોય છે. ઢોલના તાલે પગના ઠેકડા મિલાવતી જસમા પર લાખો મોહી પડે છે.

૩.૫. 'સોનલ સોઢી'[૯] લોકકથામાં સોનગરાગઢના વાદળમહેલમાં ભમર ઢોલિયે સોનલ સોઢી સુતી છે. પાછલા પહોરે ભમર ઢોલિયે સુતેલી સોનલને સપનામાં રાજકુમાર દેખાય છે. સ્વપ્નમાં યુવાની તેને દુઃખ આપે છે. સોનલકુમારી સ્વપ્નમાંથી જાગીને બેઠી થઇ જાય છે. તે આજુબાજુ પોતાના સ્વપ્નના સ્વામીને શોધવા લાગે છે. બીજા દિવસ સોનલ મોરંગી ઢોલિયા પર સુતી હોય છે. મધ્યરાત્રિએ તેને સ્વપ્ન આવે છે. સપનું રાજકુમારીને કહે છે : 'સોનલ તારા બાપુને કહે કે તારા લગ્નની સગાઇ માટેના લીલા નાળિયેર લઇને બ્રાહ્મણ ઉગમણી-આથમણી દિશામાં જાય. ખોરી ખાપેલમાં રૂપદે રણમલ રાજ કરે છે. ખોરી ખાપેલમાં જઇને બ્રાહ્મણ રૂપદેને તારાં લગ્નના શ્રીફળ આપે.' આ રીતે સ્વપ્નદર્શન નિમિત્તે સોનલ રૂપદેના પ્રેમમાં પડે છે.

---

૬ શામળકૃત રૂપાવતી, સં.હસુ યાજ્ઞિક, પૃ.૫૮
૭ હંસાવલીની કથા, સં.શિરીષ પંચાલ, સમીપે ૩૩, વર્ષ : ૯, પુસ્તિકા : ૩૩, જાન્યુઆરી-માર્ચ, ૨૦૧૫, પૃ. ૩૪
૮ કચ્છના લોકસાહિત્યમાં પ્રેમકથાઓ, સં. દુલેરાય કારાણી, પૃ.૧૩૪
૯ આદિવાસી લોકાખ્યાનો, સં. ભગવાનદાસ પટેલ, પૃ.૨૬૯

૩.૬. 'રાજા, બ્રાહ્મણ, સુતાર અને વાણ્યાના છોકરા'[૧૦] લોકવારતામાં એક દિવસ એક માછલી માછીની જાળમાં આવી ચઢે છે. માછીએ ઘરે આવીને જોયું તો માછલી ભારે લાગી. તેથી આ માછલી રાજાને યોગ્ય છે એમ જાણીને ભેટ મોકલાવી. રાજાના રસોઇઆએ એ માછલીનો વધ કર્યો. જેમાંથી એક સુંદર કાંચળી બહાર નીકળી. રાજા આ જોઇને અચંબામાં પડ્યો અને બોલી ઊઠ્યો કે 'જેની આવી સુંદર કાંચળી છે તો પહેરણાર કેટલી સુંદર હશે? માટે પ્રતિજ્ઞા લીધી કે 'જો તેને વરુ તો જ મારૂ જીવતર પ્રમાણ ! '

૩.૭. 'રાઠોરવારતા'[૧૧]માં જાયેરિયાં ગઢમાં જેદરો અને મેદરો કચેરી ભરીને બેઠા છે. એ સમયે ગુજણિયા ગઢનો બ્રાહ્મણ તેમની પાસે આવે છે ને તે કહે છે કે પોતે જેદરા ખેસી માટે ગયજણિયાથી પાબુજી અને ચાંદાજીની બહેન માટે લગ્નનું નાળિયેર લઇને આવ્યો છું. બાઇ તો ઘણી રૂપાળી છે. ઝાડે ઝાડે યૌવન જાય છે. મસકે ભાગે છે ઢોલિયાની ઇસ અને ફટકે તૂટે છે કાંસળીની કસ! બાઇ તો ભરયૌવનમાં આવી છે. આ રીતે બ્રાહ્મણ દ્વારા કરવામાં આવેલા રૂપ વર્ણનથી જેદરો ખેસી મોહિત થાય છે.

- **આકાશવાણીનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

વસુદેવ અને દેવકીના લગ્ન પછી કંસ સારથિ બનીને બંનેને વળાવતો હતો. ત્યારે 'આકાશવાણી' થાય છે : 'હે કંસ, દેવકીનું આઠમું સંતાન તારા મૃત્યુનું કારણ બનશે.'

[દશમસ્કંધ, કડવું : ૪]

---

૧૦ ગુજરાત તથા કાઠીઆવાડ પ્રદેશની વારતા, ભાગ ૧, સં. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, પૃ.૬૮
૧૧ ભીલી લોકમહાકાવ્ય રાઠોર વારતા, સં. ભગવાનદાસ પટેલ, પૃ.૨૧૦

### ૨. કથાઘટકનું પ્રયોજન

'આકાશવાણી' આવનાર આપત્તિ, મૃત્યુ કે કોઇ જગ્યાએ છૂપો ખજાનો કે ચરુ રહેલો છે તે વિશે થતી હોય છે.'આકાશવાણી' દ્વારા વ્યક્તિ આવનાર આપત્તિ કે ઘાતમાંથી પોતાની જાતને ઊગારે છે. ક્યારેક મૃત્યુ ક્યારે આવવાનું છે તેની જાણ પણ 'આકાશવાણી' વડે થાય છે .

### ૩. અન્ય કૃતિઓમાં આકાશવાણીનું કથાઘટક

૩.૧. 'ફૂલવાલૂઆ મુનિ'[૧૨]ની કથામાં વિશાલાનગરી જીતી ન શકવાથી કોણિક ક્રોધે ભરાય છે. જેથી તે પ્રતિજ્ઞા લે છે કે હું વિશાલામાં ગધેડા જોતરી હળ ફેરવું તો જ ખરો. જો વિશાલા નહીં જીતાય તો હું અગ્નિપ્રવેશ કરીશ. વિશાલા તેનાથી જીતાતી નથી. એ સમયે આકાશવાણી થાય છે કે 'જો ફૂલવાલૂઆની પાસે કોઇ ગણિકાને ભોળવીને તેને તું લઇ આવીશ ત્યારે તું વિશાલા પર વિજય મેળવી શકીશ.'

૩.૨. 'કાદંબરી'[૧૩]માં વૈશંપાયનનાં વૃતાંતમાં કાદંબરી ચંદ્રાપીડને નિશ્ચેતન જૂએ છે. જેથી તે બેભાન થઇ જાય છે. ભાનમાં આવતા તે મદનલેખાને ચિતા તૈયાર કરવાનું કહે છે. જ્યારે તે ચંદ્રાપીડને ખોળામાં લઇને ચિતા પર બેસે છે ત્યારે કાદંબરીના સ્પર્શથી ચંદ્રાપીડમાં ચેતના આવે છે. એ સમયે આકાશવાણી સંભળાય છે, 'પુત્રી મહાશ્વેતા પુંડરીકનો દેહ મારા લોકમાં અબાધિત પડ્યો છે, તારી સાથે મેળાપ થશે ત્યાં સુધી તે ત્યાં રહેશે. ચંદ્રાપીડનું મૃત્યુનું કારણ શાપ છે. શાપ પૂરો થાય ત્યાં સુધી એના દેહને જાળવવો. '

૩.૩. 'રુરુ અને પ્રમદ્વરાની કથા'[૧૪]માં રુરુ નામનો એક મુનિ પુત્ર હતો. તે એક અત્યંત સૌંદર્યવાન કન્યાને જૂએ છે. તે કન્યાનું નામ પ્રમદ્વરા હતુ. તે સ્થૂલકેશ મુનિના આશ્રમમાં ઉછરી હતી. તેથી તેને મુનિ પાસે જઇને તેનુ માંગુ નાખ્યુ. મુનિએ રુરુની વાતનો સ્વીકાર કર્યો. લગ્નનો પ્રસંગ નજીક આવતો હતો ત્યારે સર્પ કન્યાને ડંશ દે છે. તેથી રુરુ વિલાપ કરવા લાગે છે. ત્યાં

---

૧૨ મેરુસુન્દરગણિ-વિરચિત શીલોપદેશમાલા-બાલાવબોધ, સં.હરિવલ્લભ ભાયાણી અને અન્ય, પૃ.૧૩૮
૧૩ ભાલણની કાવ્યકૃતિઓ, ખંડ-૨, પૃ.૪૭૪-૪૭૫.
૧૪ કથાસરિત્સાગર ભાગ ૧લો, કથામુખ લંબક, તરંગ છટ્ટો, પૃ.૮૭

આકાશવાણી થાય છે કે 'હે મુનિ, તારું અડધું આયુષ્ય આપી તેને જીવાડ.' મુનિ તેને પોતાનું અડધું આયુષ્ય આપે છે તેથી કન્યા જીવિત થાય છે.

- **આળનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

નળથી છૂટી પડેલી દમયંતી આમતેમ ફરતી ફરતી પોતાની માસીની નગરીમાં આવી ચઢે છે. કલિના પ્રભાવને કારણે માસી તેને ઓળખી શકતી નથી. એકલી દમયંતી પર તેને દયા આવતા માસી પોતાના મહેલમાં રાખે છે. એક દિવસ માસીની દિકરી ઈંદુમતી ન્હાતી હતી. ત્યારે તે પોતાનો મોતીનો હાર ભીંતને ટોડલે મૂકે છે. એ વખતે દમયંતી ત્યાંજ ઈંદુમતી પાસે જ ઊભી હતી. ત્યારે કલિ આવીને એ હાર લઈ જાય છે. જેથી આ મોતીનો હાર દાસીએ ચોર્યો હશે એવું માનીને તે દમયંતી પર હાર ચોર્યાનો આરોપ મૂકે છે.

[નળાખ્યાન, કડવું : ૪૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'આળ' એટલે જુઠ્ઠો આરોપ. એક વ્યકિત પર શંકા કે વહેમનાં કારણે તેનાં પર આળ મૂકવામાં આવે છે. ક્યારેક પૂર્વયોજીત કાર્ય સાધવા માટે વ્યકિત પર આળ મૂકવામાં આવતું હોય છે. આળ જેનાં પર મૂકાય છે તે વ્યકિત પોતાના પર મૂકાયેલું આળ જુઠ્ઠુ છે એ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. ક્યારેક અન્ય વ્યકિતની મદદથી કે પછી અલૌકીક સહાયથી પોતાના પર મૂકાયેલ આળ ખોટો છે એ સાબિત થતું હોય છે. આળઃ 'ચોરીનું આળ', 'ડાકણનું આળ', 'બળાત્કારનું આળ', 'વ્યભિચારિણીનું આળ', 'મૃત્યુનું આળ' એમ જુદા-જુદા પ્રકારનાં હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં આળનું કથાઘટક

૩.૧. 'મૃતમત્સ્યના હાસ્ય'[૧૫]ની કથામાં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. એકવાર ચિતારાએ રાજા યોગાનંદ અને તેની રાણીનું ચિત્ર દોર્યું. રાજાએ આ ચિત્રને વિલાસભુવનમાં ભીંત પર લટકાવી દીધું. એક દિવસ વિલાસભુવનમાં વરરુચિ ફરતો ફરતો પ્રવેશે છે ને પેલું ચિત્ર જૂએ છે. તેને રાણી સંપૂર્ણ લક્ષણોવાળી જણાઇ. પરંતુ કટિમેખલાની જગ્યાએ તે તલનું ટપકું કરે છે. રાજાને આ વાતની જાણ થાય છે. જેથી તે વિચારે છે કે રાણીના ગુપ્તભાગ પર આ તલને મારા વિના બીજો કોઇ જાણે નહિ તો વરરુચિને કેવી રીતે ખબર પડી? જેથી રાજા વરરુચિએ રાણી સાથે વ્યભિચાર કર્યો હશે એમ જાણીને તેની પર 'વ્યભિચારનું આળ' મૂકે છે.

૩.૨. 'બંધનમોક્ષ જાતકકથા'[૧૬]માં આળનું કથાઘટક આલેખાયું છે. બનારસમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તેને બોધિસત્ત્વ નામે પ્રધાન હતો. રાજા પ્રધાનને રાજ્ય સોંપી યુદ્ધ કરવા જાય છે. રાણીથી વિખૂટો પડેલો રાજા દૂત મોકલીને રાણીના ક્ષેમકૂશળ પૂછતો. યુદ્ધ દરમિયાન રાજા ચોસઠ જેટલા દૂત મોકલે છે. રાણી બધા જ દૂતો સાથે કુકર્મો કરે છે. રાજા વિજય કરી નગર તરફ આવવાની  તૈયારી કરી રહ્યો છે. પ્રધાન રાજાના મહેલને શણગારવા જાય છે. ત્યારે પ્રધાન પાસે રાણી અઘટિત માંગણી કરે છે. પ્રધાન રાણીની આ માંગણીનો અસ્વીકાર કરે છે. આથી રોષે ભરાયેલી રાણી પ્રધાન પર આળ લગાવે છે કે પ્રધાનની બૂરી ઇચ્છાને વશ નહીં થઇ એટલે એણે મને ખૂબ મારી. રાજા રાણીની વાત સાંભળીને પ્રધાનના શિરચ્છેદની આજ્ઞા આપે છે.

૩.૩. 'કુલાવક-જાતક'[૧૭]માં ગરુડનાં બચ્ચાંની કથા આવે છે. મગધ રાજ્યના નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. જેનું નામ મઘકુમાર એવું રાખ્યું હતુ. મઘકુમાર પાછળથી મઘ-માણવક એવા નામથી પ્રચલિત બન્યો. મઘકુમાર ગામમાં રસ્તા પરના પથ્થરો ખસેડતો, ખાડાટેકરા સરખા કરતો, દાન દેતો, શીલનું રક્ષણ કરતો. આ રીતે સૌ ગ્રામજનો પણ મઘકુમારના ઉપદેશને અનુસરીને સદાચારી બની ગયા. જેથી ગામનો મુખી વિચારે છે કે : 'પહેલાં જ્યારે આ ગામના લોકો શરાબ પીતા, જીવહિંસા કરતા ત્યારે મને તેમની પાસેથી માટીનો ગોળો, રૂપિયા વગેરે દંડના રૂપમાં ધન મળતું હતું પણ હવે 'હું શીલનું રક્ષણ કરાવું છું.' એમ કહીને લોકોને જીવહિંસા કરવાં નથી

---

૧૫ કથાસરિત્સાગર, કથાપીઠ લંબક, તરંગ ૫મો, પૃ.૨૩
૧૬ બુદ્ધજાતક ચિંતન, સં.સ્વામી સચ્ચિદાનંદ, પૃ.૧૧૭
૧૭ જાતકકથા-મંજૂષા, હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૨

દેતો. ઠીક છે, હું તેને પંચશીલ બરાબર શીખવીશ' એમ કહીને તે રાજા પાસે પહોંચે છે ને સૌને 'ચોરીના આળ'માં ફસાવે છે.

૩.૪. 'ગ્રામિણચંડ-જાતક'[૧૮]માં અણસરજી ઉપાધિ અને બુદ્ધિની બલિહારીમાં ચંડ નામનો એક વૃદ્ધ મુખી હોય છે. તે વૃદ્ધ થતા વિચારે છે કે પોતે હવે વૃદ્ધ થયો છે તો બાળકો સાથે નહિ ફાવે તેથી ગામડામાં રહીને ખેતી કરું. ચંડ પાસે ખેતી કરવા બળદો ન હતા. તેથી મિત્ર પાસેથી બળદની જોડ માંગી લાવે છે. આખો દિવસ ખેતરમાં કામ કરીને તે પોતાના મિત્રને રાત્રે બળદ આપવા જાય છે. ત્યારે બળદનો માલિક પોતાની પત્ની સાથે ભોજન કરતો હતો. બળદો પોતાના માલિકના ઘરમાં જતા રહે છે. મિત્ર જમવા આગ્રહ કરશે જેથી ચંડ બળદોની સોંપણી કર્યા વિના ત્યાંથી પાછો વળે છે. હવે બન્યુ એવું કે મિત્રના ઘરેથી ચોર આવીને બળદો લઇ જાય છે. જેથી બળદોની 'ચોરીનું આળ' ચંડ પર લાગે છે.

૩.૫. 'માધવાનલ કામકંદલા'[૧૯]માં માધવ રાજા ગોવિંદચંદ અને પટરાણી રુદ્રમહાદેવીને માતા-પિતા ગણતો. યુવાન માધવને જોઇને રાણીના મનમાં વાસના જાગી. એકવાર દેવપૂજા અર્થે આવેલી રાણીએ માધવને હૃદય સરસો ચાંપી પોતાને કામ ઉપજ્યો છે તેની વાત કરી. માધવે રાણીની વાતનો અસ્વીકાર કર્યો. આથી રાણીએ પોતાના અંગ પર ઉઝરડા કર્યા, કંચૂકી ફાડી નાખી, વેણી વીંખી નાખી અને માધવ પર 'બળાત્કારનું આળ' મૂક્યું. આથી માધવને રાજાએ દેશ બહાર કાઢી મૂક્યો.

૩.૬. 'રોમ સીતમાની વારતા'[૨૦]માં રાજા વાસુકિનો મિત્ર અયોધ્યાનો રાજા દશરથ વાસુકિને મળવા પાતાળલોકમાં આવે છે. એ સમયે વાસુકિ બહારગામ ગયો હોય છે. રાણી દશરથને મહેલમાં બેસાડીને પોતાનો ગોઠિયો બાંડિયા નાગ સાથે પ્રેમાલાપ કરે છે. આ ઘટના દશરથ જોઇ જાય છે. જેથી રાણીને શંકા જાય છે કે દશરથ જ્યારે તેનો મિત્ર વાસુકિ આવશે ત્યારે બધુ કહી દેશે. આથી વાસુકિ આવે છે ત્યારે કૈકયી રાણી ઢોલિયે સુતી સુતી કહી રહી હતી કે તમારી ગેરહાજરીમાં તમારો મિત્ર દશરથ આવ્યો હતો. હું તેના માટે વાડીમાં ફળ લેવા ગઇ હતી. ત્યારે તે મારી પાછળ પાછળ આવ્યો. મને સમાગમનું કહી મારી બાથે આવ્યો. મેં ના પાડી તો તે મારા ઉપર

૧૮ જાતકકથા-મંજૂષા, હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૧૪
૧૯ માધવાનલ કામકંદલા પ્રબંધ, સં. એમ.આર.મજમુદાર, પૃ.૪૫
૨૦ ભીલી લોકાખ્યાન રાંમસીતમાની વારતા(ગદ્યસાર), ડો. ભગવાનદાસ પટેલ, પૃ.૨૦

પડ્યો અને કૂટી નાખીને ચાલતો થયો. આ રીતે રાણી કૈકયી દશરથ રાજા પર 'બળાત્કારનું આળ' લગાવે છે.

'રોમ સીતમાની વારતા'[૨૧] વનખંડમાં રામ, સીતા અને લક્ષ્મણ મઢી બનાવીને રહે છે. રામ માળા રટે છે ત્યારે સીતા લક્ષ્મણને કહે છે કે તારા ભાઈને સમજાવ કે માળા રટવાનું છોડી વનમાંથી ફળ લઈ આવે. રામ વનમાં ફળ લેવા જાય છે. ત્યારે થાક્યા પાક્યા સીતા અને લક્ષ્મણ સાગનાં પાન ઓઢીને સૂએ છે. એ સમયે બન્ને ભરનિદ્રામાં હોય છે. ત્યારે પવનથી બન્નેના શરીર ઉપરથી સાગનાં પાન ઊડી જાય છે. જેથી બન્ને નાગાં-પૂંગા થઈ જાય છે. રામના પગરવથી સીતા જાગી જાય છે. ત્યારે રામ સીતા પર 'વ્યભિચારિણીનું આળ' લગાવે છે.

'રોમ સીતમાની વારતા'[૨૨]માં સીતા લંકામાંથી અયોધ્યા આવે છે ત્યારે સાસુ કૌશલ્યા સીતાને મળવા આવે છે. એ જ સમયે કૌશલ્યાના મનમાં વિચાર આવે છે કે મારી વહુ લંકાગઢમાં રાવણની સાથે રહીને આવી છે.' સીતા જ્યારે કૌશલ્યાને મળવા આવે છે ત્યારે તે વ્યભિચારિણીનું આળ લગાવે છે. સીતા કૌશલ્યાને સમજાવવાનો પ્રયત્ન કરે છે પણ તે માનવા તૈયાર નથી. આથી તે સીતાને વનમાં મોકલી દેવાનો રામને આદેશ આપે છે. આ રીતે 'વ્યભિચારિણીનાં આળ'નું આ કથાઘટક સીતાને ફરી વનમાં લઈ જવાં માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- **કસોટીનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદકૃત 'નળાખ્યાન'માં દમયંતીને નળ પ્રત્યે શંકા જાય છે. જેથી તે નળની 'ઓળખની કસોટી' કરાવે છે. જો સાચો નળ હશે તો જાતે અગ્નિ પ્રગટાવીને ભોજન બનાવશે.

[નળાખ્યાન, કડવું : ૫૭]

૨૧ ભીલી લોકાખ્યાન રોમસીતમાની વારતા(ગદ્યસાર), ડો. ભગવાનદાસ પટેલ, પૃ.૨૦
૨૨ એંજન, પૃ. ૭૮

## ૨. કથાઘટકનું પ્રયોજન

'કસોટી'ઓનું કથાઘટક એક વિશિષ્ટ કથાપ્રયુક્તિ તરીકે કથાસાહિત્યમાં આલેખન પામે છે. 'કસોટી'ઓ વિવિધ પ્રકારની હોય છે. જેમકે 'ચારિત્ર્યની કસોટી', 'બુદ્ધિચાતુર્યની કસોટી', 'લગ્નની કસોટી', 'સતીત્ત્વની કસોટી', 'પ્રેમની કસોટી' વગેરે. આ જુદી-જુદી કસોટીઓ કથાપ્રસંગ અને કથાનાં પાત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવતી હોય છે.

## ૨. અન્ય કૃતિઓમાં કસોટીનું કથાઘટક

૩.૧. 'રત્નપ્રભાની કથા'[૨૩]માં રત્નાધિપતિરાજાનો હાથી મૃત્યુ પામે છે. જેથી રાજા બહુ દુઃખી થાય છે ને પોતાનું મસ્તક આપવા તૈયાર થાય છે. ત્યારે આકાશવાણી થાય છે : 'કોઇ સતી સ્ત્રી આ હાથીને સ્પર્શ કરશે તો હાથી તરત ઊઠશે નહીંતર ઊઠશે નહિ.' રાજા ખુશ થઇ ગયો. તે પોતાની પટ્ટરાણીને બોલાવે છે ને હાથ વતી સ્પર્શ કરાવે છે. પણ હાથી ઊઠયો નહિ. રાજા પોતાની સઘળી રાણીઓને બોલાવે છે ને હાથીને હાથ વતી સ્પર્શ કરાવે છે. પરંતુ હાથી ઊઠયો નહિ. એવામાં તામ્રલિપ્તિ નગરીમાંથી એક વાણિયો આવે છે. તેની શીલવતી પત્ની આ બધું જોઇને કહે છે : 'હું આ હાથીને હાથ વતી સ્પર્શ કરું છું, જો મેં મારા પ્રાણપતિ સિવાય બીજાનું મનથી પણ મનન કર્યું ન હોય તો આ હાથી ઊઠો.' આટલું કહીને શીલવતી હાથ વતી હાથીને સ્પર્શે છે ત્યાં જ હાથી ઊભો થાય છે.

૩.૨. 'કમળના તંતુ'[૨૪] જાતકકથામાં એક બ્રાહ્મણ પરિવાર સહિત અગિયાર તાપસો તપ કરે છે. આ તાપસોમાં કાંચન, કાંચના અને દાસી એ ત્રણ સિવાયના બાકીના આઠ સૌનો વારાફરતી રોજ ફળફૂલ લેવાં જવાનો વારો હોય છે રોજ એક જણ ફળફૂલ લાવતો અને અગિયાર સરખા ભાગ કરતો. આંગણામાં રાખેલી શીલા પર એ અગિયાર ભાગ મૂકતો. ક્યારેક ફળફૂલમાં માત્ર કમળતંતુ જ આવતાં વારાણસીનો યુવાન રાજા છૂપી રીતે આ નિત્યક્રમ નિહાળતો. એક દિવસ રાજાએ સૌના 'વૈરાગ્યની કસોટી' કરવાનું વિચાર્યું. એક વાર કાંચન સૌને ભેગા કરે છે ને કહે છે કે મને ત્રણ દિવસથી મારા ભાગનું ભોજન મળતું નથી. ત્યારે સૌ તાપસો પોત પોતાની વાત રજૂ કરે છે.

---

૨૩ કથાસરિત્સાગર, રત્નપ્રભા લંબક, તરંગ ૨જો, પૃ.૩૦૨
૨૪ કમળના તંતુ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૮

કાંચનનો પહેલો ભાઈ કહે છે : 'આ તાપસમંડળીની સમક્ષ હું શપથ સાથે ઉચ્ચારું છું કે ભદંત કાંચનનો ભાગ મેં લીધો નથી. જો મેં કમળતંતુ ચોર્યા હોય તો મને કામણગારી પત્ની મળજો, બહોળો પુત્રપરિવાર થજો ને એ સૌમાં મારું મન રચ્યું પચ્યું રહેજો.' બીજો ભાઈ ઊઠ્યો ને બોલ્યો : 'ભદંત કાંચનના ભાગના કમળના તંતુ મેં નથી લીધા. મેં એ ચોર્યા હોય તો સંતાનોનું ઝુંડ મને વીંટળાઈ વળજો, ને વસ્ત્રાભરણ, પુષ્પહાર તથા ચંદનનો શણગાર ને બીજા કામભોગો હું માણ્યા કરું.' ત્રીજો ભાઈ બોલ્યો : 'મેં કમળના તંતુ ચોર્યા હોય તો ભરી ગૃહસ્થી, ખેતરો, ભંડારો ને જશકીર્તિમાં હું મગ્ન રહું ને સરી જતાં વરસોના ભાન વિના આયુષ્યની છેલ્લી ઘડીએ પહોંચું.' ચોથો ભાઈ બોલ્યો : 'મેં આ કમળના તંતુ ચોર્યા હોય તો હું મોટો રણશૂર રાજાધિરાજ બનું ને છ ખંડ ધરતીના સ્વામીપદે રહી વિષયસુખો ભરચક ભોગવું.' પાંચમો ભાઈ બોલ્યો : 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો હું રાગદ્વેશે ખરડાયેલો, મુહૂર્ત ને નક્ષત્રો જોનારો જોશી બનું ને રાજારજવાડામાં ખૂબ માનીતો થાઉં.' છઠ્ઠો બોલ્યો : 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો હું મોટો વૈદિક કર્મકાંડી બનુંને પુરોહિતપદનાં માનપાનની મારા પર વર્ષા વરસે.' કાંચનનો મિત્ર બોલ્યો : 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો ગામધણીના પદેથી બધો ભોગવિલાસ માણું.' ત્યારે દાસ બોલે છેઃ 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો હું ગામનો મુખી બની ઈષ્ટમિત્રો સાથે નાચગાનમાં મચ્યો રહું ને રાજકૃપાનું પાત્ર બનું.' કાંચના બોલે છે : 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો હું ચક્રવર્તીની પટ્ટરાણી બનું ને વિલાસવૈભવ ધરાઈને ભોગવું.' દાસી બોલે છે : 'મેં જો કમળના તંતુ ચોર્યા હોય તો હું દાસીઓની મંડળીમાં રંગરાગ માંડુ ને સૌ દાસીઓમાં સરસાઈ ભોગવું.' ત્યારે કાંચન પણ કહે છે કે : 'હું પણ મારાં અંગેની ચોખવટ કરું, મારો ભાગ મને મળ્યો હોય અને અને છતાં હું અસત્ય બોલ્યો હોઉં કે મને નથી મળ્યો, તો હું ઘરવાસના ભોગો ધરાઈને ભોગવતા સુખી ગૃહસ્થનું મોત પામું.' આ રીતે રાજા, કાંચનના ભાગનું ભોજન લઈને સૌના 'વૈરાગ્યની કસોટી' કરે છે.

૩.૩. 'અનોખા હેત'[૨૫]લોકકથામાં એમિલ અને એમિસ બન્ને ગાઢ મિત્રો છે. બન્ને મિત્રો ફ્રાંસના પાટનગર પેરિસમાં જઈને ત્યાંના સમ્રાટને ત્યાં નોકરી કરે છે. એમિલને સમ્રાટની રાજકુમારી બેલીસેંત સાથે પ્રેમ થાય છે. બંને એકબીજાને ગાઢ પ્રેમ કરવા લાગે છે. એકવાર સમ્રાટને એમિલની બેલીસેંત સાથેની છૂપી મુલાકાતની જાણ થાય છે. ત્યારે સમ્રાટ 'લગ્નઅંગેની કસોટી' એમિલ સામે મૂકે છે. તારે મારા સૌથી વધુ શૂરવીર સેનાપતિ સાથે દ્વંદ્વ યુદ્ધ કરવું પડશે.

---

૨૫ યુરોપખંડની લોકકથાઓ, સં.શિવમ્ સુંદરમ્, પુ.૧૧

૩.૪. 'સોનલ સોઢી'[૨૬] લોકકથામાં કૂપદે કપટપૂર્વક જાન લઈને સોનગરા ગઢમાં આવી પહોંચે છે. આ વાતની જાણ સોનલને નથી. સોનલ દાસીઓને કહે છે : સૂંડલામાં બાજરીનાં ઢૂઢાં લઈને જાઓ અને વરરાજાને કહોકે માંડવે આંબા-જાંબુનાં પાન બાંધવા છે માટે ઢૂઢાંની દોરડી વણી આપે. કૂપદે આ દોરડી વણી શકતો નથી. આથી સોનલના મનમાં શંકા જાય છે કે જો રૂપદે પરણવા આવ્યો હોત તો તે જરૂર ઉખાણાંનો સાચો ઉત્તર આપત. જેથી સોનલ પરણવા આવતી નથી. આમ, ઉખાણાં દ્વારા સોનલ 'લગ્નના મુરતિયાની કસોટી' કરે છે.

૩.૫. 'ખૂતાંનો રાજવી અને દેવોલ ગુજરણ'[૨૭] લોકકથામાં 'પવિત્રતાની કસોટી' આલેખાઈ છે. દેવોલની ભાભીઓને શંકા જાય છે કે દેવોલ ગોવાળીઆની મેડીએ સૂઈને આવી છે. જેથી ભાભીઓ તેની પવિત્રતાની કસોટી કરે છે. દેવોલ હંમેશાં બાર રાશો એક જ હાથમાં પકડી, બાર વાછરડાંને એક જ હાથે ખેંચીને એક સાથે ખીલે બાંધતી હતી. આજે દેવોલ વાછરડાંઓને પકડવા જાય છે ત્યારે કોઈ પૂર્વમાં દોડે છે, કોઈ પશ્ચિમમાં દોડે છે. કોઈ ઉત્તરમાં અને કોઈ દક્ષિણમાં દોડે છે. દેવોલ એક પણ વાછરડાને બાંધી શકતી નથી.

ભાભીઓ બીજી કસોટી દેવોલને સવાશેર ફૂલોમાં તોલવાની કરે છે. માલણ સવાશેર ફૂલો લઈ વાદળમહેલમાં આવે છે. દેવોલ એક ત્રાજવાંમાં જઈને બેસે છે. રોજ સવારે દેવોલ સવાશેર ફૂલોમાં તોલાતી હતી. આજે દેવોલનું ત્રાજવું જમીનને અડકી રહ્યું. માલણ પણ દેવોલની પવિત્રતા વિશે વહેમથી માથું ધુણાવે છે.

૩.૬. 'આંબલો રોપ્યો'[૨૮] લોકગીતમાં 'સતની કસોટી'નું કથાઘટક પ્રયોજાયું છે. દુર્વાસા ઋષિએ પાંડવોને આંગણામાં ગોટલી વાવવાનું કહ્યું, જેમાંથી પ્રગટેલ કેરીનું ફળાહાર કરવાનું જણાવ્યું. જો સતિયાઓ પોતાનું સત મૂકે તો અશક્ય કાર્ય પણ શક્ય બને. જેથી સૌ પ્રથમ ભીમ પોતાનું સત મૂકે છે. ત્યારે આંબો ઊગે છે. બીજું સત અર્જુન મૂકે છે જેથી આંબો મ્હોરે છે. નકુળ સત મૂકે છે તો આંબા પર ફળ આવે છે. દ્રોપદીનાં સતથી એક સાથે અનેક ફળ આંબા પર થાય છે. જ્યારે આંબાને અડકીને દુર્વાસાને ફળ આપે છે ત્યારે તે તોડેલાં ફળ ખાતાં નથી. કુંતા જ્યારે ખોળો

---

૨૬ આદિવાસી લોકાખ્યાનો, સં.ભગવાનદાસ પટેલ, પૃ.૨૭૫
૨૭ આદિવાસી લોકાખ્યાનો, સં.ભગવાનદાસ પટેલ, પૃ.૨૬૬
૨૮ શોધખોળની પગદંડી પર, સતના બળે પ્રગટેલો આંબો, પૃ.૧૦૨-૧૦૩

પાથરે છે એ વખતે સતનાં પ્રભાવે આંબા પરથી આપમેળે ફળ પડે છે. આ રીતે દુર્વાસા બધાનાં ‘સતની કસોટી’ કરે છે.

- **ગર્ભમાં સંવાદનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

‘અભિમન્યુ-આખ્યાન’માં ‘ગર્ભમાં સંવાદ’નું કથાઘટક પ્રયોજાયું છે. સુભદ્રાનો ગર્ભ કૃષ્ણ સાથે સંવાદ કરે છે.

[અભિમન્યુ-આખ્યાન, કડવું : ૨૦]

**૨. કથાઘટકનું પ્રયોજન**

આ કથાઘટકમાં માતાના ઉદરમાં રહેલો ગર્ભ બહારની વ્યક્તિ સાથે સંવાદ કરતો હોય છે. આ ગર્ભ ક્યારેક માતા સાથે પણ સંવાદ કરે છે. સંવાદ મોટેભાગે ભવિષ્યની ચિંતા, ઈશ્વરના દર્શન, જ્ઞાન કે લાલસા અંગે હોય છે. સંવાદ થયા પછી, સમાધાન થતા, જે ગર્ભ જન્મવામાં વિલંબ કરતો હતો તે જન્મ લે છે.

**૩. અન્ય કૃતિઓમાં ગર્ભમાં સંવાદનું કથાઘટક**

૩.૧. ‘શુકદેવઆખ્યાન’[૨૯] માં ‘ગર્ભમાં સંવાદ’ પ્રાપ્ત થાય છે. એકવાર જનમેજય વૈશંપાયનને પૂછે છે : ‘શુકદેવજી શા માટે માતાનાં ઉદરમાં લાંબો સમય રહ્યા હતા ?’ વેદ વ્યાસની પત્નીનું નામ ધર્મવતી છે. ધર્મવતી સગર્ભા હોય છે. તેનાં ગર્ભને દસ માસ થવા આવ્યો છે છતાં એ જન્મવાનું નામ લેતો નથી. જ્યારે ધર્મવતીનાં ગર્ભને બાર માસ જેટલો સમય થવા આવે છે ત્યારે વેદવ્યાસ માતાને દુ:ખી ન કરવાનું કહે છે. એ સમયે માતાનાં ઉદરમાં રહેલો ગર્ભ સંવાદ કરતાં કહે

૨૯ બૃહત્ કાવ્યદોહન, કથામૂલક : ભાગ-૩, ખંડ-૧, પુનઃસંપાદન-બળવંત જાની, પૃ.૫૩

છે : 'હું ઈશ્વરનું ધ્યાન ધરું છું. જો કૃષ્ણનાં દર્શન કરાવો તો જન્મું.' આ રીતે સંવાદ કરીને શુકદેવ જન્મે છે.

૩.૨. 'રોમસીતમાની વારતા'[30]માં 'ગર્ભમાં સંવાદ'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. અંજનીને નવ માસ અને નવ દિવસનો ગર્ભ હોય છે. આ ગર્ભ ઉદરમાંથી પોતાની માતા સાથે વાત કરે છે. ગર્ભ માતાને કહે છે કે સામાન્ય મનુષ્યની માફક તેં પણ માતાના ઉદરમાંથી જન્મ લીધો એવું સૌ કહેશે. જેથી આ ગર્ભ પોતે કેવી રીતે જન્મ લે તેવું માતાને પૂછે છે.

૩.૩. 'ચનૈની'[31]માં ગર્ભમાં સંવાદનું કથાઘટક આલેખન પામ્યું છે. ખોઇલનિ સગર્ભા હોય છે. તેને લોરિક નામનો ગર્ભ હોય છે. તેને સાતમો મહિનો બેસે છે ત્યારે બ્રહ્મા ગરુડ પર બેસીને ખોઇલનિની ઝૂંપડીમાં આવે છે. ત્યારે બ્રહ્મા ગર્ભસ્થ લોરિકને પૂછે છે : તારું જીવન કેવું છે? ત્યારે ગર્ભ બોલે છે : 'મને નરકમાં નાખીને પૂછો છો?' આ રીતે ખોઇલનિનો ગર્ભ બ્રહ્મા સાથે સંવાદ કરે છે.

- **છૂપું લગ્ન કે છૂપું મિલન(તેનાં અંગલક્ષણ-દેહચિહ્નો)નું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

ઓખા સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે લગ્ન કરે છે. સ્વપ્નમાંથી તે જાગી જાય છે. અનિરુદ્ધને તે શોધે છે પરંતુ અનિરુદ્ધ મળતો નથી. જેથી તે બેબાકળી બને છે. એ સમયે તેની સખી ચિત્રલેખા અનિરુદ્ધનું અપહરણ કરીને તેને મેળવી આપે છે ને બન્નેમા ગાંધર્વ લગ્ન કરાવે છે. અનિરુદ્ધ અને ઓખા રાજી ખુશીથી એકબીજાની સાથે રહે છે ને એકબીજાનો સંગ કરે છે. અનિરુદ્ધ સાથે ઓખાનો સંગ થતાં તેનામાં સ્ત્રીનાં ચિહ્નો ઉદ્ભવે છે. એથી ચાકરોને શંકા જાય છે કે ઓખા બાળકી મટીને સ્ત્રી બની છે. જેથી ચોક્કસ એના ઓરડામાં કોઇ પરપુરુષ હશે. આ રીતે ઓખાના દેહમાં આવેલાં પરિવર્તનો જોઇને રક્ષકો અને બાણાસૂરને તેના છૂપા લગ્નની જાણ થાય છે.

[ઓખાહરણ, કડવું : ૧૪]

---

૩૦ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૧૬, ૧૭
૩૧ અવધિ લોકમહાકાવ્ય ચનૈની, ડો, હસુ યાજ્ઞિક, પૃ. ૮૬

### ૨. કથાઘટકનું પ્રયોજન

નાયક નાયિકાનાં મહેલમાં છૂપી રીતે મળવા આવે છે જેને કારણે નારીનો પુરુષસંગ થાય છે. ત્યારે નાયિકાના દેહમાં પરિવર્તન જોવા મળે છે. નાયિકાનું દેહપરિવર્તન થતાં તે રાજા, રાણી, પ્રધાન કે સેવકોની નજરે ચઢે છે. જો નાયિકા સાચી હકીકત ન કહે તો તેનાં પ્રેમીની શોધ આદરવામાં આવે છે. નાયિકાના પ્રેમીની ભાળ મળતા તેને સજા અથવા તો તેની સાથે યુધ્ધ કરવામાં આવતું હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં છૂપું લગ્ન કે છૂપું મિલન(તેનાં અંગલક્ષણ-દેહચિહ્નો)નું કથાઘટક

૩.૧. 'રૂપ-સુંદરકથા'[૩૨]માં 'છૂપાં મિલન'નું કથાઘટક પ્રયોજાયું છે. રૂપા ગુરુપુત્ર સુંદરનાં પ્રેમમાં પડે છે. એક દિવસ સુંદર રાત્રે રૂપાંને મળવાં જતો હોય છે. રાત્રિચર્યા કરવા નીકળેલા રાજાએ તેને પકડ્યો. સુંદર મિત્રની જામીન આપીને છૂટો થયો. છૂટેલો સુંદર રૂપાંને મળવા તેને મહેલ જાય છે. આ બાજુ જિજ્ઞાસાથી પ્રેરાયેલો રાજા તેની પાછળ - પાછળ જાય છે. આ રીતે રૂપાં-સુંદરનું 'છૂપું મિલન' પ્રગટ થાય છે.

૩.૨. 'રૂપાવતી' [૩૩] પદ્યવાર્તામાં 'છૂપું મિલન'નું કથાઘટક નાયક-નાયિકાના મિલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અભ્યાસ દરમિયાન સમસ્યાઓની આપલે થતાં બદ્ધિશાળી ગુરુપુત્ર પ્રત્યે રૂપાવતી આકર્ષાય છે. જેથી બન્ને વચ્ચે અનુરાગ જન્મે છે. એકવાર રૂપાવતી ગુરુપુત્રને મળવા બોલાવે છે. ગુરુપુત્ર ભિક્ષુકવેશ ધારણ કરીને રૂપાંના મહેલમાં જાય છે ને બન્નેનું મિલન થાય છે. એ સમયે જ રાજા પુત્રીના મહેલમાં આવી ચઢે છે. રાજા રાજકુમારીના પહેરવેશમાં આવેલા પરિવર્તનને જોઇને શંકા અનુભવે છે કે કોઇ પુરુષ અહીં આવ્યો છે. ત્યારબાદ રાજા ચાલ્યો જાય છે. આ બાજુ આઠ દિવસ પછી મળવાનો વાયદો લઇ રૂપાવતી ગુરુપુત્રને વિદાય આપે છે. આઠમા દિવસે સિપાઇઓ ગુરુપુત્રને પકડી પાડે છે. ત્યારે શ્રેષ્ઠીપુત્ર તેજપાળ કેદી તરીકે રોકાય છે. સવારે તેજપાળને શૂળીએ ચઢાવવામાં આવે છે ત્યારે ગુરુપુત્ર પહોંચીને પોતાને શૂળી આપવાનું કહે છે. તો રાજકુમારી બ્રાહ્મણપુત્રને બદલે પોતાને શૂળી મળવી જોઇએ એમ જણાવે છે. જેથી રાજા નક્કી કરી

૩૨ માધવકૃત રૂપસુંદર-કથા, સં.હસુ યાજ્ઞિક, પૃ. ૪૫
૩૩ શામળકૃત રૂપાવતી, સં. હસુ યાજ્ઞિક, પૃ. ૮૩

નથી શકતો કે શૂળી કોણે મળવી જોઇએ? એ દરમિયાન રાજા, વિક્રમને ન્યાય કરવાનું કહે છે ત્યારે વિક્રમ ઈશ્વરની શોધઅર્થે નીકળી પડે છે. વિક્રમ બધાંને કહે છે કે ઈશ્વરે બધાં નિર્દોષ હોઇ સર્વને મુકિત આપવાનું જણાવ્યું છે. અંતે ગુરુપુત્ર અને રૂપાવતીનાં લગ્ન થાય છે. આ રીતે છૂપાં મિલનનું કથાઘટક રાજાની નજરે ચઢે છે. આ કથાઘટક કથાને ગુરુપુત્ર અને રાજકુમારી રૂપાવતીના લગ્ન સુધી લઇ જાય છે.

૩.૩. 'રૂપસેન ચતુષ્પદિકા'[૩૪]માં 'છૂપા મિલન'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. કનકાવતી અને રૂપસેન વચ્ચે પરસ્પર પ્રીતિ બંધાય છે, જેથી રૂપસેન પવનપાવડીની મદદથી રોજ કનકાવતીના મહેલ પહોંચી જતો. રૂપસેન કનકાવતી સાથે રાતવાસો કરતો ને તેની સાથે ભોગવિલાસ કરતો. આમ, કરતાં કરતાં છ મહિના પસાર થઇ જાય છે. આ સમય દરમિયાન પ્રધાનની નજર કનકાવતી પર પડે છે. તે કનકાવતીના શરીરમાં આવેલાં પરિવર્તનને જૂએ છે. પ્રધાન ચતુર છે. તે આખી પરિસ્થિતિને પામી જાય છે. આ રીતે 'છૂપુ મિલન' બહાર આવે છે.

- **દૂતકાર્યનું કથાઘટક :**

  **૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

એકવાર સરોવરમાંથી નળ સોનોરી હંસને પકડી લે છે. આ હંસ માનવ વાણીમાં બોલતા હોય છે. આવા હંસ સાથે નળની મૈત્રી બંધાય છે. એક દિવસ નળને દુઃખી જોઇને સુવર્ણ હંસ નળના હૃદયની વાત જાણી લે છે. પછી હંસ દમયંતી સમક્ષ દૂતકાર્ય કરવા વિદર્ભ પહોંચે છે. અહીં આવીને હંસ દમયંતીની સામે પોતાના સ્વામી નળના ગૂણના અને સૌંદર્યના ભરપૂર વખાણ કરે છે. જેમ નળને દમયંતીની ઝંખના છે તેમ હંસ દમયંતીને પણ નળની મોહિની લગાવે છે. હંસ દમયંતીને માલૂમ ન થાય કે પોતે નળનો પ્રેરાયેલો અહીં આવ્યો છે એ રીતે 'દૂતકાર્ય' કરે છે.

[નળાખ્યાન, કડવું : ૧૨, ૧૩]

૩૪ શિવદાસકૃત રૂપસેન ચતુષ્પદિકા, કનુભાઇ શેઠ, ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, જુલાઇ-સપ્ટેમ્બર, ૧૯૬૮, પૃ.૨૫

## ૨. કથાઘટકનું પ્રયોજન

'દૂતકાર્ય'નું કથાઘટક આપણી પૌરાણિક, ધાર્મિક, મધ્યકાલીન અનેક કથાઓમાં પ્રયોજાયું છે. 'દૂતકાર્ય'માં દૂત સંદેશાવાહકની ભૂમિકા ભજવતા હોય છે. 'દૂતકાર્ય'માં દૂતની ભૂમિકા દેવ, માનવ, પ્રાણી કે પક્ષી ભજવતાં હોય છે. આપણા પ્રાચીન ધર્મગ્રંથ 'રામાયણ'માં હનુમાન 'દૂતકાર્ય' કરે છે. સીતા રાવણની અશોકવાટિકામાં છે. રામ હનુમાન સાથે સીતાને સંદેશો પહોચાડે છે કે પોતે જીવિત છે અને તેને રાવણની કેદમાંથી છોડાવશે. અહીં હનુમાન 'પ્રેમનાં સંદેશાનું-દૂતકાર્ય' કરે છે.

## ૩. અન્ય કૃતિઓમાં દૂતકાર્યનું કથાઘટક

૩.૧. 'મેઘદૂત'[૩૫] માં અલકાનગરીના યક્ષને કુબેર એકવાર શાપ આપે છે. યક્ષને પ્રિયતમનો  વિરહ થાય છે. અને પોતાનો વિરહકાળ રામગિરી પર્વત પર વિતાવે છે. શાપના આઠ માસ પસાર થઈ જાય છે. વર્ષાના આરંભમાં પ્રિયતમાનો વિરહ અસહ્ય બની જાય છે. અષાઢ માસના પ્રારંભના દિવસે એક જળભર્યા મેઘને પોતાનો દૂત બનાવે છે. અને અલકાનગરીમાં રહેતી પ્રિયતમાને 'પ્રેમનો સંદેશો' પહોંચાડવા વિનંતી કરે છે.

૩.૨. 'રૂપસુન્દર-કથા'[૩૬]માં 'દૂતકાર્ય'નું કથાઘટક પ્રયોજાયું છે. આ કથામાં દૂતકાર્ય એક દૂતી કરે છે. રૂપસુન્દર-કથામાં રૂપાં રાજકુમારી હોવાને કારણે લોકલાજથી બચવા પોતાના પ્રેમીને સહેલાઈથી મળી શકતી નથી. ફૂલાં રણવાસની પછીતે આવેલી બારીમાં દોરડું બાંધીને સુંદરને આવવાની વ્યવસ્થા કરી આપે છે. રૂપાં-સુંદરનાં મિલનમાં ફૂલાં નિમિત્ત બને છે.

૩.૩. 'ઢોલા-મારુણી'[૩૭] લોકકથામાં 'દૂતકાર્ય' કૂરઝા-કૂરઝી નામનાં પક્ષીઓ કરે છે. ઢોલાને ઈન્દ્રપુરીમાં ગયે બાર બાર વરસ થવા આવે છે. છતાં એના કોઈ સમાચાર પ્રાપ્ત થતાં નથી. જેથી મારુણી વિલાપ કરવા લાગે છે. તેનો કરુણ વિલાપ સાંભળીને ભગવાન કૂરઝા અને કૂરઝીને મારુણી પાસે મોકલે છે. બંને પક્ષીઓને જોતા મારુણી કહે છે 'હે કૂરઝા તને ધરમનો ભાઈ બનાવું છું. બંને આ થાળીમાં મગ ચણો. સોનાની વાટકીમાં જળ પીઓ. વિરામ પામીને આ દુઃખી સ્ત્રીનો આર્તનાદ સાંભળો. રાજા રાય ઢોલો પરણીને ઈન્દ્રપુરીમાં ચાકરીએ ગયો છે. તેને ગયે બાર વરસ

૩૫ મેઘદૂત, સં.ગૌતમ પટેલ, પૃ.૧૨૬
૩૬ માધવકૃત રૂપસુંદર-કથા, સં.હસુ યાજ્ઞિક, પૃ.૪૦.
૩૭ આદિવાસી લોકાખ્યાન, સં.ભગવાનદાસ પટેલ, પૃ.૨૮૭

વહી ગયાં છે. હું કાગળ લખીને થાકી ગઇ છું પણ તેના કોઇ વળતા સમાચાર મળતા નથી. તમારે આ દુ:ખી સ્ત્રીની ભીડ ભાગવાની છે. મને રાત દિવસ ઊંઘ આવતી નથી. ઇન્દ્રપુરી કઇ બાજુ આવી છે તે હું જાણતી નથી.' મારુણીની વાત સાંભળીને કૂરઝો મારુણીને પોતાના પીંછાં પર સંદેશો લખવાનું કહે છે. જેથી કરીને પોતે ઇન્દ્રપુરી જઇને એ સંદેશો રાય ઢોલાને વંચાવે. મારુણી કૂરઝાની જમણી પાંખ પર પ્રેમનો સંદેશો લખે છે : 'ઢોલા તું મને પરણીને ગયો તે ગયો ! ઢોલા, બાગમાં કોયલ બોલે છે અને મને તારી યાદ આવે છે. તારા વાવેલા આંબાને લોળાલોળ કેરીઓ આવે છે. તું સાખ ખાવા જટ પાછો આવ. મને દિવસે કે રાત્રે નિદ્રા આવતી નથી. ઊભી થાઉ છું તો ફટક કાંચળીની કસ તૂટે છે અને ઢોલિયે બેસું છું તો ઈસ ભાગે છે. હવે તો નણંદની સોડ પણ ગંધાય છે. ઢોલા, વધુ તો શું લખુ? ઝેઝણીની વનરાજિમાં બકરીઓ સંભોગ કરીને ફળે છે ને મારો જીવ થરથર ધ્રુજે છે.' આ રીતે પ્રેમનો સંદેશો લઇને કૂરઝા-કૂરઝી ઇન્દ્રપુરી તરફ પ્રયાણ કરે છે. અહીં આવીને તેઓ ઢોલાને શોધે છે. ઢોલો સરોવર કિનારે કૂરઝા-કૂરઝીને જૂએ છે. જેથી તે હાથમાં ધનુષ્ય અને બાણ લે છે. ઢોલો બાણ કૂરઝાની પાંખ તરફ છોડે છે. જેથી તેની પાંખનાં પીંછાં નીચે પડે છે. ઢોલો પીંછાં પરના અક્ષર ઓળખી જાય છે ને મારુણીનો પ્રેમનો સંદેશો વાંચે છે. સંદેશો વાંચતા જ ઢોલો ઘોડેસવાર થઇને મારુણીને મળવા પીંગળદેશ આવે છે. આ રીતે 'દૂતકાર્ય'ના કથાઘટક વડે બન્નેનું બાર વરસે મિલન થાય છે.

- **દેશવટો કે ગૃહત્યાગનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદના જુદા-જુદા આખ્યાનમાં દેશવટો કે ગૃહત્યાગનું કથાઘટક આલેખાયું છે. 'મદાલસા આખ્યાન'માં ઋતુધ્વજનો 'ગૃહત્યાગ' આલેખાયો છે. ગાલવઋષિ યજ્ઞકાર્ય કરતા હોય છે. ત્યારે તાલકેતુ અને પાતાલકેતુ નામના બે અસૂર ભાઇઓ વારંવાર વિઘ્ન નાંખતા હોય છે. જેથી ગાલવઋષિ પોતાનો યજ્ઞ સંપન્ન કરી શકતા નહોતા. જેથી ગાલવઋષિ અયોધ્યા આવીને શત્રુજિત રાજા પાસે પોતાનો પુત્ર ઋતુધ્વજ માંગે છે. ઋતુધ્વજ ગાલવઋષિના યજ્ઞની રક્ષા કરવા માટે 'ગૃહત્યાગ' કરે છે. 'મામેરું' આખ્યાનમાં નરસિંહ કોઇ કામધંધો ન કરતાં હોવાથી ભાભી નરસિંહને વજ્ર વચન કહે છે. જેથી નરસિંહ ગૃહત્યાગ કરે છે. 'નળાખ્યાન'માં કળિથી પ્રેરાયેલો નળ

દ્યૂત રમવા માટે તૈયાર થાય છે. દ્યૂતની રમતમાં કળિ પાસામાં ભરાઈ જાય છે. જેથી નળની હાર થાય છે. નળની હાર થતા શરત મુજબ નળને ત્રણ વરસનો વનવાસ પ્રાપ્ત થાય છે.

[મદાલસા-આખ્યાન, કડવું : ૭; મામેરું, કડવું : ૧; નળાખ્યાન, કડવું : ૪, ૫]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'દેશવટો કે ગૃહત્યાગ'નાં કથાઘટકમાં કેટલાંક નિમિત્તો પ્રયોજાયાં હોય છે. જેમકે 'યાત્રા કે જાત્રા', 'અપરમાંનુ આળ કે ઠપકો', 'ગુનાની શિક્ષા', 'અન્ય દેશ સાથે યુદ્ધ', 'વિદ્યા પ્રાપ્તિ' વગેરે.

**૩. અન્ય કૃતિઓમાં દેશવટો કે ગૃહત્યાગનું કથાઘટક**

૩.૧. 'શીલોપદેશમાલા-બાલાવબોધ'[૩૮]માં અગડદત્તના કથાનકમાં અગડદત્ત રાજકુમાર સર્વ દોષથી ભરેલ હતો. આથી પ્રજાજનોએ એકવાર રાજાને અગડદત્તના વર્તન વિશે ફરિયાદ કરી. ફરિયાદને કારણે રાજાએ રાજકુમારને ઠપકો આપ્યો. આથી રાજકુમાર રિસાઈને રાત્રે ગૃહત્યાગ કરે છે. અહીં અગડદત્તના 'ગૃહત્યાગ'માં રાજાનો ઠપકો નિમિત્ત બને છે.

૩.૨. 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'[૩૯]માં શ્રીપતરાય રાજાનો બત્રીસલક્ષણો કુંવર ચંદ્રસેન ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને ગૃહત્યાગ કરે છે. અહીં ગૃહત્યાગમાં યાત્રા નિમિત્ત બને છે.

૩.૩. 'ઓઢો જામ અને હોથલ પદમણી'[૪૦] લોકકથામાં ભાભી મીના ઓઢાનું કામદેવ જેવું સ્વરૂપ જોઈને મોહાંધ બને છે. પતિ ગાયો-ભેંસોનું હરણ કરી ગયેલા સરદારો પાછળ દોડ્યો છે. ઓઢાના લગ્નનાં ચોરી-ફેરાનું કામ પૂરું થતાં તે ભાભીને પગે લાગવા માટે આવે છે. ઓઢાને પોતાના મહેલમાં આવતા જોઈને ભાભી ખૂશ થાય છે. ભાભી પોતાના હૃદયની વાત કરતાં ઓઢાને કહે છે કે : 'તું નીચે નહિ પલંગ પર બેસ ત્યારે ઓઢો આ પલંગ પર બેસવાનો પોતાના ભાઈનો હક્ક

૩૮ મેરુસુન્દરગણિ-વિરચિત શીલોપદેશમાલા-બાલાવબોધ, સં.હરિવલ્લભ ભાયાણી અને અન્ય, પૃ.૧૫૫
૩૯ શામળ ભટકૃત ચંદ્ર-ચંદ્રાવતી વારતા, સં. હીરા રામનારાયણ પાઠક, પૃ.૫
૪૦ કચ્છના લોકસાહિત્યમાં પ્રેમકથાઓ, દુલેરાય કારાણી, પૃ. ૧૦૩

છે' એમ કહીને ત્યાંથી નીકળી જાય છે. જેથી ભાભી પોતાના અપમાનનો બદલો લેવા માટે જ્યારે હોથી હરાયેલું ધન લઈને પાછો આવે છે ત્યારે તેના ભાઇ પર 'વ્યભિચારનું આળ' મૂકે છે. જેથી ઓઢો ભાઇને રામ રામ કરવા આવે છે ત્યારે ભાઇ પોતાને ખરું ખોટુ સંભળાવે છે. ઓઢો સઘળી બીના સમજી જતાં 'ગૃહત્યાગ' કરે છે.

૩.૪. 'રાક્ષસીના ખેલ અને રાજકુમાર'[૪૧]નામની લોકકથામાં એક ગામમાં સાત ભાઈઓ રહેતાં હતા. એ બધાજ ભાઈઓ સોનીનો વેપાર કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. પોતાના ગામમાં રહીને ગુજરાન કરવું મૂશ્કેલ થતા બધા ભાઈઓ પોતાનું નસીબ અજમાવવા ગામ છોડીને જતા રહે છે.

- **નજરકેદનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

નાયિકાના 'નજરકેદ'નું કથાઘટક 'ઓખાહરણ' આખ્યાનમાં આલેખાયું છે. બાણાસૂર ઈશ્વરનું તપ કરીને તેમની પાસેથી હજાર હાથ અને કોઇ દેવ, દાનવ, માનવ,પશુ, પક્ષી તેને મારી ન શકે એવુ વરદાન માંગે છે. વરદાનના કારણે બાણાસૂર અભિમાની બને છે. તે બધા સાથે યુદ્ધ કરે છે. જ્યારે તેની સામે કોઇ યુદ્ધ કરવાવાળું નથી મળતું તો બાણાસૂર શિવને જ 'વઢો કાં વઢનાર દો.' એમ કહે છે. એથી શિવ 'તારી પૂત્રીનો વડસસરો તારા મૃત્યુનુ કારણ બનશે.' એમ જણાવે છે. એટલે બાણાસૂર પુત્રી ઓખાને નજરકેદમાં રાખે છે. જેથી તે કોઇ પુરુષના સંગમાં ન આવે.

[ઓખાહરણ, કડવું : ૪]

**૨. કથાઘટકનું પ્રયોજન**

આ કથાઘટક સામાન્યરીતે પુત્રી કે પત્નીના શીલરક્ષણ માટે અથવા તો કોઇ ભવિષ્યવાણીને મિથ્યા પૂરવાર કરવા માટે પ્રયોજાય છે. આ કથાઘટકની વિશેષતા એ છે કે પુત્રી, રાજકુમારી કે

૪૧ હિમાચલી લોક-કથાએ, સં. સુદર્શન વશિષ્ઠ, ૭૮

પત્નીને મહેલમાં જ નજરકેદ રાખી હોવા છતાં તે એક કે બીજી રીતે કોઇ પુરુષના પ્રેમમાં પડે છે અથવા તો સંપર્કમાં આવે છે.

**૩. અન્ય કૃતિઓમાં નજરકેદનું કથાઘટક.**

૩.૧. 'કથાસરિત્સાગર'[૪૨]માં રત્નાધિપતિ રાજાની કથા આલેખાઇ છે. એકદિવસ રાજા રત્નાધિપતિ વાણિયાની પત્ની શીલવતીથી પ્રભાવિત થઇને તેના જેવી કોઇ સ્ત્રી હોય તો તેની સાથે પોતાના લગ્ન કરાવવાનું કહ્યું. જેથી શીલવતી પોતાની બહેન સાથે રાજાના લગ્ન કરાવવા તૈયાર થઇ. પરંતુ જોશીએ રાજાના ત્રણ મહિના પછીના લગ્ન માટેનું ઉત્તમ મુહૂર્ત કાઢ્યું, કેમકે જો આજેને આજે તેના લગ્ન થાય તો એ સ્ત્રી ખરાબ ચાલની થાય. રાજાએ તેની સાથે એજ દિવસે લગ્ન કર્યા અને પેલી સ્ત્રીને નજરકેદમાં રાખી. અને પુરુષના દર્શન ન થાય એવી ગોઢવણ કરે છે. તેમ છતાં આ સ્ત્રી એક વાણિયાના પ્રેમમાં પડે છે.

૩.૨ 'અંડભૂત-જાતક'[૪૩]માં બોધિસત્વ વારાણસીના રાજા હતા. તે રાજપુરોહિત સાથે જુગાર રમતા હતા. જુગારમાં રાજાની જીત થઇ ને પુરોહિતની હાર. પુરોહિત જુગાર રમતી વખતે એક શ્લોક બોલ્યા કરતો-જેનો ભાવાર્થ આ પ્રમાણે હતો :

"બધી નદીઓ વાંકીચૂકી હોય છે
જંગલમાં લાકડાં હોય છે
અને બધી સ્ત્રીઓ મોકો મળે તો દુરાચાર
કરતી હોય છે."

આ શ્લોક બોલીને પુરોહિત વિચાર કરતો કે મારે એવી સ્ત્રીને પરણવી જોઇએ. જેને પરપુરુષનું મોં પણ ન જોયું હોય. જો આવી સ્ત્રી સાથે પરણું તો જેના સત વડે જુગારમાં મારી જીત થાય. તે આવી સ્ત્રીને શોધે પણ છે. ત્યારબાદ પુરોહિત પોતાની પત્નીને સાત માળની હવેલીમાં રાખે છે. જ્યાં કોઇ ચકલું પણ જઇ ન શકે ને તે પણ ત્યાંથી બહાર નીકળી ન શકે. આ રીતે

૪૨ કથાસરિત્સાગર, રત્નપ્રભા લંબક, તરંગ ૨જો, પૃ.૩૦૩
૪૩ બુદ્ધ-જાતક-ચિંતન : ૧, સ્વામી સચ્ચિદાનંદ, પૃ.૬૮

પરપુરુષનો સંપર્ક ન થાય અને તેના સતીત્ત્વને આંચ ન આવે. પુરોહિત હવે જુગારમાં જીતવા લાગે છે. જેથી રાજા વિચારે છે કે પુરોહિતનાં ઘરમાં સતી સ્ત્રી છે. જેથી રાજા એ સ્ત્રીના સતીત્વને નષ્ટ કરવા એક લુચ્ચા માણસને મોકલે છે. પેલો ધૂર્ત પુરોહિતની હવેલી સામે જ શૃંગારની દુકાન કરે છે. તે પુરોહિતની હવેલીમાં જતી-આવતી એક માલણનો સંપર્ક કરે છે. પુરોહીતની સ્ત્રી માલણને રોજ શૃંગારની નવી નવી વસ્તુઓ લાવતી જોતી. માલણે હવેલી બહાર પેલા જુવાનની વાત કરી. પછી પુરોહિતની પત્ની પેલા ધૂર્ત પ્રત્યે આકર્ષાય છે. માલણ ગમે તે રીતે પેલા યુવનને હવેલીમાં લઇ આવે છે. પેલો ધૂર્ત હવેલીમાં આવીને પુરોહિતની પત્નીનું સતીત્વ નષ્ટ કરે છે.

૩.૩ 'મયુર રાજા'[૪૪] લોકકથામાં મણિમાળાની કથા આલેખાઇ છે. એક રાજા અને રાણી હતા. એમને બે નાના દીકરા હતા. થોડા સમય પછી તેમને એક કુંવરી જન્મી. કુંવરીનું નામ મણિમાળા પાડ્યું. રાણીએ પરીઓને દીકરીનું નસીબ કેવું છે તે જોવા કહ્યું. પરીઓએ કહ્યું, 'તમારી કુંવરીને લીધે તમારા દીકરાઓને માથે બહુ દુઃખ પડશે. કદાચ એ મરી યે જાય.' આ વાત રાણી રાજાને કહે છે. રાજા કુંવરીને મારી નાખવાનું જણાવે છે. રાણી ના પાડે છે. પછી બેય નક્કી કરે છે કે જંગલમાં એક કિલ્લો બાંધીને તેમાં મણિમાળાને રાખવી. રાજમહેલની પાછળ એક મોટું જંગલ હતું. ત્યાં મોટી મોટી દિવાલોવાળો એક કિલ્લો બંધાવ્યો, ને રાજકુંવરીને એમાં રાખી. રોજ સાંજે રાજા-રાણી બે કુંવરને લઇને કુંવરીને મળી આવે. આ રીતે 'ભવિષ્યવાણી' મિથ્યા કરવા મણિમાળાને એકાંતવાસમાં નજરકેદમાં રખાય છે.

- **નાયક કે નાયિકાના અપહરણનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદકૃત 'ઓખાહરણ'માં ચિત્રલેખા-અનિરુદ્ધનું અને 'મદાલસા-આખ્યાન'માં પાતાલકેતુ મદાલસાનું તથા 'દશમસ્કંધ'માં ગોપીઓનું અપહરણ એક યક્ષ કરે છે.

[ઓખાહરણ, કડવું : ૧૧; દશમસ્કંધ, કડવું : ૯૯]

૪૪ દાદાજીની વાતો, ઝવેરચંદ મેઘાણી, પૃ.૧૧૪

### ૨. કથાઘટકનું પ્રયોજન

'નાયિકાનું અપહરણ'નું કથાઘટક છેક આપણી પૌરાણિક કથા રામાયણ-મહાભારતમાંથી જુદી-જુદી રીતે વિસ્તાર પામ્યું છે. 'નાયિકાનાં અપહરણ'માં મોટેભાગે ખલપાત્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ખલપાત્ર નાયિકાના સૌંદર્યથી મોહ પામી તેનું અપહરણ કરતો હોય છે. ક્યારેક સંજોગોવશાત્ નાયક એવી પરિસ્થિતિમાં મૂકાય છે જેથી તેને નાયિકાનું અપહરણ કરવું પડતું હોય છે. નાયક નાયિકાનું અપહરણ પ્રેમને વશ થઈને કરતો હોય છે, તો ક્યારેક ઈષ્ટભાવનાથી પ્રેરાઈને પણ નાયિકાનું અપહરણ થતું હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં નાયક કે નાયિકાના અપહરણનું કથાઘટક

૩.૧. સમયસુંદરકૃત 'મૃગાવતી ચરિત્ર ચોપાઈ'[૪૫]માં નાયિકા સગર્ભા હોય છે. જેથી તેને લોહીવાળા તળાવના પાણીમાં સ્નાન કરવાનો દોહદ થાય છે. રાજા તેના દોહદને પૂર્ણ કરવા માટે તળાવમાં લોહીવાળા પાણીમાં સ્નાન કરવાની વ્યવસ્થા કરે છે. નાયિકા સ્નાન કરતી હોય છે ત્યારે એક પક્ષી તેને માંસનો લોચો સમજીને તેનું અપહરણ કરે છે.

૩.૨. 'રણથંભગઢની વારતા'[૪૬]માં 'નાયિકાના અપહરણ'નું કથાઘટક આલેખાયું છે. એકવાર એક ગંધર્વને એક બાવો રણથંભગઢના ચક્રસેનની કુંવરીના સ્વયંવરની વાત કરે છે. જેથી ગંધર્વ ત્યાં જવાનું કહે છે. પરંતુ ત્યાં જતા તો છ માસ લાગે એમ છે. ત્યારે બાવાજી તેને પવનપાવડી આપે છે. જેની સહાયથી સવાઘડીમાં તે રણથંભગઢ પહોંચે છે. સ્વયંવરના દિવસે હાથણી ગંધર્વ પર કળશ ઢોળે છે. લગ્નવેળા થતાં કન્યા ન્હાવા બેઠી હોય છે ત્યારે એક રાક્ષસ આવીને તેનું અપહરણ કરે છે.

૩.૩. 'બગથલાને પાદરે'[૪૭] લોકકથામાં મોરબીથી એક ગાઉ દૂર ધૂતારી નદીના પટમાં એક ઘોડેસવાર પસાર થઈ રહ્યો હતો. ત્યાં સામે કાંઠે એક ઊંટને ઝડપથી ઊતરતા જૂએ છે. ખેતાજી નામનો ઘોડેસવાર ઊંટની નજદીક આવી પહોંચે છે. ત્યારે ઊંટ પરથી અવાજ આવે છે :'એ ખેતાજી

૪૫ કવિવર સમયસુંદરકૃત મૃગાવતીચરિત્ર ચૌપઈ, સં.અગરચંદ નાહટા અને રમણલાલ ચિ. શાહ, પૃ.૧૦
૪૬ મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પહેલો ખંડ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૨૩૩
૪૭ લોકવાર્તાઓ, સં.ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, પૃ. ૧૨૨

કાકા !' ખેતાજી આખી પરિસ્થિતિને પામી જાય છે. ખેતાજી ઊંટ સવારને ઓળખે છે. મોરબીના મુસલમાન ફોજદારનો છોકરો ફૂલપરની આયરની કન્યા કલુને ઉપાડીને લઈ જતો હતો. આ રીતે ફોજદારનો છોકરો પોતાની હવસ સંતોષવા કલુનું અપહરણ કરે છે.

- **પ્રિયજનના મેળાપની પ્રયુક્તિનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'પ્રિયજનના મેળાપની યુક્તિનું' કથાઘટક 'ઓખાહરણ' અને 'નળાખ્યાન'માં આલેખાયું છે. 'ઓખાહરણ'માં સ્વપ્નમાં ઓખા અનિરુદ્ધ સાથે લગ્ન કરે છે. સ્વપ્નમાંથી તે જાગી જતા બેબાકળી બને છે. તે અનિરુદ્ધને શોધે છે. ત્યારે ચિત્રલેખા કૃષ્ણનું ચિત્ર દોરે છે. જેથી ઓખા લાજ કાઢે છે. પછી ચિત્રલેખા અનિરુદ્ધનું ચિત્રદોરે છે. આ રીતે ચિત્રાવલિમાં ચિત્ર દ્વારા 'પ્રિયજનનું મિલન' થાય છે. 'નળાખ્યાન'માં પ્રિયજનનું મિલન ગાથા દ્વારા થાય છે. દ્યૂતમાં નળની હાર થતા શરત મુજબ તેને વનવાસ પ્રાપ્ત થાય છે. વનવાસમાં દમયંતી પણ નળની સાથે જાય છે. કળિના પ્રભાવથી બંને એકબીજાથી છૂટાં પડે છે. એકવાર સુદેવ નળના જીવનની ગાથા કહેતો હોય છે ત્યારે એક વ્યક્તિ એ અધૂરી ગાથાને ગાય છે. એટલે સુદેવના મનમાં શંકા જાય છે કે આ જ નળ છે. આ રીતે 'ગાથા' દ્વારા ખોવાયેલાં પ્રિયજનનોનું મિલન થાય છે.

[ઓખાહરણ, કડવું : ૧૦; નળાખ્યાન, કડવું : ૫૧]

**૨. કથાઘટકનું પ્રયોજન**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કથાઘટક એક વિશિષ્ટ કથાપ્રયુકિત તરીકે પ્રયોજાયું છે. પ્રિયજનના મેળાપ માટે કે ખોવાયેલાં કે વિખૂટા પડેલાંઓની ભાળ માટે જુદી-જુદી પ્રયુકિતઓ વપરાય છે. જેમકે દુહા કે ગાથા દ્વારા ભાળ, ચિત્રપટ દ્વારા ભાળ, પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ, પોતાનું ચિત્રપટ કે પ્રતિકૃતિ અથવા તો અન્ય વ્યકિતનું ચિત્રપટ કે પ્રતિકૃતિ, તળાવ ખોદાવવાની પ્રયુકિત વગેરે. આ પ્રયુકિતઓ દ્વારા છૂટાં પડેલાઓની ભાળ મળે છે ને તેમનું મિલન થાય છે.

### ૩. અન્ય કૃતિઓમાં પ્રિયજનના મેળાપની યુક્તિનું કથાઘટક

૩.૧. 'કથાસરિત્સાગર'[૪૮]માં કર્પૂરિકાની કથામાં પૂર્વભવે છૂટાં પડેલાં પ્રિયજનોનું મિલન આ ભવે 'ગાથા' દ્વારા થાય છે. નરવાહન પૂર્વ જન્મે હંસ અને કર્પૂરિકા હંસી હતી. તેઓ સમુદ્રના કિનારા પર ચંદનના વૃક્ષ પર રહેતા હતા. હંસીને બચ્ચાં અવતર્યાં. આ બચ્ચાંને મહાસાગર પોતાના મોજાથી પાણીમાં ઘસડી ગયો. આ રીતે બચ્ચાંઓનું મૃત્યુ થતા હંસ અને હંસીએ પણ સમુદ્રના પાણીમાં ઝંપલાવ્યું. નરવાહનને માલુમ થયું કે પોતાની હંસી આ જન્મે સમુદ્રના સામા કિનારે કર્પૂરિકા તરીકે અવતરી છે. જેથી નરવાહન નગરમાં આવી-'અરે પ્રિય હંસી! અરે પ્રિય હંસી !' એમ રટવા લાગ્યો. કર્પૂરિકાએ આ વાત દાસી પાસેથી સાંભળી. જેથી તેને ખાતરી થઇ ગઇ કે આ જ પૂર્વજન્મનો હંસ છે.

૩.૨. 'હંસાઉલિ' [૪૯]માં 'પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ' દ્વારા છૂટાં પડેલાઓનું મિલન થાય છે. ચિતારાએ વન, આંબાનું ઝાડ, પોપટી અને બચ્ચાંનું અગ્નિસ્નાન, વગેરે પ્રસંગો ચિત્રાવલિમાં જે તે ચિત્રનાં શીર્ષકો સાથે પ્રગટ કર્યાં છે. હંસાઉલિએ પોતાના પૂર્વભવના પ્રસંગો ચિત્રાવલિમાં જોયા. આથી તે વિલાપ કરતી મૂર્છિત પામી. આથી ચિતારાએ હંસાઉલિને કહ્યું કે પોપટ ફરીથી જન્મ્યો છે. તે શાલિવાહનના પુત્ર નરવાહન રાજા તરીકે અવતરેલો છે. જેથી હંસાઉલિ સ્વયંવર યોજીને નરવાહન સાથે વિવાહ કરે છે. આ રીતે પૂર્વભવે છૂટાં પડેલાં પોપટ-પોપટીનું મિલન આ ભવે 'ચિત્રપટ પર પ્રયોજેલાં દશ્યો દ્વારા' થાય છે.

૩.૩. 'કામાવતીની વાર્તા' [૫૦]માં કામાવતી કામકુંવર તરીકે સ્થંભનગરનું રાજ્ય મેળવી તે રાજ્ય કરે છે. આ સમયે પોતે કરણકુંવરની ભાળ મેળવવા પ્રયત્ન કરે છે. આથી ચિતારા પાસે પોતાની પ્રતિકૃતિ દોરાવી નગરની ભાગોળે લટકાવે છે. આ પ્રતિકૃતિને જોઈને જોગીવેશે આવેલો કરણકુંવર ઓળખી કાઢે છે. આ રીતે વિખૂટાં પડેલા બન્ને પ્રેમીઓનું મિલન થાય છે.

૩.૪. 'રોમ સીતમાની વારતા'[૫૧] અયોધ્યામાં બેઠેલા રામને બે ભાઇઓની જોડી દેખાય છે ને સીતાની યાદ આવે છે. રામને વનમાં જવાની પ્રતિજ્ઞા હોય છે. જેથી રામ એક પ્રયુકિત કરે છે. તે

૪૮ કથાસરિત્સાગર, રત્નપ્રભા લંબક, તરંગ ૯મો, પૃ.૩૭૮

૪૯ હંસાઉલિ, સં. કે.કા.શાસ્ત્રી, પૃ. ૨૦

૫૦ શિવદાસકૃત કામાવતીની વાર્તા, પ્રવીણ અ.શાહ, પૃ.૩૪૩

૫૧ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૯૦

ઘોડારમાં જાય છે ને ઘોડાની જોડ બહાર કાઢે છે. રામ ઘોડાઓને વનમાં જવાનું કહે છે. વનમાં મારા પુત્રો તમને બાંધશે. જેથી હું તમને શોધવાના બહાને વનમાં આવીશ. ઘોડાઓ રામ કહે છે તેમ કરે છે. ઘોડાઓ વનમાં જાય છે. જેથી લવ કુશ ઘોડાઓને બાંધે છે. રામ ઘોડાઓને છોડાવવા આવે છે. સીતા લવ કુશને તેમના પિતાનો પરિચય આપે છે. રામ લવ કુશ અને સીતાને અયોધ્યા લઇ જાય છે. આ રીતે ઘોડાઓ મોકલવાની પ્રયુકિત દ્વારા વિખૂટા પડેલા પ્રિયજનોનું મિલન થાય છે.

- **પ્રભુની ભક્તને સહાયનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'પ્રભુની ભક્તને સહાય' નું કથાઘટક 'હૂંડી', 'સુદામાચરિત્ર', જેવાં આખ્યાનોમાં પ્રયોજાયું છે. 'હુંડી' આખ્યાનમાં એક તીરથવાસી નરસિંહ પાસે હુંડી લખાવવા આવે છે. નરસિંહ તેને દ્વારિકાના શેઠની હુંડી લખી આપે છે. તીરથવાસી દ્વારિકા આવીને શામળા શેઠને શોધે છે. શામળો શેઠ તેને ક્યાંય પ્રાપ્ત થતો નથી. ત્યારે પ્રભુ શામળો શેઠ તીરથવાસી પાસે આવે છે ને નરસિંહે લખેલી હુંડી વટાવી આપે છે.

'સુદામાચરિત્ર'માં સુદામા પત્નીના કહેવાથી દ્વારિકામાં કૃષ્ણ પાસે જાય છે. જેમ 'મામેરું'માં નરસિંહની નાગરી નાત મશ્કરી કરે છે તેમ દ્વારકા નગરીના લોકો સુદામાની મશ્કરી કરે છે. સુદામો આવ્યો છે એની જાણ થતા કૃષ્ણ દોડીને ભેટી પડે છે. કૃષ્ણની સૌ રાણીઓ વિમાસણમાં પડી જાય છે. તેઓ સુદામાને જોઈને આશ્ચર્ય પામે છે. ક્યાં વૈભવી કૃષ્ણ અને ક્યાં ગરીબ બ્રાહ્મણ સુદામા. સુદામા છેક સુધી કૃષ્ણને કહેતા નથી કે પોતે અહીં શા માટે આવ્યો છે. પરંતુ કૃષ્ણ સુદામાની વાત જાણી જાય છે. છેલ્લે સુદામા પોતાના નગરમાં આવે છે ત્યારે તે પોતાના ઘરની જગ્યાએ વૈભવી મહેલ જૂએ છે. આ રીતે 'પ્રભુ ભક્તને સહાય' કરે છે.

[હૂંડી, કડવું : ૬; સુદામાચરિત્ર, કડવું : ૧૧]

### ૨. કથાઘટકનું પ્રયોજન

આ કથાઘટકમાં મુખ્યત્વે ભક્ત જ્યારે કોઇ મુશ્કેલી અનુભવે ત્યારે ભગવાન તેને સહાય કરીને, આપત્તિમાંથી ઉગારે છે. આમ જુઓ તો એ ભક્તચરિત્ર વિષયક કૃતિઓની સંરચનાનું મુખ્ય ઘટક છે. એનાથી ભક્તિપ્રધાન કૃતિઓને આકાર આપે છે. પૌરાણિક કથાઓથી માંડીને છેક મધ્યકાલીન કથાઓમાં આ કથાઘટક ઘણી વાર પ્રયોજાયું છે.

### ૩. અન્ય કૃતિઓમાં પ્રભુની ભક્તને સહાયનું કથાઘટક

૩.૧ 'નવ નોળિયા, દસમા દવે અને અગિયારમા બાઇ તમે'[૫૨] લોકકથામાં એક ગરીબ બ્રાહ્મણ અને બ્રાહ્મણી હતા. તેમને નવ છોકરા હતા. આ ગરીબ પરિવારમાં ખાવાનાય ફાંફાં હતા. બ્રાહ્મણીનું પિયર ગામમાં જ હતું. પિયરમાં ભાઇ-ભોજાઇ હતા. બ્રાહ્મણીની ભાભી વાંકાબોલી હતી. સંપત્તિ ખૂબ હતી, પણ સંતતિની ખોટ હતી. એકવાર પુરુષોત્તમ માસ આવ્યો ભાભીએ અને નણંદે બંનેએ વ્રત લીધું. સૌએ પોતાની યથાશક્તિ મુજબ વ્રત ઉજવ્યું, પૈસાદાર ભાભીએ સમગ્ર ગામના બ્રાહ્મણોને જમવા માટેનું નોતરું આપ્યું અને નણંદને પોતે બોલાવે ત્યારે આવવાનું કહ્યું. અડધી રાત થઇ ત્યાં સુધી ભાભીને ત્યાંથી કોઇ બોલાવવા ન આવ્યું. છોકરાઓ ભૂખે ઊંઘી ગયા. નણંદ કોઇને ખબર ન પડે એમ છોકરાઓ માટે સૌનાં એઠાં પતરાળાં લઇ આવે છે. પતરાળાંમાંથી તે બચેલા લડુ લઇ લે છે. સવારે એ પતરાળાં નાખવાં જાય છે ત્યારે પ્રભુની કૃપાથી સૌ પતરાળાં સોનાનાં બની જાય છે. આ રીતે 'પ્રભુ ભક્તને સહાય' કરે છે.

૩.૨ 'નંદબત્રીસી'[૫૩]માં પ્રધાનપત્ની અગ્નિમાં પ્રવેશીને પોતાના સતીત્વની કસોટી પાર કરે છે. તેમ છતાં પ્રધાન, પત્નીનું સતીપણું માનવા તૈયાર નથી. પત્ની રાજા નંદને જો સજીવન કરી બતાવે તો જ તે સતીપણું માનવા તૈયાર થાય છે. જ્યારે પ્રધાનપત્ની ધરતીમાં સમાવા જાય છે ત્યારે શેષનાગ અવધૂત વેશે ત્યાં પ્રગટ થાય છે. પ્રધાનપત્ની અવધૂતને પોતાના પરનું કલંક દૂર કરવા રાજા નંદને સજીવન કરવા વિનંતી કરે છે. અવધૂત વેશે આવેલ શેષનાગ રાજાને સજીવન કરે છે. આ રીતે 'પ્રભુ ભક્તને સહાય' કરે છે.

---

૫૨ ગુજરાતની લોકકથાઓ, સં. જોરાવરસિંહ જાદવ, પૃ.૧૧૭
૫૩ શામળભટકૃત નંદબત્રીસી, સં.હસુ યાજ્ઞિક, પૃ.૧૪૦

૩.૩. ચીની લોકકથા 'જાદુઇ કમળફાનસ'[૫૪]માં ચીનનાં મધ્યપશ્ચિમમાં હુઆ નામનો એક પર્વત હતો. પર્વત પર દેવી શેંગ્યુનું મંદિર હતુ. એક વાર આ પર્વતના ખીણપ્રદેશમાં રોગચાળો ફાટી નીકળે છે. લોકો અસાધ્ય રોગથી પીડાતા હતા. રોગચાળાના કારણે લોકો નિઃસહાય બને છે ને મરવા લાગે છે. જેથી દેવી પર્વત પરથી ખીણપ્રદેશમાં આવે છે. દેવી જાદૂઇ ફાનસની શક્તિ વડે લોકોને રોગમુક્ત કરે છે. પોતાની પ્રજા રોગમુક્ત થાય નહીં ત્યાં સુધી દેવી પ્રજાની સહાય કરવાનું કહે છે.

- **બુદ્ધિચાતુર્યનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

આ કથાઘટક 'ચંદ્રહાસાખ્યાન'માં પ્રયોજાયું છે. ધૃષ્ટબુદ્ધિ ચંદ્રહાસને કપટપૂર્વક પોતાના નગરમાં પત્ર લઇને મોકલે છે. પત્રમાં આવનારને વિષ આપી દેવાની વાતનું આલેખન હતુ. આ પત્ર વિષયા વાંચે છે. જેથી વિષયા, પત્રમાં વિષને વદલે વિષયા કરીને ચંદ્રહાસને ઉગારે છે. તો 'રણયજ્ઞ'માં રાવણ અંબાજીનું તપ કરવા બેઠો છે. જો આ તપમાં નિકુંભનો રથ પ્રાપ્ત થશે તો તેને હરાવવો મુશ્કેલ છે. કેમેય કરીને રાવણનાં તપનો ભંગ થતો નથી. છેવટે અંગદ મંદોદરીને રાવણની સામે લઇ આવે છે. આ રીતે રાવણનાં તપનો ભંગ થાય છે અને યુદ્ધમાં તેની હાર થાય છે.

[ચંદ્રહાસાખ્યાન, કડવું : ૧૫; રણયજ્ઞ, કડવું : ૨૪]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'બુદ્ધિચાતુર્ય' દ્વારા આવી પડેલ સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થતો હોય છે. નાયક કે નાયિકાનાં જીવનમાં અણધારી મૂશ્કેલી કે આપત્તિ આવી ચઢે છે ત્યારે બુદ્ધિની ચતુરાઇ દ્વારા એ સમસ્યાનું સમાધાન થતુ હોય છે. જેમકે બુદ્ધિચાતુર્ય વડે નાયિકા પોતાના ચારિત્ર્યની કે નાયકનાં પ્રાણની રક્ષા કરતી હોય છે.

---

૫૪ સન્ધિ,વર્ષ : ૭-૨૦૧૩ અંક : ૪( સળંગ અંક : ૨૮) સં. બાબુ સુથાર, મીના શાહ, પૃ.૯૯

### ૩. અન્ય કૃતિઓમાં બુદ્ધિચાતુર્યનું કથાઘટક

૩.૧. 'ચંપકશેઠ ચૌપઇ'[૫૫]માં ચંપાનગરીમાં ચંપકશેઠ રહેતા હોય છે. વૃદ્ધદત્ત, ચંપક શેઠેને પોતાની પુત્રીનો ભાવિ વર માની તેની પૂછપરછ કરે છે. ચંપક શેઠે પોતાનું વૃતાંત કહી સંભળાવ્યું. વૃદ્ધદત્તે પોતાના ધનનો ભાવિભોક્તા જીવતો હોવાથી તે ચંપક શેઠનું કાસળ કાઢી નાખવાનું વિચારે છે. તે ચંપક શેઠને પોતાની સાથે વેપારમાં ભાગીદાર બનાવે છે. એક દિવસ તેને ઉજ્જૈન મોકલે છે. તેની સાથે પોતાના ભાઇ પર એક પત્ર લખી મોકલાવે છે, પત્રમાં પત્ર લાવી આવનારનું કાસળ કાઢી નાખવું એ વાતનું આલેખન હોય છે. ચંપક શેઠ ચંપાનગરમાં આવે છે. ત્યાં ઘરમાં વૃદ્ધદત્તની પુત્રી સિવાઇ કોઇ ન હતું. ચંપકકુમાર એ પત્ર તિલોત્તમાને આપે છે. પત્ર વાંચીને તે આશ્ચર્ય પામે છે. તે ચંપકકુમારને જોઇને પ્રેમમાં પડે છે. જેથી તે પિતાના અક્ષરોની નકલ કરીને બીજો પત્ર લખે છે. જેથી પત્રમાં જણાવ્યાનુસાર તિલોત્તમાનાં લગ્ન સૌ ચંપક શેઠ સાથે કરાવે છે.

૩.૨. 'ગ્રામિણચંડ જાતક'[૫૬] માં વારાણસીમાં જનસંઘ રાજા રાજ્ય કરતો હતો. તેને આદર્શવદન નામે રાજકુમાર હતો. રાજકુમાર સાત વરસનો હતો ત્યારે રાજા મૃત્યુ પામે છે. જેથી સૌ અમાત્યો મંત્રણા કરે છે. એક દિવસ અમાત્યો કુંવરને ન્યાયાલયમાં બોલાવે છે. કુંવર આવીને સિંહાસન પર બેસે છે. ત્યાં અમાત્યો બે પગે ચાલી શકતા એક વાનરને વાસ્તુવિદ્યાના આચાર્યનો વેશ પહેરાવીને ન્યાયાલયમાં લઇ આવે છે. તેઓ કહે છે : 'આ માણસ આપણા સ્વર્ગસ્થ મહારાજાના સમયથી વાસ્તુ આચાર્ય તરીકે રહેલા છે. એ પોતાની વિદ્યામાં પ્રવીણ છે. ભૂગર્ભમાં રહેલ સાત રત્નો સુધી તેમનો ગુણદોષ જોઇ શકે છે. રાજપ્રસાદ ક્યાં બાંધવો તેનું સ્થાન એ બતાવે છે.' આપ એને સેવામાં રાખી લો અને વાસ્તુ આચાર્યનું પદ આપો. કુમાર તેને ઉપર-નીચેથી જૂએ છે, તે સમજી જાય છે કે આ કોઇ માનવ નહીં પરંતુ વાનર છે. તે સૌને કહે છે 'જેનો સ્વભાવ જે કાંઇ બનેલું હોય તે ભાંગી તોડી ખતમ કરવાનો છે. તે કશું નવનિર્માણ કરી શકતો નથી કે વિચારી શકતો નથી.' આ રીતે સૌ અમાત્યો કુંવરની બુદ્ધિની પરખ કરીને તેનો રાજ્યાભિષેક કરે છે.

૫૫ મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પહેલો ખંડ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૦૨
૫૬ જાતકકથા-મંજૂષા, અણસરજી ઉપાધિ અને બુદ્ધિની બલિહારી, પૃ.૧૧૩

- **ભવિષ્યવાણીનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદકૃત 'ચંદ્રહાસાખ્યાન'માં ગાલવઋષિ 'ભવિષ્યવાણી' કરે છે. પંગતમાં સૌ બ્રાહ્મણોની સાથે ચંદ્રહાસ પણ જમતો હતો. ધૃષ્ટબુદ્ધિ ભિખારી સમજીને તેને ધુત્કારે છે. જેથી ગાલવઋષિ ચંદ્રહાસ તેનો ભાવિ જમાઇ થશે એવી 'ભવિષ્યવાણી' કરે છે

[ચંદ્રહાસાખ્યાન, કડવું : ૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'ભવિષ્યવાણી' જુદા-જુદા પ્રકારની થતી હોય છે, જેમકે ભવિષ્યમાં આવનાર આપત્તિનું સૂચન અને મુશ્કેલીમાંથી ઉગાર, ચક્રવર્તી રાજા થશે કે મૃત્યુનું નિમિત્ત બનશે અથવા તો આવનાર ઘાત વગેરે. 'ભવિષ્યવાણી'નાં કથાઘટક વડે નાયક કે કથામાનું પાત્ર આપત્તિ કે મુશ્કેલીમાંથી બચવાનો પ્રયત્નો કરે છે, ક્યારેક તેમાં નાયક સફળતા પ્રાપ્ત પણ કરે છે તો ક્યારેક દુરિત પાત્ર હોય તો અસફળ થાય છે. જેમકે કંસ.

**૩. અન્ય કૃતિઓમાં ભવિષ્યવાણીનું કથાઘટક**

૩.૧. 'સ્કંદપુરાણ'[૫૭]માં 'સિમન્તી' નામની એક કન્યાની કથા આલેખાઇ છે. સિમન્તી ચિત્રવર્મા નામનાં રાજાની કન્યા છે. તેનો જન્મ થતાં રાજાને તેનું ભવિષ્ય જાણવાની ઇચ્છા થાય છે. જેથી રાજા જ્યોતિષીઓને બોલાવે છે. જ્યોતિષ સિમન્તીની જન્મકુંડળી જૂએ છે. સિમન્તીનું ભાવિ જોતાં તેઓ કહે છે કે 'આ કન્યા ચૌદમાં વર્ષે વિધવા થશે.'

૩.૨. 'પળમાં કીધો પીર'[૫૮]લોકકથામાં બાર બાર વરસથી મઘાજી જે ઘરમાં રહે છે તે ઘર બિસ્માર થઇ ગયું છે. છાપરું તુટી ગયું છે, દિવાલો અડી રહી છે. એક દિવસ સવા ભગત મઘાજી

૫૭ નારી તું નિરાળી (પૌરાણિક સ્ત્રીપાત્રો), ટીના દોશી. પૃ.૧૯૭
૫૮ લોકવાર્તાઓ, સં.ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, પૃ.૭૬

પાસે જાય છે. તે મઘાજીને આ ઘરમાંથી બહાર નીકળી જવાનું કહે છે. કેમકે આ ઘર એક થાંભલીનાં આધારે જ ટકી રહ્યું છે. તે થાંભલી પણ સાવ સડી ગઇ છે તે ક્યારે પડે તે કહેવાય નહીં. ત્યારે મઘાજી 'ભવિષ્યવાણી' કરતા કહે છે કે 'આ દેહ નહિ છૂટે ત્યાં લગી થાંભલી નહિ પડે.' બીજે દિવસે મઘાજીએ દેહ છોડ્યો. એ દેહને બહાર કાઢ્યો કે તરત થાંભલી તૂટે છે.

૩.૩. 'ભેરીઓ ગારુડી અને સઘઇ સંઘાર'[૫૯]લોકકથામાં ભટ્ટી નામના રાજાને સંતતિ ન હતી. તે ગામને પાદર એક મહારાજ આવ્યા છે તેવું સાંભળે છે. તે રાજા મહારાજને મળવા પાદર જાય છે. ભટ્ટીરાજ મહારાજ પાસે આવીને પોતાનું દુઃખ કહે છે. રાજાની કરુણતા જોઇને મહારાજ ધૂણીમાંથી ખાકની ચપટી ઉપાડીને કહે છે : 'લે આ તારી રાણીને ખવડાવજે. તારે ત્યાં એક સુંદર કુંવરનો જન્મ થશે. પણ વાત એમ છે કે આ કુંવર તારા કામનો નહિ થાય.' આગળ જતાં રાજકુમાર ગારુડી બને છે ને મૃત્યુ પામે છે. આ રીતે મહારાજની 'ભવિષ્યવાણી' સાચી પડે છે.

૩.૪. બંગાળી લોકકથા 'કાજલરેખા'[૬૦]માં એક સોદાગર ધર્મમતિ પોપટની સલાહ લે છે : 'હે ધર્મમતિ તું ખરેખર ધર્મમતિ છે. મારી કન્યા મોટી થઇ છે ને વળી ઉંમરલાયક થઇ છે. એનો કન્યાકાળ વીતવા લાગ્યો છે, તો મારે એનાં લગ્ન કઇ રીતે કોની સાથે કરવા એ બાબતમાં સલાહ દે. સોદાગરની વાત સાંભળીને પોપટ જવાબ આપે છે : 'હે સોદાગર ! 'તારા નસીબમાં હજી મોટું દુઃખ ભોગવવાનું મંડાયું છે. એમાંથી છૂટતાં તને લાંબો સમય લાગશે. તારી આ દીકરીનાં કરમમાં એમ લખાયું છે કે, તે એક મડદાને પરણશે. એટલે તું હવે એને તારા મહેલમાં રાખીશ નહિ. એને દેશવટો આપી વનમાં મોકલી દેજે.' જેથી કાજલરેખા અને સોદાગર જંગલમાં આવે છે. ત્યાં જંગલમાં થાકી જવાથી બંને મંદિરનાં પગથિયે બેસી જાય છે. જંગલમાં કાજલરેખાને તરસ લાગે છે. પિતા પાણીની શોધમાં જાય છે. જેવા પિતા જાય છે ત્યાં જ મંદિરનો દરવાજો ખૂલે છે. કાજલરેખા મંદિરમાં પ્રવેશે છે ત્યાં જ દરવાજો બંધ થઇ જાય છે. અંદર એક શબ પડ્યું હોય છે. આમ, પોપટે ભાંખેલી કાજલરેખાની 'ભવિષ્યવાણી' સાચી પડે છે.

---

૫૯ કચ્છના લોકસાહિત્યમાં પ્રેમકથાઓ, સં.દુલેરાય કારાણી, પૃ.૪
૬૦ પાંચ લોકકથાઓ, કાંતિલાલ શાહ, પૃ.૧૫

- **મહેણાંનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'અભિમન્યુ-આખ્યાન'માં 'ન બાપાનું મહેણું' કથાઘટક પ્રયોજાયું છે. અહિલોચન નાગ બાળકો સાથે રમતો હોય છે. ત્યારે રમતાં રમતાં તેમની વચ્ચે ઝઘડો થાય છે. ત્યારે સર્વ નાગલોકો એકત્રિત થાય છે અને અહિલોચનને 'ન બાપાનું મહેણું' મારે છે. 'મામેરું'માં 'ભાભીનું મહેણું આલેખાયું છે. નરસિંહ કંઇ કામ ધંધો કરતા નથી. તેથી ભાભી તેમને મહેણું મારે છે. ભાભીનાં મહેણાંથી નરસિંહ ગૃહત્યાગ કરી જંગલમાં જઇ શિવની આરાધના કરે છે.

[અભિમન્યુ-આખ્યાન, કડવું : ૪; મામેરું, કડવું : ૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

પુરાણકથાઓ, ધર્મકથાઓ, ઈતિહાસકથાઓમાં 'મહેણાં'નું કથાઘટક પ્રયોજાતું હોય છે. મ્હેણાં વિવિધ પ્રકારના હોય છે. જેમકે અપરમાનું મહેણું, ભાભીનું મહેણું, પત્નીનું મહેણું, ન બાપાનું મહેણું વગેરે. જેમકે 'મહાભારત'માં દ્રોપદી દૂર્યોધનને મહેણું મારે છે કે અંધના પૂત્ર અંધ જ રહેવાના. આ મહેણું દૂર્યોધનને છેક કુરુક્ષેત્રના યુદ્ધ સુધી લઇ જાય છે. આ રીતે મહેણાંનાં પરિણામો જુદાં-જુદાં આવતાં હોય છે.

**૩. અન્ય કૃતિઓમાં મહેણાંનું કથાઘટક**

૩.૧. 'રોમ સીતમાની વારતા'[૬૧]માં સીતાની વાડીમાં મૃગલો ધીમે ધીમે પ્રવેશ કરે છે. તે આખો ભાગ ઉજ્જડ કરી નાખે છે. સીતા બાગમાં આવીને જૂએ છે તો તેની આંખમાં આંસુ ભરાઇ આવે છે. જેથી સીતા પોતાની મઢીએ આવીને આંગણામાંથી જ મહેણાં મારવા લાગે છે કે 'બાપરા બે મરદ છો પણ ઘરમાંથી નીકળતાં જ નથી. સાંજે સૂઓ છો; સવારમાં સૂઓ છો અને કવેળાએ

૬૧ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૫૨

જાગો છો. વેરીએ તો વાડીનું રણ બનાવી દીધુ છે. કેટલે હરખે વાડી બનાવી હતી. હવે કેવી રીતે મન વાળું ?' સીતાના આવા કટુ વચનો સાંભળીને રામ મઢીમાંથી મૃગને મારવા નીકળી પડે છે.

૩.૨. 'ભીલોનું ભારથ'[૬૨]માં 'ન બાપાનાં મહેણાં'નું કથાઘટક આલેખાયું છે. એકવાર અર્જુન બેઠો-બેઠો દાતણ કરતો હોય છે. ત્યારે કર્ણ તેની પાસે આવીને ઝુહાર મઝરો હારે છે. અર્જુન પગ ઊંચો કરીને પગની એડી બતાવીને કર્ણનો જુહાર ઝીલે છે. જેથી કર્ણ ગુસ્સે ભરાય છે. તે વિચારે છે કે અર્જુને આજે મારો જુહાર સ્વીકાર્યો નહિ ને પગથી જુહાર સ્વીકાર્યો, ત્યારે તે કહે છે કંઇ ભૂલ થઇ છે ? આજે પ્રાતઃકાળે મારું અપમાન કરવાનો તારો ઉદ્દેશ ? એ સમયે અર્જુન કહે છેઃ 'વિના બાપના! તારો પિતા કોણ છે?' આ રીતે અર્જુન કર્ણને 'ન બાપાનું મહેંણું' મારી અપમાન કરે છે. જેથી કર્ણ માતા પાસે જઇને પોતાના પિતા કોણ છે ? એની સઘળી માહિતી મેળવે છે.

૩.૩. 'કાષ્ઠહારી-જાતક'[૬૩]માં બેવચની રાજાની અતીતકથામાં 'ન બાપાનાં મહેણાં'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. વારાણસીમાં રાજા બ્રહ્મદત્ત વનખંડમાં લાકડાં વીણતી સ્ત્રી સાથે સહવાસ કરે છે. એ સમયે બોધિસત્વ એ સ્ત્રીની કૂખમાં પ્રવેશ કરે છે. ત્યારે પેલી સ્ત્રી પોતાને ગર્ભ રહ્યો છે એમ રાજાને જણાવે છે. ત્યારે રાજા એ સ્ત્રીને વીંટી આપે છે ને કહે છે : 'જો તને કન્યા થાય તો આ વીંટી છોડાવી તેનું પાલન પોષણ કરજે અને પુત્ર જન્મે તો આ વીંટી લઇને મારી પાસે આવજે.' થોડા સમય પછી એ સ્ત્રીએ બોધિસત્વને જન્મ આપ્યો. બોધિસત્વ ક્રીડાભૂમિમાં આમતેમ દોડાદોડ કરતા રમતો હતો ત્યારે કેટલાક તેમને ઉદ્દેશીને બોલ્યા : 'આ ન બાપાએ અમને માર્યા'. એમ સાંભળીને બોધિસત્વ માતા પાસે જઇને પોતાના પિતાની ઓળખ પૂછે છે.

૩.૪. 'કનસરાદેવીની કથા'[૬૪]માં 'ન બાપાનાં મહેણાં'નું કથાઘટક પ્રયોજાયું છે. એક દિવસ સોનાદેવી નદીમાં નાહતી હોય છે. ત્યાં કરતારીદેવ અને બરતારીદેવ આવે છે. તેમને જોઇને સોનાદેવી નદીમાં જ ડૂબી રહે છે. સવા મહિના પછી પાણી પર તરતું એક ફૂલ દેખાય છે. તે ફૂલ પર કરતરી દેવ મંત્ર મારે છે. સમય જતાં સોનાદેવી ગર્ભવતી બને છે ને એક કન્યાને જન્મ આપે છે. તે આજુબાજુની છોકરીઓ સાથે રમતી હોય છે ત્યારે તેને છોકરીઓ 'બાપ વગરની' કહે છે. આ સાંભળી તે પોતાની માતા પાસે આવે છે અને પોતાના પિતા વિશે પૂછે છે.

---

૬૨ પૌરાણિક ભીલ લોકમહાકાવ્યો, ડૉ.ભગવાનદાસ પટેલ, પૃ.૧૮૩
૬૩ જાતકકથા-મંજૂષા, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૬
૬૪ દસ ડાંગી લોકકથાઓ, સં.ડૉ.પ્રભુ આર.ચૌધરી, પૃ.૭૦

૩.૫. 'ખૂંતાનો રાજવી અને દેવોલ ગુજરણ'[૬૫]લોકકથામાં ખૂંતાનો રાજવી અને ભાભીને પરસ્પર ખૂબ હેત હતું. ખૂંતાનો રાજવી જમીન ખેડે છે. બપોરની વેળા થવા આવી છે. ભાભી હજુ ભાત લઈને આવી નથી. તેને ભૂખ લાગી છે. ભાભીને આવતાં મોડુ થઈ ગયું છે. ભાભીને મોડું થતા રાજવી ભાભી પર રીસ કાઢે છે. ત્યારે ભાભી દિયરને કહે છે- 'દિયર, મારી સાસુના જાયા, મેં તને આટલો બધો જબરો નહોતો જાણ્યો ! એવો વીર હોય તો તું જા મારા પિયર મંડોવર દેશમાં ત્યાં મેયા મંડોવરની દીકરી દેવોલ ગુજરણ રહે છે. તે સવારે સવાશેર ફૂલમાં તોલાય છે. અડધા ચોખાનો હાર બનાવે છે અને અડધા ચોખાનું ભોજન જમે છે. લીલા ચણાની ફોતરીએ પાણી પીએ છે. પુરુષનું મુખ ક્યારેય જોતી નથી. મારા પર જોર કાઢ્યા વિના આ કુંવરીને પરણી આવે તો જ હું જાણું કે તું વીર છે.' ભાભીનું મહેણું સાંભળીને ખૂંતાનો રાજવી ગૃહત્યાગ કરે છે.

૩.૬.'ઢોલા-મારુણી'[૬૬] લોકકથામાં પીંગલગઢનો રાજા ઢોલો પોતાની ગોરી રાણી સાથે સુખેથી રહે છે. લગ્ન થયાને પાંચ વરસ વીતી જાય છે. છતાં તેને ત્યાં શેર માટીની ખોટ હોય છે. જેથી પ્રજાજનો રાજાને વાંઝિયો કહે છે. કોઈ રાજાનું મુખ પણ જોતું નથી. રાજાથી આ વાંઝિયાપણાનું મહેણું સહન થતું નથી. જેથી રાજા બીજા લગ્ન કરીને પોતાનું વાંઝિયામહેણું ભાંગવાનું વિચારે છે. રાજા જુદા-જુદા પ્રદેશમાં નાળિયેર માટે કાગળ મોકલાવે છે. એ કાગળ નરવરગઢમાં મારુણીના હાથમાં આવે છે. આથી મારુણી નક્કી કરે છે કે પરણું તો રાય ઢોલાને જ. હવેથી પૃથ્વી પર બીજા ભાઈ ને બાપ. ને એ રીતે બન્નેના લગ્ન થાય છે.

- **મૃતસંજીવનનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'મૃતસંજીવન'નું કથાઘટક પ્રેમાનંદકૃત 'ચંદ્રહાસાખ્યાન', 'મદાલસા-આખ્યાન' અને 'રણયજ્ઞ'માં પ્રાપ્ત થાય છે. 'ચંદ્રહાસાખ્યાન'માં ધૃષ્ટબુદ્ધિ પોતાનાં જ કપટમાં ફસાઈ જાય છે. જેથી ચંદ્રહાસને બદલે મદન મૃત્યુ પામે છે. મદનની સાથે ધૃષ્ટબુદ્ધિ પણ મૃત્યુ પામે છે. આદ્યશક્તિ આવીને બંનેને જીવિત કરે છે. 'મદાલસા આખ્યાન'માં મદાલસા મૃત્યુ પામે છે. ત્યારે શિવની

૬૫ આદિવાસી લોકાખ્યાન, સં.ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૨૫૭
૬૬ એંજન, પૃ.૨૮૦

કૃપાથી અને નાગોની સહાયતા વડે મદાલસા જીવિત થાય છે. 'રણયજ્ઞ'માં લક્ષ્મણનું મૃત્યુ થાય છે. જેથી હનુમાન સંજીવની (જડીબુટ્ટી) લાવે છે, જેનાં વડે લક્ષ્મણ સજીવન થાય છે.

[ચંદ્રહાસાખ્યાન, કડવું : ૨૮; મદાલસા આખ્યાન, કડવું : ૩૦; રણયજ્ઞ, કડવું : ૨૦]

**૨. કથાઘટકનું પ્રયોજન**

કથામાં નાયક-નાયિકા કે અન્ય કોઇ પાત્રનું મૃત્યુ થતા તેઓ સંજીવન થાય છે. આ 'મૃતસંજીવન' વિવિધ રીતે થતુ હોય છે. જેમકે ચમત્કારિક મંત્ર, ચમત્કારિક જળ, ચમત્કારિક જડીબુટ્ટી કે દૈવીતત્ત્વ વગેરે.

**૩. અન્ય કૃતિઓમાં મૃતસંજીવનનું કથાઘટક**

૩.૧. 'વિચિત્ર વિદ્યાપ્રેમ'[૬૭]માં ચૌદશની રાતે દેવધર સર્પવિદ્યા સિદ્ધ કરે છે. વિદ્યાનું પારખું કરવા રાજાના માનીતા જયદેવને સર્પદંશ આપે છે. સર્પના દંશથી જયદેવનું મૃત્યુ થાય છે. દેવધર રાજા પાસે આવે છે. દેવધર જયદેવ પર મંત્રેલું પાણી છાંટે છે, જેથી જયદેવ આળસ મરડીને ઊભો થાય છે. અહીં 'મૃતસંજીવન' ચમત્કારી જળ વડે થાય છે.

૩.૨. 'ઘરઘોડા કુંવર અપચળા'[૬૮]માં રૂપસિંહ અને રામસિંહ નામે બે રાજકુમારો હતા. એકવાર રૂપસિંહ નગરશેઠનાં દીકરાની વહુનું બેડું ગલોલથી તાકે છે. જેથી બંને રાજકુમારોને સજારૂપે દેશવટો પ્રાપ્ત થાય છે. બંને રાજકુમારો નગરથી ઘણે દૂર નીકળી પડે છે. એકવાર રાત્રે મણિ મેળવવા રામસિંહ તીર વડે નાગને મારી નાખે છે. જેથી પોતાના નાગનો બદલો લેવા નાગણ રામસિંહ પાસે આવે છે ને તેને દંશ દે છે. નાગણનાં દંશથી રામસિંહ મૃત્યુ પામે છે. એકવાર વણઝારાની દીકરી રંભાવતી રામસિંહનાં મડાને રમતમાં ને રમતમાં પોતાનો પતિ કહે છે, પછી તેને ખ્યાલ આવે છે કે આ તો મડદુ છે, રંભાવતી કેમેય કરીને માનતી નથી ને મડદાને પરણવાની હઠ લે છે. એકવાર ત્યાંથી બે બ્રાહ્મણો નીકળે છે. આંધળો બ્રાહ્મણ રામસિંહની કાયાને તપાસે છે તો તેનાં

---

૬૭ પ્રાચીન કથાધન પ્રાકૃત, હસુ યાજ્ઞિક, પૃ.૭
૬૮ ગુજરાતની લોકકથાઓ, સં. જોરાવરસિંહ જાદવ, પૃ.૨૬

તાળવે જીવ હતો. જેથી આંધળો બ્રાહ્મણ ચાર કોડીઓ કાઢે છે ને ઊગમણી, આથમણી, ઓતરાદી અને દખણાદી ફેંકે છે. ઘડીવારમાં તો નાગણ ફૂંફાડા મારતી આવે છે ને રામસિંહનું ઝેર ચૂસી લે છે. જેથી રામસિંહ આળસ મરડીને ઊભો થાય છે. સાથે સાથે બ્રાહ્મણ નાગને પણ સજીવન કરે છે.

૩.૩. 'કાગકુમારી'[૬૯] લોકકથામાં માલ્યાકા નામની કન્યાની કથા છે. માલ્યાકાની સગી માતા મરી જતા તેના પિતા બીજા લગ્ન કરે છે. સાવકીમાતા પિતાની હાજરીમાં માલ્યાકા સાથે સારું વર્તન કરતી, પણ પિતા ન હોય ત્યારે પુષ્કળ કામ કરાવતી. ખૂબ જ કામ કરવાથી માલ્યાકા બિમાર પડે છે ને મૃત્યુ પામે છે. પિતા માલ્યાકાના શબને ખભે મૂકીને જંગલમાં લઈ જાય છે. ત્યાં તેને દાટે છે. પિતાનાં ગયા પછી માલ્યાકાની સખી કાગકુમારી આવે છે. તે માલ્યાકાના શબને ખોદી કાઢી, તેના પિતા પાસે લઈ આવે છે. પિતા સંજીવની વિદ્યાથી માલ્યાકાના શબને સજીવન કરે છે.

- **યુદ્ધે વિઘ્નમુક્તિનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

યુદ્ધે વિઘ્નમુક્તિનું કથાઘટક પ્રેમાનંદકૃત 'ઓખાહરણ'માં આલેખન પામ્યું છે. ઓખા-અનિરુદ્ધનું છૂપું મિલન પ્રગટ થાય છે. જેથી બાણાસુર-અનિરુદ્ધ અને કૃષ્ણ-બાણાસુર વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. રણયજ્ઞમાં રામ-રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. યુદ્ધમાં રાવણની હાર થતા રામને સીતાની પુનઃ પ્રાપ્તિ થાય છે.

[ઓખાહરણ, કડવું : ૨૭; રણયજ્ઞ, કડવું : ૨૫]

**૨. કથાઘટકનું પ્રયોજન**

આ કથાઘટક કથામાં વિધવિધ રીતે પ્રયોજાતું હોય છે. જેમકે નાયિકાનું અપહરણ થતા નાયક શત્રુ સાથે યુદ્ધ કરીને નાયિકાને છોડાવે છે, ક્યારેક નાયક-નાયિકાનું છૂપું મિલન પ્રગટ થતા નાયક નાયિકાનાં પિતાની સાથે યુદ્ધ કરે છે. યુદ્ધમાં તે નાયિકાની પુનઃ પ્રાપ્તિ કરે છે. કેટલીક કથાઓમાં રાજકુમારીને પામવાં અનેક યોદ્ધાઓ યુદ્ધે ચઢે છે, મોટાભાગની કથાઓનાં ઢાંચામાં

૬૯ આફ્રિકાખંડની લોકકથાઓ, સં.શિવમ્ સુંદરમ્, પૃ.૩૪

નાયક જ શક્તિશાળી હોય છે, તે પ્રતિનાયકને યુદ્ધમાં મારીને રાજકુમારીની પ્રાપ્તિ કરે છે. આમ, યુદ્ધે ચઢીને નાયક આવી પડેલી મૂશ્કેલીનો સામનો કરી તેમાંથી મુક્ત થાય છે.

### ૩. અન્ય કૃતિઓમાં યુદ્ધે વિઘ્નમુક્તિનું કથાઘટક

૩.૧. 'રુકિમણીહરણ'[૭૦]માં રુકિમણી એક બ્રાહ્મણનાં મુખે કૃષ્ણનાં વખાણ સાંભળીને મન-વચન અને કર્મથી તેને પરણી ગઈ છે. રુકિમણી યુવાન થતા વિવાહ જોગ થાય છે. રુકિમણીનો ભાઈ રુકમૈયો તેના વિવાહ શિશુપાલ સાથે કરાવવા માંગે છે. જેથી રુકિમણી એક બ્રાહ્મણને કૃષ્ણ પાસે મોકલે છે. જેથી કૃષ્ણ કુંદનપુર આવીને રુકિમણીનું અપહરણ કરે છે. જરાસંઘ અને શિશુપાલ સૈન્ય લઈને કૃષ્ણની પાછળ પડે છે. કૃષ્ણ અને બલરામ સૌ સેનાને પરાસ્ત કરે છે. રુકમૈયો કૃષ્ણને મારવાની પ્રતિજ્ઞા લઈને તેની પાસે યુદ્ધ કરવા આવે છે. કૃષ્ણ રુકમૈયાને પણ પરાસ્ત કરી મૂકે છે. દ્વારિકામાં આવીને કૃષ્ણ-રુકિમણીનાં લગ્ન થાય છે. આ રીતે યુદ્ધે વિઘ્નમુક્તિ દૂર થાય છે.

૩.૨. આઈરિશ લોકકથા 'ફેર, બ્રાઉન એન્ડ ટ્રિમ્બલિંગ'[૭૧]માં રાજા એમલિયાનો રાજકુમાર ટ્રિમ્બલિંગની એક મોજડીને આધારે તે પ્રિયપાત્રની શોધ આદરે છે. તેને ટ્રિમ્બલિંગની ઓળખ પ્રાપ્ત થાય છે. જેથી તે તેની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. અન્ય રાજકુમારો પણ ટ્રિમ્બલિંગનાં સૌંદર્યથી પ્રભાવિત થઈને તેની સાથે લગ્ન કરવા માંગતા હતા. અન્ય રાજકુમારો રાજકુમારને યુદ્ધનું આહ્વાન આપે છે. જેથી તે અન્ય રાજકુમારો સાથે યુદ્ધ કરે છે. યુદ્ધમાં રાજકુમારનો વિજય થાય છે, અને તે ટ્રિમ્બલિંગને પ્રાપ્ત કરે છે.

---

૭૦ બૃહત્ કાવ્યદોહન કથામૂલક : ભાગ-૩, ખંડ-૧, માધવદાસકૃત રુકિમણીહરણ, પૃ.૬૧૮
૭૧ મોટિફ : આઈરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે, પિનાકિની પંડ્યા, પૃ.૫૪

- **રાજકુમારના અન્યત્ર ઉછેરનું કથાઘટક :**

**૧. પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'ચંદ્રહાસ-આખ્યાન' અને 'દશમસ્કંધ' આખ્યાનમાં આ કથાઘટક આલેખાયુ છે. 'ચંદ્રહાસાખ્યાન'માં અનાથ ચંદ્રહાસનો ઉછેર એક ધાત્રી કરે છે. અને 'દશમસ્કંધ'માં બાળકૃષ્ણનો ઉછેર નંદ-જશોદાને ઘેર થાય છે.

[ચંદ્રહાસાખ્યાન, કડવું : ૨; દશમસ્કંધ, કડવું : ૧૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

અન્ય દેશનો રાજા પોતાના દેશ પર ચઢાઇ કરતા રાજા-રાણીને બંદી બનાવતા કે મૃત્યુ પામતા રાજકુમાર અનાથ બને છે. રાજબીજ હોવાને કારણે તેની રક્ષા કરવી આવશ્યક બને છે. જેથી કોઇ મંત્રી કે દાસી રાજકુમારને છૂપી જગ્યાએ લઇ જાય છે. જેથી તેનું રક્ષણ થાય ને રાજકુમારનો બચાવ થાય. ક્યારેક કોઇ અનાથ રાજાને એ બાળક જંગલમાંથી કે રસ્તામાંથી પ્રાપ્ત પણ થતું હોય છે.

**૩. અન્ય કૃતિઓમાં રાજકુમારનો અન્યત્ર ઉછેરનું કથાઘટક**

૩.૧. 'કોક્કાસ'[૭૨] નામની પ્રાકૃત કથામાં અનાથ બાળકનો અન્યત્ર ઉછેર થાય છે. તામ્રલિપ્તિ નામનું એક નગર હતું. તેમા ધનદ નામે એક સુતાર રહેતો હતો. આ સુતારની પત્ની ગર્ભવતી હતી. તેને ત્યાં એક બાળકનો જન્મ થાય છે. બાળકના જન્મની સાથે જ ધનદ અને તેની પત્ની અવસાન પામે છે. એક દિવસ અનાથ થયેલા બાળકને ધનપતિ નામનો એક વેપારી આવે છે ને તેને પોતાને ત્યાં લઇ જાય છે. આ રીતે સુતારના અનાથ બાળકનો ઉછેર વેપારીને ત્યાં થાય છે. આ કથાનકમાં રાજકુમારનો નહીં, સુતારનાં બાળકનો અન્યત્ર ઉછેર થાય છે.

---

૭૨ પ્રાચીન કથાધન પ્રાકૃત, કોક્કાસ, પૃ.૧૭

૩.૨. 'જંબુકુમાર'[૭૩]માં મથુરામાં કુબેરસેના નામે એક ગણિકા હોય છે. તે ગર્ભવતી બને છે. સમય જતા તે પુત્ર અને પુત્રીને જન્મ આપે છે. માતાનાં કહેવાથી તે પુત્ર અને પુત્રીનો ત્યાગ કરીને તેમને પેટીમાં બાંધીને નદીમાં તરતાં મૂકે છે. શૌરપુર પાસે નદીના પ્રવાહમાં એ પેટીઓ તરતી આવે છે. આ પેટીઓ પર બે શ્રેષ્ઠીઓની નજર પડે છે. તેઓ પેટીને કાઢીને જૂએ છે તો તેમાં બે બાળકો હોય છે. બંને એક એક બાળક લઇ લે છે. બંને બાળકોનો ઉછેર આ શ્રેષ્ઠીપુત્રોને ત્યાં થાય છે. આ બંને બાળકો યુવાન થતાં એકબીજા સાથે લગ્ન થાય છે. આ કથાનકમાં રાજકુમાર કે રાજકુમારીનો અન્યત્ર ઉછેર નથી, પણ ગણિકાનાં બાળકોનો અન્યત્ર ઉછેર છે.

૩.૩. રાભા જાતિની લોકકથા 'કોબીમાંથી મોતી'[૭૪]માં એક રાજાને ત્રણ રાણીઓ હતી. ત્રણેય રાણીઓ નિઃસંતાન હતી. એથી રાજા દુખી હતો. એકવાર એક સાધુના ઉપાય વડે રાજાની નાની રાણી ગર્ભવતી બને છે. રાજા અત્યંત પ્રસન્ન થાય છે. નાની રાણી ગર્ભવતી થતા મોટી બે રાણીઓ ગુસ્સે થાય છે. એકવાર નાની રાણીને વેણ છૂટે છે, તેને બે પુત્રો અને એક પુત્રી જન્મે છે. મોટી બે રાણીઓ કપટ કરીને આ ત્રણેય સંતાનોને એક ટોપલામાં મૂકીને વહેતાં કરે છે. આ ત્રણ સંતાનોનો ટોપલો એક કઠિયારાને મળે છે. આ કઠિયારો નિઃસંતાન હોય છે. આ ત્રણેય સંતાનોને પોતાના ઘરે લાવે છે. આ રીતે આ ત્રણેય સંતાનોનો ઉછેર કઠિયારાને ત્યાં થાય છે.

- **રાજાજ્ઞા ભંગ થતાં સજાનું કથાઘટક :**

  **૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'સુધન્વાખ્યાન'માં હંસધ્વજ અને પાંડવોની વચ્ચે યુદ્ધ થાય છે. યુદ્ધમાં જતા પહેલા હંસધ્વજે આજ્ઞા કરી હતી કે સૌએ યુદ્ધે ચઢવાનું છે. જો કોઇ યુદ્ધે નહીં ચઢે તો તેને સજા કરવામાં આવશે. આ સમયે સુધન્વા યુદ્ધે જતો નથી. જેથી રાજા સુધન્વાને ઊકળતાં તેલમાં નાખવાની સજા કરે છે.

[સુધન્વાખ્યાન, કડવું : ૬]

---

૭૩ મધ્યકાલીન કથાકોશ, પૃ.૫૫-૫૬
૭૪ સમીપે-૩૪-૩૫, સં. શિરીષ પંચાલ અને અન્ય, લેખ. ભારતીય લોકકથાઓ, સં.શિરીષ પંવાલ, પૃ.૯૮, ૯૯

## ૨. કથાઘટકનું પ્રયોજન

આ કથાઘટકમાં રાજા પડો વગાડીને આદેશ કરાવતા હોય છે કે આજે રાજા રાત્રિચર્યા કરવા નીકળતા હોવાથી કોઈએ બહાર નીકળવું નહિ, તો ક્યારેક શત્રુરાજાએ એકાએક આક્રમણ કર્યું હોવાથી સૌએ યુદ્ધે ચઢવાનું છે. આવી રીતે રાજાની આજ્ઞાનું પાલન ન થતા રાજા તેને શૂળીએ ચઢાવવાની, દેહાંત દંડ, ફાંસીને કે ઊકળતાં તેલમાં નાખવાની સજા કરે છે.

## ૩. અન્ય કૃતિઓમાં રાજાજ્ઞા ભંગ થતાં સજાનું કથાઘટક

૩.૧. 'પદ્માવતીની વાર્તા'[૭૫]માં એકવાર ચંપકસેન સભા ભરીને બેઠો હોય છે. સભામાં નાચ ગાનની મહેફિલ ભરાય હોય છે. ત્યાં રાત્રીમાં શોરબકોર થાય છે કે વાઘ આવ્યો છે અને તેને ત્રણ જણને મારી નાખ્યા છે. જેથી રાજા વાઘને મારવા તૈયાર થાય છે ને પડો વગડાવે છે સૌએ વાઘને મારવા આવવાનું છે અને જે કોઈ નહિ આવે તેને દેહાંતદંડની સજા કરવામાં આવશે. રાજા બધાની સાથે જંગલમાં આવીને વાઘને મારે છે. એ સમયે રાજાને જાણ થાય છે કે કુંવર પુષ્પસેન જંગલમાં વાઘને મારવા આવ્યો નથી. રાજા ગુસ્સે ભરાય છે ને કુંવરનો વધ કરવાની સજા આપે છે. સજા સાંભળતા રાણી આત્મવિલોપન કરવાનું કહે છે. રાજા પંડિતને બોલાવે છે જેથી તે રાજકુમારને સજા થાય અને સ્ત્રીહત્યા ન લાગે તેવો ઉપાય જણાવે છે. પંડિત રાજકુમારને દેશવટાની સજા આપવાનું કહે છે.

૩.૨. 'રૂપસુંદર-કથા '[૭૬] પદ્યવાર્તામાં ચંદ્રવતી નગરીમાં ચંદ્રસેન રાજ્ય કરે છે. રાજાને રૂપાં નામની રાજકુમારી છે. રાજા રૂપાંનાં અભ્યાસ માટે રાજપુરોહિત વિશ્વનાથને રાખે છે. એકાંતમાં અભ્યાસ દરમિયાન રૂપાં વિશ્વનાથના પુત્ર સુંદરના પ્રેમમાં પડે છે. એક દિવસ રાજા પડો વગડાવે છે કે રાત્રિએ કોઈએ બહાર ન નીકળવું. એ જ રાત્રિએ સુંદર રૂપાંને મળવા નીકળે છે. રાત્રિચર્યાએ નીકળેલ રાજા સુંદરને પકડી લે છે. સુંદર મિત્રને જામીન રાખી સવારે હાજર થવાનું વચન આપે છે. સવારે હાજર થયેલા સુંદરને રાજા મૃત્યુદંડની સજા આપે છે.

૭૫ મધ્યકાલીન કથાકોશ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૭૮
૭૬ માધવકૃત રૂપસુંદર-કથા, સં.હસુ યાજ્ઞિક, પૃ.૪૭

૩.૩. 'ચનૈની'[૭૭] મહાકાવ્યમાં રાજાજ્ઞાનો ભંગ છેક ફાંસીની સજા સુધી લઈ જાય છે. સુરવલિના રાજા બામરે પોતાના રાજ્યમાં દીકરીના લગ્ન કરવાની મનાઈ ફરમાવી હતી. તેમ છતાં અજયી અને વિજવાનાં છૂપાં લગ્ન થાય છે. લગ્ન થયા બાદ પડોશણ વેરભાવનાથી પ્રેરાઈને રાજા સમક્ષ ચાડી કરે છે. જેથી ગોર અને નાઈ લગ્નઅંગેની સાચી વાત કબૂલી લે છે. જેથી રાજા સૌને ફાંસીની સજા ફરમાવે છે.

- **રૂપધારણનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'અભિમન્યુ-આખ્યાન'માં આ અહિલોચનને મારવા માટે કૃષ્ણ 'રૂપધારણ' કરીને આવે છે, જ્યારે બીજા પ્રસંગમાં અભિમન્યુનાં હાથની રાખડી છોડાવવા કૃષ્ણ બ્રાહ્મણનું 'રૂપધારણ' ધરે છે. 'મદાલસાખ્યાન'માં પાતાલકેતુ મદાલસાએ બાંધેલ ઋતુધ્વજનાં હાથમાંનો મણિ લેવા માટે વિપ્રનું 'રૂપધારણ' કરીને આવે છે. જ્યારે 'મામેરું'માં વિષ્ણુ-કૃષ્ણ દામોદર દોશી અને દેવી લક્ષ્મી કમળાશેઠાણીનું 'રૂપધારણ' કરીને નરસિંહને સહાય કરે છે.

[અભિમન્યુ-આખ્યાન, કડવું : ૮; મદાલસાખ્યાન, કડવું : ૨૩; મામેરું, કડવું : ૧૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'રૂપધારણ' જુદી-જુદી રીતે થતું હોય છે જેમકે સ્ત્રીમાંથી પુરુષ, પુરુષમાંથી સ્ત્રી, સ્ત્રીમાંથી અન્ય સ્ત્રી કે પુરુષમાંથી અન્ય પુરુષ વગેરે. 'રૂપધારણ'માં મોટેભાગે પોતાની ઓળખ છૂપાવીને જે તે કાર્ય કરવાનું હોય છે. જેથી કરીને પોતે જે કાર્ય કરવા માટે 'રૂપધારણ' કર્યું છે તે કાર્યસાધક બની રહે.

---

૭૭ અવધ લોકમહાકાવ્ય ચનૈની : કૃતિનિષ્ઠ અભ્યાસ, ડો.હસુ યાજ્ઞિક, પૃ.૧૫૬

### ૩. અન્ય કૃતિઓમાં રૂપધારણનું કથાઘટક

૩.૧. શામળકૃત 'મદનમોહના'[૭૮] પદ્યવાર્તામાં મદન અને મોહનાને અભ્યાસ નિમિત્તે પ્રેમમાં પડે છે. મદન મોહનાને સમજાવવાનો પ્રયત્ન કરે છે કે પોતાના લગ્ન શક્ય નથી. મોહના પણ મદનને જ પરણવાની પ્રતિજ્ઞા કરે છે અને કહે છે જો તું મને નહીં પરણે તો હું પ્રાણ ત્યાગીશ. આ પરિસ્થિતિમાં પંડિત બંનેનાં ગાંધર્વ વિવાહ કરાવે છે. આ વાતની જાણ રાજાને થતાં રાજા મદનને દેશવટો આપે છે. દેશવટો ભોગવવા તૈયાર થયેલા મદનની સાથે મોહના પુરુષનું 'રૂપધારણ' કરીને નીકળી પડે છે.

૩.૨. 'માલવો ને નાયકદે'[૭૯] એ લોકકથામાં માલવો રૂપવાન યુવક છે. મોટાભાઇ માલવાને અનેક કન્યાઓ બતાવે છે. પરંતુ, માલવો સગપણ કરતો નથી. એટલે ભાભી લાડકવાયા દિયરને મ્હેણું મારે છે કે ન્યાતની કોઇ કન્યા ગમતી નથી કે નાયકદેને પરણવું છે? ત્યારે માલવો નાયકદેને પરણવા એક ચામડાની ખોળી બનાવડાવે છે. આ રીતે કોઇને ખબર ન પડે એવું 'રૂપધારણ' કરીને તે નીકળી પડે છે.

૩.૩. 'હાલો પૂતળી મહેલ જાઈ, તમે રાંધો ને અમે ખાઈ'[૮૦] લોકકથામાં લાલ શાહજાદા એક વાવમાં એક પૂતળીને જૂએ છે. જોતાંવેંત તે પૂતળીનાં પ્રેમમાં પડે છે. લાલ શાહજાદા એ પૂતળી સામે નિરંતર જોયા કરે છે. તે ત્યાંથી હાલતો ચાલતો નથી. ત્યારે તેનો ખાસ મિત્ર મેંગરાજ એ પૂતળી કોણ છે, ક્યાંની છે તેની શોધ આદરે છે. જેથી મેંગરાજને જાણ થાય છે કે આ પૂતળી લીંબુપરી છે. જેથી તે લીંબુપરીની શોધ આદરે છે. લીંબુપરીની શોધ થતા મેંગરાજ અમીના નામનું સ્ત્રીરૂપધારણ કરીને તે લીંબુપરીના મહેલ સુધી પહોંચી જાય છે.

૩.૪. 'લાલ લાલ જોગી રે, લાલ લાલ જોગી'[૮૧] લોકગીતમાં શિવ સો વરસનાં ડોસાનું 'રૂપધારણ' કરે છે અને પાર્વતી ભીલી સ્ત્રીનું 'રૂપધારણ' કરે છે. એક દિવસ પાર્વતી મોજડી પહેરવાની હઠ લે છે. શિવ પાર્વતીને કહે છે કે 'ભાંગ-ગાંજાના વખા પડે છે ત્યાં મોજડી ક્યાંથી લાવું.' જેથી પાર્વતી રિસાઇને પિયર જાય છે. રસ્તામાં શિવ મોચીનું રૂપધારણ કરીને મોજડી વેચવા

૭૮ કવિ શામળકૃત મદનમોહના, સં.અનંતરાય રાવળ, પૃ.૧૨૩
૭૯ ગુજરાતની લોકકથાઓ, સં. જોરાવરસિંહ જાદવ, પૃ.૬૨
૮૦ એંજન , પૃ.૧૯૧
૮૧ ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો, સં.હસુ યાજ્ઞિક, પૃ.૧૦

બેસે છે. પાર્વતી મોચીને મોજડીનો ભાવ પૂછે છે. મોચી કહે છે 'આ મોજડી તો ચંદન, મલયગરી અને પાર્વતી પહેરે છે.' જ્યારે મોચી પાર્વતીને મફતમાં એ મોજડી આપવાનું કહે છે ત્યારે તે મોચીને પરણવા તૈયાર થઇ જાય છે. એ સમયે શિવ અલોપ થઇ જાય છે. શિવ તપ કરતા હોય છે ત્યાં પાર્વતી ભીલી સ્ત્રીનું રૂપધારણ કરે છે. ભીલી સ્ત્રીનું રૂપ જોઇને શિવ તેનો સૂંડલો ઝાલે છે. જેથી ભીલી સ્ત્રીનું રૂપધારણ કરેલાં પાર્વતી કહે છે 'તમારે ઘેર તો ગંગા-પાર્વતી છે, ત્રીજી પરણશો તો તરખાટ થશે.' ત્યારે શિવ કહે છે 'ગંગાને ચોટીમાં રાખીશ, પાર્વતીને પિયર વળાવીશ, તમને પટરાણી બનાવીને રાખીશ.' આ રીતે શિવ અને પાર્વતી 'રૂપધારણ' કરે છે.

૩.૫. 'રોમ સીતમાની વારતા'[૮૨]માં ગૌતમઋષિ ઇન્દ્રને મારીને નીચે ફેંકી દે છે. જેથી ઇન્દ્રની ગેરહાજરીમાં બાર બાર વરસ સુધી દુકાળ પડે છે. ભગવાન વિષ્ણુ ગૌતમઋષિ પાસે જાય છે અને ઇન્દ્રના સમાચાર પૂછે છે. ભગવાનની વિનંતીથી ઇન્દ્ર ક્યાં છે તે કહે છે. ભગવાન ઇન્દ્રને હરણનાં શિંગડાંમાંથી મુકત કરાવે છે. વર્ષોથી ભૂખે પડેલા ઇન્દ્રનો જીવ જઇ રહ્યો છે. જેથી ભગવાન વિચારે છે કે જો ઇન્દ્રને નવજીવન નહીં મળે તો આખી પૃથ્વીનો નાશ થશે. આથી ભગવાન જોગીનો વેશ ધારણ કરીને ઇન્દ્ર માટે ભિક્ષા લેવા જાય છે. આ રીતે ઇન્દ્રનો જીવ બચતા તે સમગ્ર પૃથ્વી લોક પર અમી છાંટણા કરે છે.

૩.૬. બીજા પ્રસંગમાં વિષ્ણુ અને શિવ[૮૩] પૃથ્વીની ખબર જોવા પૃથ્વીલોક પર આવે છે. ત્યારે શિવ વિષ્ણુનું સત જોવા માટે ગધેડીનું રૂપધારણ કરે છે. ગધેડીનું રૂપધારણ કરેલા શિવ વિષ્ણુ પાસે આવે છે. આવી રૂપાળી ગધેડી જોઇને વિષ્ણુ મોહાસકત બને છે. આથી આસપાસ કોઇ ન જોતા વિષ્ણુ ગધેડીને સંભોગવા લાગે છે ત્યારે ભગવાન શિવ પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થાય છે. આગળ જતા ભગવાન વિષ્ણુ પણ શિવનું સત તપાસવાનો વિચાર કરે છે. આથી વિષ્ણુ સુંદર સ્ત્રીનું રૂપધારણ કરે છે. વિષ્ણુરૂપી સ્ત્રી શિવ પાસે આવે છે. આવી રૂપાળી સ્ત્રીને જોઇને શિવ મોહાસક્ત થાય છે. તે આસપાસ જૂએ છે. ભગવાન વિષ્ણુ પણ જોવાતા નથી. આથી તે સુંદર કન્યાને ભોગવે છે ત્યારે વિષ્ણુ પોતાનું અસલ રૂપ પ્રગટ કરે છે.

૮૨ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૧૨
૮૩ એંજન, પૃ.૧૪

- **રૂપપરિવર્તનનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'ઓખાહરણ'માં ચિત્રલેખા 'પક્ષીનું રૂપધારણ' કરે છે. 'નળાખ્યાન'માં સર્પદંશથી નળ કૂબળો બની જાય છે.

[ઓખાહરણ, કડવું : ૧૧; નળાખ્યાન, કડવું : ૩૫]

**૨. કથાઘટકનું પ્રયોજન**

વેદોની કથાઓ, પુરાણકથાઓથી માંડીને રામાયણ-મહાભારત અને વિશ્વની જુદી-જુદી અનેક કથાઓમાં 'રૂપપરિવર્તન'નું કથાઘટક અનેક રીતે પ્રયોજાયું છે. 'રૂપપરિવર્તન' વિવિધ રીતે થતું હોય છે જેમકે 'માનવનું અન્ય માનવરૂપે', 'માનવનું પ્રાણીરૂપે', 'માનવનું પક્ષીરૂપે', અને 'માનવનું પદાર્થરૂપે'.

**૩. અન્ય કૃતિઓમાં રૂપપરિવર્તનનું કથાઘટક**

૩.૧. 'કથાસરિત્સાગર'[૮૪]માં શૃંગભુજ અને રૂપશિખાનું કથાનક આલેખાયું છે. રૂપશિખા રાજકુમાર શૃંગભુજનું અનુપમ સૌંદર્ય જોઇને મોહ પામે છે. તે અગ્નિશિખ નામનાં રાક્ષસની પુત્રી હોય છે. રૂપશિખા શૃંગભુજને પોતાના પિતા પાસે લઇ જાય છે. રાક્ષસ પિતા બંનેને લગ્ન કરાવવાનું વચન આપે છે. એક દિવસ શૃંગભુજ અને રૂપશિખા રાક્ષસની નગરીમાંથી નાસી છૂટે છે. આ વાતની જાણ રાક્ષસ અગ્નિશિખને થાય છે. તેથી તે બંનેની પાછળ પડે છે. માર્ગમાં રૂપશિખાને પિતા પાછળ આવે છે એવી જાણ થાય છે. તેથી તે શૃંગભુજ અને ઘોડાને અદૃશ્ય કરી દે છે. પોતે મંત્રબળ વડે 'સ્ત્રીમાંથી પુરુષ' બની જાય છે. રાક્ષસ સ્ત્રીમાંથી પુરુષરૂપે રૂપપરિવર્તન પામેલ રૂપશિખાને પૂછે છે કે 'અરે ભાઇ ! તે આ માર્ગે જતાં કોઇ સ્ત્રી પુરુષને દીઠાં છે ?'

૮૪ કથાસરિત્સાગર, રત્નપ્રભા લંબક, તરંગ ૫મો, પૃ.૩૩૭

૩.૨. 'અંબડ-વિદ્યાધર-રાસ'[૮૫]માં 'માનવનું પક્ષીરૂપે' થતું 'રૂપપરિવર્તન'નું કથાઘટક અમરાવતીના કથાનકમાં પ્રયોજાયું છે. ક્ષત્રિયકુંડ નગરમાં દેવાત્ય઼િ રાજા રાજ્ય કરે છે. તેને અનેક રાણીઓ હતી. એકવાર અણમાનીતી રાણી રાજાને જમવા માટે આમંત્રણ આપે છે. અણમાણીતી રાણી કામણ-ટૂમણ કરીને રાજાને પોપટ બનાવી દે છે. અહીં 'મનુષ્યનું પક્ષીરૂપે' રૂપપરિવર્તન થયું છે.

૩.૩. 'રોમ સીતમાની વારતા'[૮૬]માં 'રૂપપરિવર્તન'નું કથાઘટક પ્રયોજાયું છે. અહીં 'દેવનું પક્ષીરૂપે' રૂપપરિવર્તન થાય છે. ઈન્દ્ર અહલ્યાનું રૂપ જોઈને મોહાસકત બને છે. આથી ઈન્દ્ર ચંદ્ર પાસે જઈને ગૌતમઋષિનું સત તપાસવાનું વિચારે છે. ઈન્દ્ર અને ચંદ્ર બન્ને ગૌતમની ધૂણી પાસે આવે છે ત્યારે ચંદ્ર કૂકડામાં પોતાનું રૂપપરિવર્તન કરે છે. કૂકડાનું રૂપધારણ કરેલો ચંદ્ર કૂકડાની માફક બોલે છે. જેથી પ્રાતઃ કાળ સમજીને ગૌતમઋષિ સ્નાન કરવા ગંગા તટે જાય છે. જ્યારે ઈન્દ્ર અહલ્યા પાસે જઈ પ્રેમયાચના કરે છે ત્યારે બન્ને ઢોલિયામાં એકાંત ભોગવે છે.

- **વિશિષ્ટ પદાર્થનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'મદાલસા આખ્યાન'માં વિશિષ્ટ 'પદાર્થ-મણિ' છે. આ મણિમાં એવો વિશિષ્ટ ગૂણ રહેલો છે કે ઋતુધ્વજ સિવાય અન્ય કોઈનાં હાથમાં જાય તો મદાલસા મૃત્યુ પામે.

[મદાલસા આખ્યાન, કડવું : ૨૧]

**૨. કથાઘટકનું પ્રયોજન**

વિશિષ્ટ પદાર્થ જુદા-જુદા હોય છે. જેમકે મણિ, મોતી, માણેક, કોળું, હાંડલી, ત્રિશુળ, ડ્રેસ વગેરે. આ વિવિધ પદાર્થોમાં કોઈ જાદૂઈ કે દિવ્ય તત્ત્વ હોતું નથી. પરંતુ, એમાં એવો કોઈ વિશિષ્ટ ગુણ રહેલો હોય છે, જેથી એ કથાવિકાસમાં મદદરૂપ બને છે.

---

૮૫ અંબડ વિદ્યાધર રાસ, આદેશ ચાર, સં.બલવંતરાય ક.ઠાકોર, પૃ.૮૪

૮૬ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડૉ.ભગવાનદાસ પટેલ, પૃ.૮

### ૩. અન્ય કૃતિઓમાં વિશિષ્ટ પદાર્થનું કથાઘટક

૩.૧. 'કલહકારિણી(કંકાસણી) અને સિંહપરાક્રમની વાર્તા'[૮૭]માં પૂર્વે કાશીમાં વિક્રમચંડ નામે રાજા રાજય કરતો હતો. તેને સિંહપરાક્રમ નામે એક પ્રિય ચાકર હતો. તેને કલહકારિણી એવા ઉપનામવાળી વિખ્યાત સ્ત્રી હતી. તે હંમેશાં પતિ સાથે કજિયો કરતી રહેતી. એક વાર કંટાળીને સિંહપરાક્રમ ઘર છોડીને ત્યાંથી વિંધ્યવાસિનીનાં દર્શને નીકળી પડે છે. દેવી તેને સ્વપ્નમાં આવીને ખજાનાની અને એક માણેકની વાત કરે છે.  દેવીના કહ્યાં પ્રમાણે તે કાશી પહોંચીને ખજાનો તથા માણેક મેળવી લે છે. માણેકમાં પૂર્વ જન્મ બતાવવાનો વિશિષ્ટ ગુણ રહેલો હોય છે. આ માણેક વડે તે પોતાની સ્ત્રીનો પૂર્વ ભવ જૂએ છે તો તે એક રીંછણ હતી અને પોતે સિંહ હતો. આ માણેક દ્વારા સિંહપરાક્રમ પૂર્વે જે સિંહણ હતી જે આ જન્મે સિંહશ્રી નામ ધરાવતી હતી તેની સાથે પરણે છે.

૩.૨. 'કાળમુખ કોળું'[૮૮]નામની લોકકથામાં એક કોળાનું કથાનક આલેખાયું છે. ફ્યૂરાઇરા નામની એક કન્યાને વેલમાંનું એક નાનકડું કોળું પસંદ આવે છે. જેથી બીજા દિવસે પિતા તેને કોળું પાસે લઇ જાય છે ને એ કોળું તોડી આપે છે. ફ્યુરાઇરા એ કોળાને પકડે છે તો કોળું કૂદીને ભોંય પર પડે છે. કોળું તેની પાછળ-પાછળ દોડે છે ને તેના ઘરે પહોંચી જાય છે. ત્યાં કોળું એક દિવસ બોલે છે કે 'હું ફ્યુરાઇરાને ખાઇ જઇશ.' કોળું તો તેને મારવા પાછળ પડી જાય છે. એક બકરો આવીને પોતાનાં અણિદાર શિંગડાથી કોળા પર હુમલો કરે છે, તો બીજી બાજુ તેના પિતા ડાંગ વડે હુમલો કરે છે, જેથી કોળું ફસકી પડે છે. તેની માતા કોળાના ટુકડા કરીને તાપણામાં હોમી દે છે.

૩.૩. 'અખૂટ હાંડલી'[૮૯] લોકકથામાં એક ગરીબ બ્રાહ્મણ હોય છે. તેને ત્યાં ખાવાના ફાંફા હોય છે. એક દિવસે તે જંગલમાં જાય છે ત્યાં દુર્ગા માતાનું મંદિર હોય છે. બ્રાહ્મણ મંદિરે આવીને પોતાનું માથું પછાડે છે. જેથી દુર્ગા માતા રાજી થાય છે. તે બ્રાહ્મણને એક હાંડલી આપે છે. માતા બ્રાહ્મણને કહે છે કે : 'લે આ અખૂટ હાંડલી. એને ઊંધી વાળીશ એટલે એમાંથી સંદેશ ખરશે. મીઠાં મધ જેવાં સંદેશ.' આ રીતે અખૂટ હાંડલીથી ગરીબ બ્રાહ્મણનું દરિદ્ર દૂર થાય છે.

૮૭ કથાસરિત્સાગર, નરવાહનદત્તજન્મ લંબક, તરંગ ૩જો, પૃ.૧૬૯
૮૮ આફ્રિકાખંડની લોકકથાઓ, સં.શિવમ્ સુંદરમ્, પૃ.૫૨
૮૯ અખૂટ હાંડલી, ધરતીની મહેક, પૃ.૨૦૧

૩.૪. 'શીત અને વસંત'[૯૦] લોકકથામાં વિશિષ્ટ : પદાર્થનું કથાઘટક પ્રાપ્ત થાય છે. આ લોકકકથામાં રાજકુમારીનો સ્વયંવર યોજાયો હોય છે. દેશદેશાન્તરનાં રાજાઓ રાજકન્યાને પરણવાનાં કોડથી આવ્યા હોય છે. સ્વયંવરના સમયે રાજકન્યા શરત મૂકે છે કે 'ક્ષીરસાગરના હાથીના મુખ પરથી ગજમોતી લઇ આવશે તેની સાથે લગ્ન કરીશ.' આ વાતની જાણ વસંતકુમારને થાય છે. જેથી વસંત મુનિ પાસેથી ત્રિકાંડ ત્રિશુળ લઇને ક્ષીરસાગર તરફ પ્રયાણ કરે છે. વસંત અનેક મૂશ્કેલીઓનો સામનો કરી આગળ વધે છે. ત્યારે રસ્તામાં અનેક હાથીઓનું ટોળું વસંતની સામે આવે છે. વસંતે ત્રિકાંડ ત્રિશુળ હાથીઓની સામે મૂક્યું. જેથી હાથીઓનું ટોળું અલોપ થઇ ગયું. વસંત આગળ વધે છે. ત્યાં ક્ષીરસાગર દશ્યમાન થાય છે. ક્ષીરસાગરમાં દૂધ હોય છે. દૂધનાં દરિયામાં કમળફૂલ, કમળફૂલની વચ્ચે શ્વેતહાથી અને શ્વેતહાથીનાં માથા પર ગજમોતી ચમકે છે. શ્વેત હાથી પરના ગજમોતીને લેવું વસત માટે કઠીન હતું. જેથી વસંત ત્રિકાંડ ત્રિશુળ હાથીના માથા પર ચલાવે છે. ત્યાં જ ક્ષીરસાગર સુકાઇ જાય છે. કમળનું વન સુકાઇ જાય છે. શ્વેતહાથી હજાર પાંખડીનું કમળ થઈ જાય છે. આ કમળની પાંદડીમાં ગજમોતી હોય છે. આમ, 'ત્રિકાંડ ત્રિશુળ' વસંતને ગજમોતી લાવવામાં મદદરૂપ થાય છે, જેથી તે રાજકુમારીની શરતને પૂર્ણ કરી શકે છે.

૩.૫. 'ફેર, બ્રાઉન એન્ડ ટ્રિમ્બલિંગ'[૯૧] લોકકથામાં ફેર, બ્રાઉન એન્ડ ટ્રિમ્બલિંગ એ ત્રણ બહેનોની કથા છે. આ કથાનકમાં ફેર અને બ્રાઉન પાસે સુંદર કપડાં હોવાને કારણે ચર્ચમાં જઇ શકતી હતી. જ્યારે ટ્રિમ્બલિંગ પાસે સુંદર ડ્રેસ ન હોવાથી તે ચર્ચ જઇ શકતી ન હતી. એક વૃદ્ધ સ્ત્રી ટ્રિમ્બલિંગને સુંદર ડ્રેસ આપવાનું કહે છે. વૃદ્ધ સ્ત્રીએ એક 'ચમત્કારી વસ્ત્ર' ઓઢીને ટ્રિમ્બલિંગે પહેરેલા જૂના ડ્રેસના કાપડનો ટુકડો ફાડ્યો ત્યાં જ તેનો ડ્રેસ શ્વેત રંગનો સુંદર બની જાય છે. આ ડ્રેસ પહેરીને તે ચર્ચમાં જાય છે, જેથી રાજકુમાર તેના પ્રેમમાં પડે છે.

૯૦ શીત અને વસંત, ધરતીની મહેક, પૃ.૫૫
૯૧ મોટિફ : આઇરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે, પિનાકિની પંડ્યા, પૃ.૫૩

- **વિશિષ્ટ શકિત ધરાવનારનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'ઓખાહરણ'માં વિશિષ્ટ શક્તિ ધરાવનાર બાણાસુર છે. શિવ તેને સહસ્ર ભુજાઓનું વરદાન આપે છે. આ ભુજાઓ તેના અભિમાનમાં નિમિત્ત બને છે.

[ઓખાહરણ, કડવું : ૨]

**૨. કથાઘટકનું પ્રયોજન**

વિશિષ્ટ શક્તિઓ ધરાવનાર વ્યક્તિઓમાં વિશિષ્ટ શક્તિ જુદાં-જુદાં પ્રકારની હોય છે. જેમાં દશ માથાં અને વીસ હાથ ધરાવનાર, વામનથી વિરાટ સ્વરૂપ ધારણ કરનાર, એક જ પગથી દોડવાની શક્તિ ધરાવનાર વગેરે. આ વિશિષ્ટ શક્તિ વડે કથામાં કોઇ આપત્તિ આવી હોય તો એ દૂર થાય છે.

**૩. અન્ય કૃતિઓમાં વિશિષ્ટ શક્તિ ધરાવનારનું કથાઘટક**

૩.૧. 'રોમસીતમાની વારતા'[૯૨]લોકાખ્યાનમા 'દસ માથાં અને વીસ હાથ' હોવાને કારણે રાવણ અભિમાની હોય છે. તે સીતાના સ્વયંવરમાં આવે છે. વિવિધ રાજ્યોમાંથી આવેલા રાજાઓ એક હાથ વડે ધનુષ્ય ઊંચકવાનો પ્રયત્ન કરે છે. એક હાથ વડે ધનુષ્ય ઊચકાતું નથી તો બે હાથ વડે ઊચકવાનો પ્રયત્ન કરે છે. કોઇ રાજાથી એ ધનુષ્ય ઊચકાતું નથી. છેવટે રાવણ ઊભો થાય છે. રાવણ પોતાના વીસ હાથ વડે ધનુષ્ય ઊંચકવાનો પ્રયત્ન કરે છે. ધનુષ્ય થોડું ઊંચકાય છે ત્યાં જ રાવણની બધી જ આંગળીઓ ધનુષ્યની નીચે આવી જાય છે. રાવણની બધી જ આંગળીઓ કચડાય જાય છે

૯૨ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૪૩

૩.૨. 'ધ કિંગ ઓફ આયલેન્ડન્સ સન'[૯૩] લોકકથામાં વિશિષ્ટ શક્તિ ધરાવનારા રાજકુમારનાં ગ્રીનમેન, ગનમેન, ઇયરમેન, બ્લોમેન, ફૂટમેન, થાઇમેન, બ્લોમેન વગેરે સાથીઓ છે. આ વિવિધ સાથીઓ રાજકુમારને મનગમતી રાજકુમારી સાથે લગ્ન કરાવવામાં મદદ કરે છે. રસ્તામાં ગ્રીનમેન પોતાનું વામનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કરીને રાજકુમારને રાક્ષસની નજરમાંથી બચાવે છે. ફૂટમેનનો એક પગ તેના એક ખભા પર હતો, તે દોડમાં જીતીને પશ્ચિમના દેશમાં રહેલા કૂવામાંથી ત્રણ બોટલ રોગમુક્ત કરે તેવી દવા લઇ આવે છે. બ્લોમેન ઔષધિ લેવા ગયેલા ફૂટમેનને મદદ કરે છે. ફૂટમેનની સામે રાજકુમારી એક ડાકણને ઔષધિ લેવા મોકલે છે, ડાકણ તેને રસ્તામાં જ નિદ્રાધીન કરી દે છે. ડાકણ ઔષધિ લઇને આવતી હોય છે ત્યારે બ્લોમેન પોતાના એક જ ઉચ્છ્વાસ દ્વારા પવન ફૂંકી તેને ઔષધિવાળા કૂવા પાસે જઇને પાડે છે. રાજકુમારી જ્યારે રાજકુમારને ઉઘાડા પગે ખીલીઓવાળા ત્રણ માઇલ લાંબા રસ્તા પર ચાલવાનું કહે છે. ત્યારે થાઇમેન પોતાની એક સાથળની મદદથી એ ખીલીઓને પાડી દે છે ને બીજી બાજુંના સાથળ વડે તેનો ભૂકો બનાવી દે છે. જેથી રાજકુમાર ખુલ્લા પગે ત્રણ માઇલનાં રસ્તામાં સહેલાઇથી ચાલી શકે. આ રીતે 'વિશિષ્ટ શક્તિ ધરાવનારા' સાથીઓ રાજકુમારને રાજકુમારી મેળવવા મદદ કરે છે.

- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'ચંદ્રહાસ આખ્યાન'માં ધૃષ્ટબુદ્ધિ ચંદ્રહાસને મારવા બે પ્રસંગોએ મારાઓ મોકલે છે. આ કથાઘટક 'દશમસ્કંધ'માં પણ પ્રયોજાયું છે. આ આખ્યાનમાં કંસને જાણ થાય છે કે કૃષ્ણ જ દેવકીનું આઠમું સંતાનને પોતાનો કાળ છે. જેથી કંસ કૃષ્ણને મારવા અનેક મારાઓ મોકલે છે. એ છતાં કૃષ્ણનો બચાવ થાય છે.

[ચંદ્રહાસ આખ્યાન, કડવું : ૬, ૨૫; દશમસ્કંધ, કડવું : ૪, ૨૬, ૨૭, ૪૧, ૪૨, ૪૪, ૫૮, ૧૦૨, ૧૦૪]

---

૯૩ મોટિફ : આઇરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે, પિનાકિની પંડ્યા, પૃ.૭૮

### ૨. કથાઘટકનું પ્રયોજન

નાયકને મારવા માટે રાજા દ્વારા મારાઓ મોકલવામાં આવતા હોય છે. શત્રુની જાણ થતા ખલનાયક શત્રુને મારવા માટે પણ મારાઓ મોકલે છે. આ મારાઓની ભૂમિકા મલ્લો, ચાંડાલો કે સેવકો ભજવતા હોય છે. આ કથાઘટકની વિશેષતા એ છે કે મારાઓ નાયકનો વાળ પણ વાંકો કરી શકતા નથી. વળી, ક્યારેક મારાઓને દયા આવવાથી બાળકને મારવાને બદલે છોડી દે છે, ને તેને બદલે હરણની આંખો માર્યોના પુરાવા તરીકે લઈ જતા હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં શત્રુઘાત માટે મોકલેલા મારાઓનું કથાઘટક

૩.૧. 'પ્રહલાદ્ આખ્યાન'[૯૪]માં પ્રહલાદ્ હરિનું નામ પિતા સામે લે છે. જેથી હિરણ્યકશ્યપ ક્રોધિત થાય છે ને અસુરોને તેને મારી નાખવાનું કહે છે. એક પછી એક અસુરો પ્રહલાદ્ પર શસ્ત્રોના ઘા કરે છે. પરંતુ તેની ઉપર એ શસ્ત્રોના ઘા અસર કરી શકતા નથી. પિતા પ્રહલાદ્‌ને મારવા માટે મલ્લોને મોકલે છે, મલ્લો પણ તેને મારી શકતા નથી. પ્રહલાદને પર્વત પરથી નાખવામાં આવે છે, આ પ્રયત્ન પણ હિરણ્યકશ્યપનો નિષ્ફળ રહે છે. આ રીતે અનેક ઘાતમાંથી કોઈને કોઈ પ્રકારે પ્રહલાદ્‌નો બચાવ થાય છે.

૩.૨. 'પદ્માવતીની વાર્તા'[૯૫]માં કુંતીભોજ રાજાનાં નગરમાં પુષ્પસેન નામનો રાજકુમાર આવે છે. એક દિવસે સુલોચના નામની દાસી કુંતીભોજની કુંવરી પદ્માવતી પાસે આવે છે. તે પુષ્પસેનનાં વખાણ કરે છે. જેથી કુંવરી દાસીને બંનેનું મિલન કરાવવાનું કહે છે. દાસી બંનેના મિલનની પરિપાટી રચી આપે છે. બ્રાહ્મણ આવીને લગ્ન કરાવે છે. આ વાતથી રાજા કુંતીભોજ અજાણ છે. રાજા કુંવરીને લગ્ન કરવાનું કહે છે, કુંવરી લગ્ન માટે ના પાડે છે. જેથી રાજાને કુંવરી પ્રત્યે સંદેહ જાગે છે. રાજાને દ્વારપાળ મારફતે જાણ થાય છે કે પુષ્પસેન દરરોજ કુંવરીને મળવા આવે છે. જેથી રાજા પુષ્પસેનને મારવા ચાંડાલોને મોકલે છે. વનમાં ગણિકા ચાંડાલો પાસે જાય છે. તે ચાંડાલોને કુંવરને છોડી દેવા કહે છે ને બદલામાં સોનામહોરો આપે છે. ચાંડાલો કુંવરને બદલે એક હરણની આંખો રાજાને બતાવે છે. આમ, ગણિકાની સહાયથી પુષ્પસેનનો ઘાતમાંથી બચાવ થાય છે.

---

૯૪ બૃહત્ કાવ્યદોહન, કથામૂલક : ભાગ-૩, ખંડ-૨, પુનઃસંપાદન-ડૉ.બળવંત જાની, પૃ.૧૧૯૦-૧૧૯૧
૯૫ મધ્યકાલીન કથાકોશ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૭૯

૩.૩. 'શીત અને વસંત'[૯૬] લોકકથામાં અપરમાતા સુખોરાણી બંને કુંવરો પર આળ મૂકતા રાજાને કહે છે કે : 'કુંવરો મને મારે છે અને ગાળો બોલે છે. એમને મારીને એમનું લોહી લાવો જેથી લોહીથી નાહીને મારા અંગને ઠારું.' રાજા રાણીની વાત સાંભળીને મારાઓને બોલાવીને આજ્ઞા આપે છે : 'જાઓ શીત-વસંતને મારી લોહી લાવો. લોહી લાવીને સુખોરાણીને સુપરત કરો.' મારાઓ શીત-વસંતને લઇને જંગલમાં આવે છે. જંગલમાં બંને રાજકુમારોને જોઇને મારાઓ વિચાર કરે છે : 'જે હાથે કુંવરોને મોટા કર્યા એ હાથે કેવી રીતે મારીએ.' સેવકો કુંવરોને વનકુળ પહેરાવીને વનને મારગ રવાના કરે છે. સેવકો શિયાળ અને સસલાનું લોહી લઇને રાણીને આપે છે.

- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવાનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

આ કથાઘટક 'મદાલસા આખ્યાન' અને 'રણયજ્ઞ' એ બે આખ્યનકૃતિઓમાં પ્રાપ્ત થાય છે. અહીં મદાલસાના 'મૃત્યુનું રહસ્ય' પાતાલકેતુ જાણી જાય છે. 'રણયજ્ઞ'માં ઇન્દ્રજિતના મૃત્યુનું રહસ્ય લક્ષ્મણ જાણી લે છે.

[મદાલસા આખ્યાન, કડવું : ૨૨; રણયજ્ઞ : ૧૭]

**૨. કથાઘટકનું પ્રયોજન**

યુદ્ધમાં શત્રુ જીતાય એમ નથી, જેથી યોદ્ધા તેના મૃત્યુનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરે છે. શત્રુનું મૃત્યુ ભમરામાં, માછલીમાં કે ઝેર કોચલો પીવડાવવામાં રહેલું હોય છે. કથાનાયક આ રહસ્ય કોઇ યુક્તિપૂર્વક ચતુરાઇથી જાણી લે છે. આ રહસ્ય જાણી લેવાથી કથાનાયક રહસ્ય પ્રમાણે કાર્ય કરે છે. જેમકે શત્રુનો જીવ સૂર્યના રથમાં રહેલા ભમરામાં હોવાથી નાયક એ ભમરાને મારે છે. જેથી શત્રુ મૃત્યુ પામે.

૯૬ શીત અને વસંત, ધરતીની મહેક, પૃ.૪૧

**૩. અન્ય કૃતિઓમાં શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવાનું કથાઘટક**

૩.૧. 'રોમ સીતમાની વારતા'[૯૭]માં મંદોદરીનો વેશધારણ કરેલો લક્ષ્મણ રાવણને જમવા માટે પોતાની પાસે બોલાવે છે. આથી મંદોદરી રૂપી લક્ષ્મણ રાવણ પાસે બોર બોર જેવડા આંસુ પાડીને રડે છે. જેથી રાવણ તેનાં રડવાનું કારણ પૂછે છે. મંદોદરી રૂપી લક્ષ્મણ રાવણને કહે છે કે 'લંકામાં રામનું આખું દળ આવી ગયું છે તેઓ તમને મારી નાખશે તો?' આથી રાવણ પોતાના 'મોતનું રહસ્ય' જણાવતા કહે છે કે 'રાણી મારો જીવ મારી પાસે નથી, મારો જીવ તો સૂર્યના રથમાં રહેલા ભમરામાં છે. જો કોઇ એ ભમરાને મારે તો જ મારું મૃત્યુ થાય એમ છે.' આ રીતે મંદોદરીનું રૂપધારણ કરીને લક્ષ્મણ, રાવણના 'મૃત્યુનો ભેદ' જાણી લે છે.

૩.૨. 'ચંપકકુમાર'[૯૮] લોકકથામાં બંગાળમાં એક રાજા રાજ્ય કરે છે. રાજાને બે રાણીઓ હોય છે. એક માનીતી અને બીજી અણમાનીતી. માનીતી રાણી રાજાના મહેલમાં રહેતી, જ્યારે અણમાનીતી ઝૂંપડીમાં રહેતી. બંને રાણીઓને પેટ શેર માટીની ખોટ હતી. એકવાર કોઈ સાધુ અણમાનીતી રાણીની ઝૂંપડીએ આવે છે. સાધુ તેનું દુઃખ સાંભળે છે ને તેને એક જડીબુટ્ટી આપે છે. વળી, કહે છે 'આ જડીબુટ્ટીને દૂધમાં ઘસીને પીજે, જેથી તને કુંવર જન્મશે. આ કુંવરનો જીવ કમળ તલાવડીની વચ્ચે મણિમાછલીના પેટમાં એક પેટી છે, પેટીમાં એક હાર છે. એ હાર કોઇ પહેરશે તો કુંવરનો જીવ જશે.' અણમાનીતી રાણી જડીબુટ્ટી ખાય છે. જેથી તેને ગર્ભ રહે છે. રાજાને જાણ થાય છે કે રાણીને ગર્ભ રહ્યો છે, જેથી તે અણમાનીતી રાણીને મહેલ લઇ આવે છે. અણમાનીતી રાણી કુંવરને જન્મ આપે છે. આ વાત માનીતીના મનમાં ખટકે છે. કુંવર તો દિવસે દિવસે વધતો જાય છે. માનીતી રાણી કુંવરને મારવાના પેંતરા રચે છે, પણ કુંવરતો બચી જાય છે. એકવાર માનીતી કુંવરને કપટ કરીને પોતાને મહેલ બોલાવે છે ને કુંવરને પોતાનો જીવ ક્યાં છે તેમ પૂછે છે. જેથી કુંવર પોતાની માતાને પૂછીને પોતાનો જીવ ક્યાં છે તે ગુપ્ત વાત માનીતી રાણીને જણાવી દે છે. જેથી રાણી રાજા પાસે કમળ તલાવડીની મણિમાછલી મંગાવે છે ને તેના પેટમાં રહેલો હાર પહેરે છે ત્યાં જ રાજકુમાર મૃત્યુ પામે છે. આ રીતે માનીતીરાણી કુંવરના 'મૃત્યુનું રહસ્ય' જાણી લે છે.

---

૯૭ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૭૨

૯૮ ધરતીની મહેક, ચંપકકુમાર, પૃ.૧૮૬

૩.૩. 'નુગરી વાવની કથા'[૯૯]માં એક રાજપૂત અને રાજપૂતાણીનું કથાનક આલેખાયું છે. રાજપૂત વરસોથી બિમાર હતો. તેની બિમારીને દૂર કરવા માટે તેણી પત્ની અનેક ઠેકાણે જઇ આવી, બાધા-આખડીઓ રાખી, દોરા તાવીજો બાંધ્યાં, ને ઔષધિઓ કરી. પરંતુ, રાજપૂતની બિમારી દૂર થતી ન હતી. એકવાર તેને વાવડ મળેલા કે કાઠિયાવાડમાં એક વૈદ્ય જાણકાર છે, તેથી તે રાજપૂતને ત્યાં લઇ જાય છે. રસ્તામાં થાક લાગતા બંને આરામ કરવા બેસે છે. થાકને લીધે રાજપૂત ઊંઘી જાય છે, રાજપૂતાણીને ઊંઘ આવતી નથી. તે રાજપૂતની સામે જોઇ રહી હોય છે ત્યારે પતિનાં મુખમાંથી એક નાગ નીકળે છે. તેની પડખે બીજો નાગ આવે છે. રાજપૂતાણી બંનેની વાત સાંભળે છે. બીજો નાગ પહેલા નાગને કહે છે :'શા માટે રાજપૂતનાં પેટમાં ભરાઇ રહ્યો છે?' ત્યારે પહેલો નાગ કહે છે : 'વરસો પહેલાં હું નાનો હતો ત્યારે રાજપૂત પાણી પીતો હતો ત્યારે એનાં પેટમાં ભરાયો હતો. હવે તે મરશે ત્યારે જ પેટમાંથી નીકળીશ.' બીજો નાગ પહેલાં નાગને કહે છે કે તારા 'મૃત્યુનું રહસ્ય' હું જાણું છું 'આ રાજપૂતને અચ્છેર ઝેરકોચલાં વાટી એનો ઉકાળો કરીને પીવરાવે તો તારા કટકે કટકા થઇ જાય ને તું મળ વાટે બા'ર નીકળે.' રાજપૂતાણી બંનેની વાત સાંભળે છે. પોતપોતાની વાત કરીને બંને પોતપોતાનાં માર્ગે જાય છે. પહેલો નાગ રાજપૂતનાં મુખ દ્વારા પેટમાં જાય છે ને બીજો નાગ રાફડામાં. રાજપૂતાણી પતિને ઊંઘતો મૂકીને ગામમાં જાય છે. અચ્છેર ઝેરકોચલાં લઇ આવીને પથ્થર પર વાટીને ઉકાળે છે. પછી રાજપૂતને એ ઉકાળો પીવા કહે છે. રાજપૂત ઉકાળો પીવે છે ત્યારે તેને ઝાડે જવું પડે છે. ત્યાં મળ દ્વારા નાગનાં કટકા બહાર પડે છે. આમ, રાજપૂતાણી નાગનાં 'મૃત્યુનું રહસ્ય' જાણી લઇને પતિને ઉગારે છે.

- **શિકાર વખતે માર્ગ ભૂલવાનું કથાઘટક :**

  **૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

પ્રેમાનંદકૃત 'ચંદ્રહાસ આખ્યાન'માં કૌંતલદેશનો રાજા કુલિંદ 'શિકાર વખતે માર્ગ ભૂલે' છે. ત્યાં વનમાં તેને ચંદ્રહાસની પ્રાપ્તિ થાય છે.

[ચંદ્રહાસ આખ્યાન, કડવું : ૭]

---

૯૯ લોકવાર્તાઓ, સં.ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, પૃ. ૯૮

### ૨. કથાઘટકનું પ્રયોજન.

શિકાર વખતે રાજા કે રાજકુમાર ગાઢ જંગલમાં માર્ગ ભૂલી જતા હોય છે. ક્યારેક શિકાર વખતે ઘોડો પણ માર્ગ ભૂલતો હોય છે. શિકાર વખતે માર્ગ ભૂલવાનું રાજા કે રાજકુમાર માટે ઉપકારક સાબિત થતું હોય છે. કેમકે રાજકુમારને નાયિકાની પ્રાપ્તિ થતી હોય છે, રાજાને જંગલમાં ધનની પ્રાપ્તિ તો અપુત્રવંત રાજાને પુત્રની પ્રાપ્તિ થતી હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં શિકાર વખતે માર્ગે ભૂલવાનું કથાઘટક

૩.૧. 'કાદંબરી'[૧૦૦]માં એક દિવસ ચંદ્રાપીડ ઈંદ્રાયુધ ઘોડા પર સવાર થઈને શિકારે નીકળે છે. રસ્તામાં તે એક કિન્નરયુગલને જૂએ છે, જેથી તે તેમની પાછળ જાય છે. કિન્નરયુગલની પાછળ પડેલો ચંદ્રાપીડ રસ્તો ભૂલી જાય છે. થાકી ગયેલો તે પાણીની શોધમાં અચ્છોદ સરોવર પાસે આવે છે. ત્યાં તેને સંગીતના સૂર સંભળાય છે. તે સંગીતની દિશા તરફ આગળ વધે છે. મહાદેવના મંદિરે એક સ્વરૂપવાન સ્ત્રીને વીણા વગાડતી જૂએ છે. આ સ્ત્રી મહાશ્વેતા હોય છે. આ રીતે વનમાં ભૂલા પડેલા ચંદ્રાપીડનું મિલન મહાશ્વેતા સાથે થાય છે.

૩.૨. 'ચંદરાજા અને પ્રેમલાલાછી'[૧૦૧]ની કથામાં આભાપુરી નગરીમાં વીરસેન રાજા હોય છે. એક દિવસ રાજા સોદાગર પાસેથી ઘોડો લે છે. આ ઘોડો અવળી તાલીમ પામેલો હોય છે. રાજા આ ઘોડા પર સવાર કરીને મૃગયા ખેલવા જાય છે. વનમાં રાજા દૂર નીકળી પડે છે. રાજાને ઘોડાની અવળી તાલીમનો ખ્યાલ આવી જાય છે. રાજા રસ્તામાં એક વડવાઈ પકડીને નીચે ઉતરી જાય છે. રાજા એક વાવમાં સ્નાન કરવા જાય છે ત્યાં એક સ્ત્રીનું રુદન સાંભળે છે. રાજા કન્યાને એક જોગી પાસેથી મુક્ત કરાવીને તેની સાથે લગ્ન કરે છે.

૩.૩. 'ઢોલા-મારવણીની કથા ચોપાઈ'[૧૦૨]મરુધર દેશમાં પુંગલનગરીમાં પિંગલનામે રાજા હતો. એક દિવસે તે શિકારે નીકળે છે. શિકારે નીકળેલો રાજા ભૂલો પડે છે. તે આરામ માટેનું સ્થાન શોધતો ફરે છે. એવામાં એક ઝાડ નીચે એક ભાટને જૂએ છે. રાજા ભાટ સાથે વાર્તાલાપ કરવા લાગે

---

૧૦૦ ભાલણની કાવ્યકૃતિઓ, ખંડ-૨, સં.બળવંત જાની, પૃ.૩૧૯
૧૦૧ મહાભારતની લોકપરંપરાનાં કથાનકો, પૃ.૬૬
૧૦૨ મધ્યકાલીન ગુજરાતી કથાકોશ પહેલો ખંડ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૩૫, ૧૩૬

છે. ભાટ રાજા સમક્ષ જાલોરનાં રાજાની કુંવરી ઉમાદેવડીનાં રૂપનાં વખાણ કરે છે. જેથી રાજા કુંવરીનાં પ્રેમમાં પડે છે. જેથી જાલોરનાં રાજાની રાજકુમારીનાં લગ્ન પિંગલરાજા સાથે થાય છે.

૩.૪. 'કિલ્લેદારની કન્યા'[૧૦૩] લોકકથામાં ચિલિદેશના રાજાને ત્રણ કુંવરો હતા. એક વખતે ત્રણેય કુંવરો શિકારે જવા નીકળે છે. ત્રણેય ગાઢ જંગલમાં પહોંચી જાય છે પરંતુ, શિકાર હાથમાં આવતો નથી. જંગલમાં ત્રણેય ત્રિભેટે આવી પહોંચે છે. જેથી એક જમણી બાજુ, બીજો ડાબી બાજુ અને ત્રીજો સીધામાર્ગે ચાલી નીકળે છે. પાછા ફરવાનો સમય થતાં ડાબે-જમણે નીકળેલા કુંવરો પાછા આવી જાય છે. પરંતુ, સીધામાર્ગે નીકળેલો લઘુકુમાર જંગલમાં ભૂલો પડે છે તેથી પાછો આવતો નથી. તે જંગલમાં વધુને વધુ ઊંડાણમાં ચાલ્યો જાય છે. તેને જંગલની બહાર નીકળવાનો માર્ગ મળતો નથી. ચાલતાં-ચાલતાં તે એક કિલ્લો જૂએ છે. અહીં તેનો મેળાપ એક કિલ્લેદારની કન્યા સાથે થાય છે અને તેની સાથે તે લગ્ન કરે છે.

- **સહાયક થતું પ્રાણી કે પક્ષીનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'અભિમન્યુ આખ્યાન'માં 'સહાયક થતું પ્રાણી-પવનવેગી સાંઢણી' છે. આ પવનવેગી સાંઢણી ગણતરીના સમયમાં ઉત્તરાને અભિમન્યુ પાસે લઈ આવે છે. તો 'મદાલસા આખ્યાન'માં 'સહાયક થતા પ્રાણીઓ સર્પો' છે. તેમની સહાયતાથી મૃત મદાલસા પુનઃ જીવિત થાય છે.

[અભિમન્યુ આખ્યાન, કડવું : ૨૬; મદાલસા આખ્યાન, કડવું : ૧૫]

**૨. કથાઘટકનું પ્રયોજન**

આપણાં કથાસાહિત્યમાં પ્રાણીકથાઓની એક અનોખી પરંપરા રહી છે. રામાયણ, મહાભારત, પુરાણકથાઓ અને જાતકકથાઓમાં પ્રાણી કથાઓનું આલેખન થયેલું જોવા મળે છે.

---

૧૦૩ અમેરિકા ખંડની લોકકથાઓ, શિવમ્ સુંદરમ્, પૃ.૪૮-૪૯

આ પ્રાણીકથાઓમાં બોલતાં પ્રાણી કે પક્ષીઓનું અનેરું સ્થાન હોય છે. આ પ્રાણીઓ અને પક્ષીઓ વિશિષ્ટ શક્તિ ધરાવતાં હોય છે. આ પ્રાણી-પક્ષીઓ ઘણીવાર મદદરૂપ થતાં હોય છે.

**૩. અન્ય કૃતિઓમાં સહાયક થતું પ્રાણી કે પક્ષીનું કથાઘટક**

૩.૧. 'સુવણ્ણહંસ જાતક'[૧૦૪] વારાણસીમાં એક બ્રાહ્મણકુળમાં જન્મે છે. તેમને ત્રણ દીકરીઓ હોય છે. આ કન્યાઓનું લગ્ન થાય એ પહેલાં જ બોધિસત્વ મૃત્યુ પામે છે. તેમના મૃત્યુ પછી તે રાજહંસ તરીકે અવતાર લે છે. રાજહંસ તરીકે જન્મેલા બોધિસત્વને ગયા જન્મનું જ્ઞાન હોય છે. આ બાજુ પિતા વિનાની ત્રણ દીકરીઓ અને તેમની માતા ગરીબાઈમાં જીવન પસાર કરે છે. જેથી રાજહંસને દયા આવતા તે પોતાની દીકરીઓ પાસે આવે છે ને પોતે તેમનાં ગયા જન્મો પિતા છે એમ કહે છે. રાજહંસથી તેમનું દુઃખ જોયું જતું નથી. જેથી રાજહંસ પોતાની દીકરીઓને કહે છે કે 'હું અવારનવાર આવીશ અને મારું સોનાનું એક પીંછુ તમને આપીશ, જેને વેચવાથી ઘણું ધન પ્રાપ્ત થશે અને તમે સુખેથી જીવજો.' આ રીતે સુવર્ણહંસ પોતાનાં પૂર્વજન્મની દીકરીઓને સહાયક થાય છે.

૩.૨. 'નંદબત્રીસી'[૧૦૫]માં 'બોલતા પોપટ'નું કથાઘટક પ્રયોજાયું છે. રાજા નંદ પ્રધાનપત્ની પર આસક્ત થાય છે. રાજા નંદ પ્રધાનને કચ્છમાંથી ઘોડા લેવા રવાના કરે છે. પ્રધાનની ગેરહાજરીમાં નંદ પ્રધાનને આવાસે આવે છે. એ સમયે પોપટ રાજાની દૃષ્ટિ પારખી જાય છે. પોપટ રાજાને કહે છે કે 'તમારા પુત્ર સમાન પ્રધાનની ગેરહાજરીમાં પુત્રવધૂની ખબર કાઢવા આવ્યા તે ઉચિત કર્યું.'

૩.૩. 'મહાભારતની કથા'[૧૦૬]માં 'મદદરૂપ થતું પ્રાણી'નું કથાઘટક પ્રયોજાયું છે. આ કથામા મદદરૂપ થતું 'પ્રાણી-પવનવેગી સાંઢણી'નું છે. દુર્યોધન પવનવેગી સાંઢણી પત્ની ભાનુમતી પાસે મોકલે છે. જેથી કરીને ભીષ્મ બ્રહ્મમૂર્હૂતમાં ભાનુમતીને અખંડસૌભાગ્યવતીનું વરદાન આપે ને

૧૦૪ બુદ્ધ-જાતક-ચિંતન : ૧, સ્વામી સચ્ચિદાનંદ, પૃ.૧૩૭
૧૦૫ શામળભટકૃત નંદબત્રીસી, સં,હસુ યાજ્ઞિક, પૃ.૧૨૦
૧૦૬ મહાભારતની લોકપરંપરાનાં કથાનકો, રાજેશ પંડ્યા, પૃ.૧૦૭

પોતાનો બચાવ થાય છે. આથી દુર્યોધન એક જ રાતમાં હસ્તિનાપુરથી ભાનુમતી બોલાવવા પવનવેગી સાંઢણી મોકલાવે છે.

૩.૪. 'રોમ સીતમાની વારતા'[૧૦૭]માં 'સહાયક થતું પ્રાણી'નું કથાઘટક મહત્ત્વનું બની રહે છે. આ કથામાં કૃતજ્ઞ પ્રાણી વાઘ હોય છે. સીતા વાઘના શરીરના કોઢ મટાડે છે ને તેને સુંદર કાયા અર્પે છે. જેથી વાઘ સીતાને મદદરૂપ થાય છે. સીતા વનમાં એકલી હોય છે. જેથી તે વાઘને પોતાને ગુરુના આશ્રમમાં મુકી આવવાનું કહે છે. વાઘ સીતાને પોતાની પીઠ પર બેસાડીને ઋષિઓની ધૂણીએ લઇ જાય છે. વનમાં એકલી સીતાને આ ઋષિઓ પોતાની ધૂણીમાં આશ્રય આપે છે.

- **સતીત્વની રક્ષામાટેનું સ્ત્રીચાતુર્યનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'મદાલસા આખ્યાન'માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. પાતાલકેતુ મદાલસાનું અપહરણ કરીને લઇ જાય છે. પાતાલકેતુ વિવાહની વાત કહે છે. જ્યારે મદાલસા તેને પોતાનાં કુટુંબને તેડી લાવવાની વાત કહે છે. ત્યારે પાતાલકેતુ પોતાના ભાઇના મૃત્યુનો બદલો લેવા ત્યાંથી નીકળી પડે છે.

[મદાલસા આખ્યાન, કડવું : ૧૩]

**૨. કથાઘટકનું પ્રયોજન**

'સતીત્વરક્ષાનું સ્ત્રીચાતુર્ય'નું કથાઘટક ઘણી કથાઓમાં પ્રાપ્ત થાય છે. કથામાં નાયિકાનું અપહરણ થતાં અથવા તો નાયિકા કોઇ મૂશ્કેલીમાં જણાતા તે સ્ત્રીચાતુર્ય આદરીને તેના શીલની રક્ષા કરતી હોય છે, નાયિકા સ્ત્રીચાતુર્ય વિવિધ પ્રકારે કરતી હોય છે. જેમકે સવા મહિનાનું વ્રત, છ મહિનાનું વ્રત, સ્નાન કરીને આવો, બ્રાહ્મણ કે કુટુંબને બોલાવો તો લગ્ન કરું વગેરે. આવી ચતુરાઇથી નાયિકા શીલની રક્ષા કરતી હોય છે. કામકથાઓમાં સ્ત્રીના અનૈતિક પુરુષસંબંધની વાત

૧૦૭ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૮૫

આલેખવામાં આવી છે, આવી સ્ત્રીઓ મળવાં આવેલા જારને ચતુરાઇ વડે પતિથી બચાવતી હોય છે. તો ક્યારેક ચતુરાઇથી મળવા પણ જતી હોય છે.

### ૩. અન્ય કૃતિઓમાં સતીત્વરક્ષાનું સ્ત્રીચાતુર્યનું કથાઘટક

૩.૧. 'કથાસરિત્સાગર'[૧૦૮] માં શ્રીદત્ત અને મૃગાંકવતીની વાર્તામાં શ્રીદત્તે ગંગાના પ્રવાહમાં એક સ્ત્રીને તણાતી જૂએ છે. જેથી તે ગંગામાં ઉતરે છે. તે સ્ત્રી પાણીમાં ઊંડે ઉતરે છે, શ્રીદત્ત તેની પાછળ ઊંડે જાય છે. ત્યાં તો મહાદેવજીનું દિવ્ય મંદિર જૂએ છે અને પાણી જેવું કંઇ લાગ્યુ નહિ. મંદિરે પૂજા કરીને પાછી જતી સ્ત્રીને જૂએ છે, જેથી તે તેની પાછળ જાય છે. તે સ્ત્રી પોતાના ઓરડામાં પ્રવેશે છે ને પલંગ પર બેસીને રડવા લાગે છે. જેથી શ્રીદત્ત પોતે કોણ છે ? એ વિશે પૂછે છે. ત્યારે એ સ્ત્રી કહે છે કે 'અમે દૈત્યપતિ બળિની હજાર પૌત્રીઓ છીએ, તેમાં મોટી વિદ્યુત્પ્રભા નામની તે હું છું.' શ્રીદત્ત વિદ્યુત્પ્રભા સાથે નગરમાં જાય છે. ત્યાં શ્રીદત્તની કામવાસના તે અસુરકન્યા ઉપર ચોંટી ને ત્યાં રહ્યો. આ વાત વિદ્યુત્પ્રભાની નજરે ચઢે છે. તેથી તે શ્રીદત્તને કહે છે કે 'આ વાવમાં ઝુડના ભયને ટાળનાર આ ખડ્ગને લઇ, સ્નાન કરી આવો.'શ્રીદત્ત વાવમાં ન્હાવા પડે છે ત્યાં જ તે જે ગંગાના કિનારેથી ઉતર્યો હતો તે જ કિનારે પાછો આવી ચઢે છે.

૩.૨. 'રોમ સીતમાની વારતા'[૧૦૯]માં પણ આ કથાઘટક પ્રયોજાયું છે. રાવણ સીતાનું અપહરણ કરીને તેને લંકામાં લઇ જાય છે. લંકામાં રાવણ સીતાને વાદળમહેલમાં રહી પોતાની રાણી બની રહેવાનું કહે છે. ત્યારે સીતા યુકિતપૂર્વક રાવણને કહે છે 'બાર દિવસ વિમાન ચાલ્યું. આખો દરિયો ઓળંગ્યો. હવે તો હું વનખંડમાં જઇ શકવાની નથી. હું તારી રાણી અને તું મારો રાજા ! પણ મારા પિતાએ પરણાવી તે દિવસથી વનખંડમાં રહી છું. રાજમહેલમાં પણ મને વાડી જ ગમે. હું તો ફૂલોની સોડમ વિના રહી શકિત જ નથી. બાગમાં લીલી પાંખોના સૂડા ઊડે; મોરિયા લવે; અને કાળી પાંખોના ભમરા ગુંજે. આવા બાગમાં જ મને તો સોહામણું લાગે. વાદળમહેલમાં તો હું પરણ્યા પછી રહી જ નથી. મને અત્યારે તો વાડી વિના ફાવે જ નહીં. માટે મને સવા મહિનો હરિયા

---

૧૦૮ કથાસરિત્સાગર, કથામુખ લંબક, તરંગ ૧૦મો, પૃ.૫૪
૧૦૯ ભીલી લોકાખ્યાન રોમ સીતમાની વારતા(ગદ્યસાર), ડો.ભગવાનદાસ પટેલ, પૃ.૯૦

બાગમાં મૂક. પછી હું જાતે જ રાજમહેલમાં આવીશ.' રાવણ તેની વાત માની લે છે. આ રીતે યુકિતપૂર્વક સીતા પોતાના શીલની રક્ષા કરે છે.

૩.૩. 'ભદ્રા-ભામિની'[૧૧૦]માં ભદ્રા અંધકારમાં એક ચોરને પતિ માનીને તેની સાથે નીકળી પડે છે. સવારે ભદ્રાને જાણ થાય છે કે આ તો કોઇ ભળતા પુરુષની સાથે આવી ચઢી છે. એ સમયે એક રાજા ચોરની સાથે ભદ્રાને જૂએ છે. જેથી રાજા ચોરને બળદ આપીને બદલામાં ભદ્રાને પોતાની સાથે લઇ જાય છે. ભદ્રા રાજાની કામુક નજરને પારખી જાય છે. જેથી તે રાજાને કહે છે કે 'મારે છ મહિનાનું વ્રત છે. એ પૂરું થતાં શિવનાં મંદિરમાં દર્શનને બહાને છટકી જાય છે.'

- **સ્વપ્નમાં ભાવિ સંકેતનું કથાઘટક :**

**૧.પ્રેમાનંદ કૃતિસંદર્ભ**

'ચંદ્રહાસ આખ્યાન'માં કુંતલનરેશને સ્વપ્નમાં આવે છે. સ્વપ્નમાં રાજાને મૃત્યુના ભાવિ સંકેતો મળે છે. 'રણયજ્ઞ'માં પણ મંદોદરીને સ્વપ્નમાં રાવણના મૃત્યુના ભાવિ સંકેતો પ્રાપ્ત થાય છે.

[ચંદ્રહાસ આખ્યાન, કડવું : ૨૫; રણયજ્ઞ, કડવું : ૮]

**૨. કથાઘટકનું પ્રયોજન.**

સ્વપ્નમાં ભવિષ્યમાં આવી પડનાર આપત્તિઓ, સ્વપ્નની રાજકુમારી કે રાજકુમાર, સ્વપ્નમાં વિવાહ, કોઇક નિર્જન જગ્યા પર ખજાનાનો ચરુ વગેરે ભાવિ સંકેતો આલેખન પામતાં હોય છે.

૧૧૦ મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, સં.હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૯૯

### ૩. અન્ય કૃતિઓમાં સ્વપ્નમાં ભાવિ સંકેતનું કથાઘટક

૩.૧. 'કથાસરિત્સાગર'[૧૧૧]માં એક પાત્ર કહે છે સ્વપ્ન ત્રણ પ્રકારનાં હોય છે. અન્યાર્થ, યથાર્થ અને અપાર્થ. જે સ્વપ્ન પોતાના હેતુને તરત ખુલ્લું કરી આપે છે તેને અન્યાર્થ કહે છે, જે સ્વપ્ન ઇશ્વરાજ્ઞા દર્શાવે છે તેને યથાર્થ કહે છે, અને જેમાં ઘણી ચિંતા થવાથી જુદા જુદા દેખાવ જોવામાં આવે છે તેને અપાર્થ(ખોટું) કહે છે.

૩.૨. 'વિક્રમચરિત્ર રાસ'[૧૧૨]માં માળવાની ઉજેણી નગરીમાં વિક્રમ રાજ્ય કરે છે. એક રાત્રિએ વિક્રમ ઊંઘતો હોય છે. ત્યારે તેને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તે ચંપાનગરીના ચંપકસેનની કુંવરી લીલાવતી સાથે લગ્ન કરે છે. એ વખતે મંત્રી રાજાને જગાડે છે. જેથી રાજાના સ્વપ્નનો ભંગ થાય છે ને તે ગુસ્સે થાય છે. રાજા મંત્રીને પોતાની સ્વપ્નસુંદરી લાવી આપવાનું કહે છે. જેથી મંત્રી છ માસમાં સ્વપ્નસુંદરી મેળવી આપવાનું રાજાને વચન આપે છે.

૩.૩. 'આઇ કાંબી'[૧૧૩] લોકકથામાં જામસાહેબને માલુમ થાય છે કે કાંબીનું મૃત્યુમાં પોતે જવાબદાર છે. તેમને ક્યાંય ચેન પડતું નથી, પોતે મહા પાપનાં ભાગીદાર બની ગયા છે. આંખમાંથી આંસુ વહ્યાં કરે છે. રાજપાટ છોડીને જંગલમાં ચાલ્યા જવાનું વિચારે છે. એ જ રાત્રે રાજાને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં કાંબી આવે છે. કાંબી રાજાને કહે છે કે 'બાપુ, જે થવાનું હતું એ થઇ ગયું. મારું એક વેણ રાખો...હું પવિત્ર હતી, તમને ઘોડો આપીને મેં અન્નદાતા તરફની ભક્તિ બતાવી હતી. હવે તમે રૈયતની માંગણીને સંતોષો...અહીં મારું સ્થાનક બનાવો.....' આ સ્વપ્નદર્શન પછી રાજા કાંબીનું સ્થાનક બનાવે છે.

૩.૪. 'સોનલ સોઢી'[૧૧૪] લોકકથામાં સોનગરાગઢના વાદળમહેલમાં ભમર ઢોલિયે સોનલ સોઢી સૂતી છે. પાછલા પહોરે સૂતેલી સોનલને સપનામાં રાજકુમાર દેખાય છે. સ્વપ્નમાં તેને યુવાની દુઃખ આપે છે. સોનલ સ્વપ્નમાંથી જાગીને બેઠી થાય છે. તે આજુબાજુ પોતાનાં સ્વામીને શોધવા લાગે છે. બીજા દિવસે સોનલ મોરંગી ઢોલિયે સૂતી હોય છે. મધ્યરાત્રિએ સ્વપ્ન આવે છે. સ્વપ્ન રાજકુમારીને કહે છે 'સોનલ તારા બાપુને કહે કે તારા લગ્નની સગાઇ માટેના લીલા નાળિયેર લઇને

---

૧૧૧ કથાસરિત્સાગર, સૂર્યપ્રભ લંબક, તરંગ ૩જો, પૃ.૪૨૫
૧૧૨ વિક્રમચરિત્ર રાસ, પૃ.૩-૪
૧૧૩ લોકવાર્તાઓ, સં.ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, પૃ. ૮૫
૧૧૪ આદિવાસીલોકાખ્યાન, સં.ભગવાનદાસ પટેલ, પૃ.૨૬૯-૨૭૦

બ્રાહ્મણ ઊગમણી-આથમણી દિશામાં જાય. ખોરીખાપેલમાં રૂપદે રણમલ રાજ કરે છે. તેના ભાઇ ભારમલ અને કાકા કૂપદે રણમલ છે. તેર લીમડીઓની છાયામાં આવેલા બાર ચોરા પર જાજમ પાથરીને ભાઇઓ સાથે રૂપદે રણમલ રાજ કરે છે. ખોરી ખાપેલમાં જઇને બ્રાહ્મણ રૂપદેને તારાં લગ્નનાં શ્રીફળ આપે.' સ્વપ્ન પૂરું થતા સોનલ જાગી જાય છે.

પ્રેમાનંદનાં આખ્યાનોની કથાસામગ્રી અત્યંત પ્રૌરાણિક અને સમૃદ્ધ છે. જેથી એમની આખ્યાનકથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો વેદો, પુરાણોથી માંડીને છેક પ્રાચીન-મધ્યકાલીન અનેક કથાઓ અને લોકકથાઓમાં એક યા બીજી રીતે આલેખાયેલાં જોવા મળે છે. આ જુદાં-જુદાં કથાઘટકોનો વિવરણાત્મક અને સમાંતર પરિચય પ્રાપ્ત કર્યો. ત્યારે એ વાત સ્પષ્ટ થાય છે કે એક જ કથાઘટકને કથાકાર કેવી જુદી-જુદી રીતે પ્રયોજે છે. જેમકે કોઇ કથામાં મૃતસંજીવન ચમત્કારિક મંત્ર વડે થતું હોય છે, તો ક્યારેક ચમત્કારિક જળ વડે, કે પછી ઇશ્વર કે કોઇ વિદ્યાધરનાં સ્પર્શ વડે થતું હોય છે. આ રીતે કથાઓનું જગત અનેક આશ્ચર્યથી ભરેલું છે. આમ, સમાન કથાઓમાં આવતા કથાઘટકોનાં તુલનાત્મક અભ્યાસથી એની વિવિધતા અને વ્યાપકતાનો પરિચય મળે છે. આ રીતે કથાકૃતિના નિર્માણમાં કથાઘટકોનો વિનિયોગ મહત્ત્વનો પૂરવાર થાય છે.

**સંદર્ભ પુસ્તકો :**


અવધી લોકમહાકાવ્ય ચનૈનીઃ કૃતિનિષ્ઠ અભ્યાસ, ડૉ.હસુ યાજ્ઞિક, એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ, ૨૦૧૫

અંબડ વિદ્યાધર રાસ, સં. બલવંતરાય ક.ઠાકોર, બુક સેલર્સ : પબ્લિશર્સ, મુંબઇ, ૧૯૫૩

આદિવાસી લોકાખ્યાન, સં.ભગવાનદાસ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૧૧

કથાસરિત્સાગર, ભાગ ૧લો, શાસ્ત્રી શ્યામજી વિ.વાલજી અને ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, ગુજરાતી પ્રિન્ટીગ પ્રેસ, મુંબઇ, ૧૯૦૯

કમળના તંતુ, હરિવલ્લભ ભાયાણી, પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ, પુનર્મુદ્રણ : ૧૯૯૪

કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત કામાવતીની વાર્તા, ડૉ.પ્રવિણ અ. શાહ, પ્ર.પોતે, ૧૯૭૬

ગુજરાત તથા કાઠીઆવાડ દેશની વારતા(ભાગ ૧ લો), હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ, ૧૯૩૫

ગુજરાત તથા કાઠીઆવાડ દેશની વારતા(ભાગ ૩ જો), હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ, ૧૯૩૭

ચંદ્ર-ચંદ્રાવતી વારતા, સં.હીરા રામનારાયણ પાઠક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૮

જાતકકથા-મંજૂષા, સં.હરિવલ્લભ ભાયાણી, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૧૯૯૩

દસ ડાંગી લોકકથાઓ, ડૉ.પ્રભુ આર. ચૌધરી, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૧૦

દાદાજીની વાતો, ઝવેરચંદ મેઘાણી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૪

ધરતીની મહેક, સં.જયમલ્લ પરમાર, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, ૧૯૯૨

નંદબત્રીસી, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૦૮

નારી તું નિરાળી(પૌરાણિક સ્ત્રીપાત્રો), ટીના દોશી, ગુડયુઝ એન્ટરપ્રાઇઝ, અમદાવાદ, ૨૦૧૨

પાંચ લોકકથાઓ, સં.શ્રી કાંતિલાલ શાહ, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ, ૧૯૮૦

પ્રાચીન કથાધન પ્રાકૃત, હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૮૮

પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ ૧, ૨, ડૉ.શિવલાલ જેસલપુરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧૯૯૮

પ્રેમાનંદને પગલે પગલે, રાજેશ પંડ્યા, મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ સમિતિ, વડોદરા, ૨૦૧૫

બુદ્ધ-જાતક-ચિંતન : ૧, સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૧૨

બૃહત્ કાવ્યદોહન, કથામૂલક : ભાગ-૩, ખંડ-૧,૨, પુનઃ સં.બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૯

ભાલણની કાવ્યકૃતિઓ, સં.બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૭

ભીલ લોકમહાકાવ્ય, રાઠોર વારતા, સં.ભગવાનદાસ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૨

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, સં.હરિવલ્લભ ભાયાણી, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, ૧૯૯૨

મધ્યકાલીન નંદબત્રીસી પરંપરા અને શામળ, ડૉ. કૌશી મ.ચાવડા, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૦૯

મહાભારતની લોકપરંપરાનાં કથાનકો, રાજેશ પંડ્યા, પ્ર.પોતે, ૨૦૦૭

માધવકૃત રૂપસુંદર-કથા, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૧૦

મેઘદૂત, સં.ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, ૧૯૬૬

મેરુસુન્દરગણિ-વિરચિત શીલોપદેશમાલા-બાલાવબોધ, સં.હરિવલ્લભ ભાયાણી અને અન્ય, લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, ૧૯૮૦

મોટીફઃ આઇરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે, પિનાકિની પંડ્યા, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૦૬

યુરોપખંડની લોકકથાઓ, શિવમ્ સુંદરમ્, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૪

રસધારની વાર્તાઓ, ઝવેરચંદ મેઘાણી, પ્રસાર, ભાવનગર, ૨૦૦૦

વિક્રમચરિત્ર રાસ, બલવંતરાય ઠાકોર, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૩

શામળકૃત રૂપાવતી, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૦૯

શિવદાસકૃત કામાવતી, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૧૩

હંસાઉલી, સં.કે.કા.શાસ્ત્રી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૪૫

હિમાચલી લોક-કથાએ, સં.સુદર્શન વશિષ્ઠ, સાહિત્ય અકાદમી, ન્યુ દિલ્લી, ૨૦૧૪